
સાહિત્યનાં નોબેલ વિજેતા હાન કાંગ | હલો : પશ્ચિમી શિષ્ટાચારનું અથથી ઇતિ | કામ : જો જો ક્યાંક 'કામ' તમામ કરી ન નાખે


રાજાજી નેશનલ પાર્ક, ઉત્તરાખંડ

૨૬ ઓક્ટોબર, ૨૦૨૪ abhiyaanmagazine.com ₹ ૩૫-૦૦

# અભિયાન



## દેશના રતન

## ખાદી જનસામાન્યની પહોંચથી દૂર










YO bykes
Rooted in Bharat Since 2006

+91 63599 09875
www.yobykes.com
sales @yobykes.com


ELECTROTHERM DI PIPES
The Preferred Pipes

+91 82380 79223
pipe@electhrotherm.com
electrothermdipipes.com

ET TMT
BUILD IT RIGHT

+91 82380 79223
salestmt@electrotherm.com
electrothermsteel.com


GAIL
GOKUL
TM
ગોકુલનો સ્વાદ
સાથે
સ્વાસ્થ્યનો
સંગાથ
સીંગતેલ
સનફ્લાવર તેલ
કપાસિયા તેલ
કચ્ચીઘાની તેલ
સોયાબીન તેલ
GAIL GOKUL
REFINED
SUNFLOWER
OIL
FILTERED
GROUNDNUT
OIL
REFINED
COTTONSEED
OIL
www.gokulagri.com
Best Sellers



# નિષ્ફળતા વધુ મોટી સફળતાનું આહ્વાન છે!

પંચામૃત

અમેરિકાના મહાન પ્રમુખ અને ગુલામોના મુક્તિદાતા અબ્રાહમ લિંકન બાવન વર્ષની ઉંમરના થયા ત્યાં સુધીનું તેમનું જીવન એક પછી એક નિષ્ફળતાઓ ભરેલું હતું. તેમના રાજકીય પક્ષે તેમને ચૂંટણીમાં - રાષ્ટ્રપતિની ચૂંટણીમાં - ટિકિટ એટલા માટે આપી હતી કે પક્ષના આ હોશિયાર સંચાલકોનો ખ્યાલ એવો હતો કે આપણો પક્ષ જીતવાનો નથી. એટલે આપણા કોઇ લાયક માણસને ઊભો રાખીને શું કરવાનું? આપણા કોઇ લાયક માણસને પરાજયનું કલંક મળે તેવું શું કામ કરવું? છતાં કોઇ નબળો તો નબળો ઉમેદવાર ખડો તો કરવો પડશે! ચાલો, અબ્રાહમ લિંકનને ઊભા રાખીએ. જીતવાની કોઇ શક્યતા નથી. હારીશું તો પણ વાંધો નથી. આવા નબળા ઉમેદવારથી હારીએ તો આબરૂ ઓછી ગઇ ગણાશે. લિંકનને તો ખાસ કંઇ ગુમાવવાપણું છે જ નહીં!

અબ્રાહમ લિંકન ચૂંટણીમાં ઊભા રહ્યા પછી પણ તેમનાં પત્ની પતિને એવું મહેણું મારતાં રહ્યાં હતાં કે તમને પરણીને હું ક્યાંયની ના રહી! તમારી સામે ઊભેલા ડગ્લાસને પરણી હોત તો ચોક્કસ વ્હાઇટ હાઉસમાં પહોંચી જવામાં શંકા ના રહેત! લિંકનના શ્વસૂર પક્ષના અન્ય સભ્યો પણ તેને ઠોઠ જમાઇરાજ ગણતા હતા. પાર્વતીના પિતાનો અભિપ્રાય ભગવાન શંકર માટે ખાસ ઊંચો નહોતો, પણ માણસ શક્તિ બતાવે, સફળતા હાંસલ કરે એટલે ચિત્ર એકદમ બદલાઇ જાય છે. એનો એ જ માણસ ઊપડ્યો-ઊપડતો નથી. સ્વામી વિવેકાનંદનું નિરીક્ષણ સાચું છે કે સંસાર શક્તિને પૂજે છે. સામર્થ્યને પૂજે છે. નિર્બળની કોઇ ઉપાસના કરતું નથી.

પણ સફળતા શું માણસના હાથની વાત છે? માણસમાં ભરપૂર શક્તિ હોય, લોહી પસીનો એક કરી પુરુષાર્થ કરવાની વૃત્તિ હોય અને તે બધું કરે છતાં તેને સફળતા કે વિજય ના મળે એવું બનતું નથી? આવું જરૂર બને છે, પણ માણસનો નિરધાર પાકો હોય અને પરમ શક્તિની કૃપા થાય તો તે ક્યાંક ને ક્યાંક વહેલો મોડો સફળતાને વરે છે. ઉપરાઉપરી પરાજયો મળવા છતાં તેણે જંગ જારી રાખવો જોઇએ. એ જો મેદાન છોડી દે તો પછી એ પોતે જ સૌથી મોટો પરાજય છે. રશિયાના મહાન વાર્તાકાર દોસ્તોવસ્કીના મિત્રો એની મશ્કરી કરતા. દોસ્તોવસ્કી સામુદ્રિક વિજ્ઞાનમાં શ્રદ્ધા રાખતા હતા. કોઇક ફ્રેનોલોજિસ્ટે તેમને કહેલું કે તમારી ખોપરી સોક્રેટિસને મળતી આવે છે! મિત્રો મજાક કરતા કે દોસ્તોવસ્કીને આ આગાહીને લીધે મનમાં રાઇ ભરાઇ ગઇ છે, એને વહેમ છે કે એ મોટો માણસ થવાનો છે. દોસ્તોવસ્કીની જિંદગી તેની અડતાલીસ વર્ષની ઉંમર સુધી દારિદ્રય, દેવું, બંધન અને તરેહતરેહની કમનસીબીઓથી ભરેલી હતી, પણ તેણે જે કંઇ સહન કર્યું તેમાંથી તેને એટલું બધું મળ્યું કે તે માલામાલ થઇ ગયો. માત્ર વાર્તાકાર તો ઠીક, એક ફિરસ્તો બની ગયો.

સૌ કોઇ જાણે છે કે મહાત્મા ગાંધીને અવલમંજલ પહોંચાડી દેવાની બધી તૈયારી કરીને અંગ્રેજો બેસી ગયા હતા. મહાત્મા માટે સુખડનાં લાકડાં પણ તેમણે ખરીદી લીધાં હતાં, પણ ગાંધીજીએ એ રીતે ખતમ થઇ જવાની ના પાડી. સ્વરાજનો અરુણોદય નિહાળ્યા પહેલાં આંખો મીંચી જવાની એમની તૈયારી નહોતી.

જીવનમાં એવું બને છે કે ઘણીવાર આપણને આસુરી બળોની જીત થતી લાગે છે. પાશવી બળોને પ્રબળ બનતાં જોઇને આપણી શ્રદ્ધા ડગવા માંડે છે, ત્યારે આપણને લાગે છે કે કુદરતને ઘેર કોઇ ન્યાય નથી અને જેની પાસે પાશવી બળ છે તે જ જીતે છે, પણ ઘણીવાર પાશવી બળોની આ જીત તેનાં છેલ્લાં પુણ્યોની આખરી ચેતવણી જ હોય છે. મહાભારતની વાત જાણીતી છે. યુધિષ્ઠિર સ્વર્ગમાં પહોંચ્યા ત્યારે યુધિષ્ઠિરે સ્વર્ગમાં દુર્યોધનને જોયો. દ્રૌપદી અને ભીમ - અર્જુન જેવાં સ્વજનો નરકમાં હતાં, યુધિષ્ઠિર તો ખળભળી ઊઠ્યા. ઇન્દ્ર ભગવાનને તેમણે ઘણુંબધું સંભળાવ્યું. આ કઇ જાતનો ન્યાય? જેણે અત્યાચારો કર્યા, અધર્મ આચર્યો અને નરી હીનતા બતાવી તે દુર્યોધન પણ સ્વર્ગમાં? આ કઇ જાતનું સ્વર્ગ? જે સ્વર્ગમાં દુર્યોધનને સ્થાન મળે એ મારે માટે સ્વર્ગ હોઇ ના શકે! મારે આવું સ્વર્ગ જોઇતું નથી. યુધિષ્ઠિરને પછી સાચી સમજ પડી અને મનનું સમાધાન થયું. દુર્યોધન તેનાં થોડાંક જ પુણ્ય માટે ઘડી વાર સ્વર્ગનો મહેમાન બન્યો હતો અને પાંડવો તેમના પુણ્યમય જીવનમાં પણ થોડાંક પાપ માટે નરકના મહેમાન બન્યા હતા. પાંડવો માટે સ્વર્ગ છેવટનું ધામ હતું - કૌરવ માટે છેવટનું ધામ નરક હતું.

ખરેખર માનવીની જિંદગીમાં નિષ્ફળતા એટલે શું? અમુક અપેક્ષિત ફળ ના મળ્યું તે. એવું ના બને કે આપણી અપેક્ષાનું ફળ નાનકડું અને નજીવું હોય જ્યારે આપણને ઇશ્વરકૃપાથી - ભાગ્યથી જે ફળ મોડેથી મળવાનું હોય તે વધુ સારું અને વધુ હિતકારક હોય? નિષ્ફળતાને વધુ મોટી સફળતાનું આહ્વાન ગણી લેવું જોઇએ.

ભૂપત વડોદરિયા


LARGER
Than LIFE
એક અદ્ભુત અનુભવ
માટે થઈ જાઓ તૈયાર.
દુનિયાભરમાં જાણીતાં
એવાં મહારાષ્ટ્રનાં
ઐતિહાસિક સ્થળોની કળા,
સંસ્કૃતિ અને ઈતિહાસને
નજીકથી અનુભવવાનો
આનંદ માણો.
DIRECTORATE
MAHARASHTRA
TOURISM
www.maharashtratourism.gov.in
ઈલોરાની ગુફાઓ
વધુ માહિતી માટે: +91 9403878864 પર 'Hi' લખીને મોકલો
બુકિંગ અને રિઝર્વેશન માટે: www.mahabooking.com
અમને ફોલો કરો: MaharashtraTourism @maha_tourism
maharashtratourismofficial diot@maharashtratourism.gov.in
stark.in

તમારા માટે, તમારી સાથે, સતત...

# અભિયાન

૨૬ ઓક્ટોબર ૨૦૨૪

વર્ષ: ૪૦ અંક: ૨૦ સળંગ અંક: ૨૦૧૧

**પથદર્શક**: સ્વ. ભૂપત વડોદરિયા

**તંત્રી : તરુણ દત્તાણી**

(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

**મુંબઈ** : લતિકા સુમન

**ભુજ** : સુચિતા બોઘાણી કનર

**ક્રિએટિવ ડાયરેક્ટર :** મૌનક ચાવડા

**રજિસ્ટર્ડ ઓફિસ :** સમભાવ હાઉસ,
ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૫૧

**ફોન :** ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭

**વાચકોના પ્રતિભાવ :**
abhiyaan@sambhaav.com

**વેબસાઈટ :**
www.abhiyaanmagazine.com

**વાર્ષિક લવાજમ :** દેશમાં રૂા. ૧૯૦૦/-
Foreign Subscription : Rs. 8500 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં ઈસ્યુ તારીખ** પ્રમાણે મોકલવામાં આવે છે.

**સર્ક્યુલેશન :**
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૭૬૯
circulation@sambhaav.com

**Marketing**
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Naresh Agri : Mo. : 93288 21210
Nitin Parmar : Mo. : 76000 44117
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિમિટેડ, ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ, ગુજરાત-૩૮૦ ૦૨૧, ખાતે છાપ્યું અને ઓફિસ નં. ૨૧૦, બીજો માળ, આઈએનએસ ટાવર વિંગ-બી, બાંન્દ્રા કુરલા કોમ્પલેક્ષ, બાન્દ્રા (ઈ.) મુંબઈ-૪૦૦ ૦૫૧. ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ


# અનુક્રમ




## ૨૨ રતન તાતા તાજ હોટેલમાં પણ પોતાના બિલનું પેમેન્ટ જાતે કરતા હતા

**તાતા ટ્રસ્ટના માનદ અધ્યક્ષ રતન નવલ તાતાએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. એક એવા શ્રેષ્ઠ ઉદ્યોગપતિની વિદાય કે જેમને માટે સમગ્ર ભારતના લોકો, સામાન્યજન દુઃખ-વેદના અનુભવે છે. સોશિયલ મીડિયામાં આમજનોની આવી પીડા વ્યક્ત થઈ રહી છે.**



**૨૮ ગાંધીજીની ખાદી જનસામાન્યની પહોંચથી દૂર**



**૩૧ રાજાજી નેશનલ પાર્ક, ઉત્તરાખંડ**



**૩૪ કામ, જો જો ક્યાંક કરી ન નાખે 'કામ' તમામ**

**૧૨ હરિયાણા : ભાજપના ચક્રવ્યૂહમાં કોંગ્રેસ ફસાઈ**

**૧૭ નોબેલ વિજેતા હાન કાંગ: અસ્તિત્વની અનુભૂતિનો નકાર**

## મૂવી-ટીવી



**૪૦ મિથુન દાની 'એ' કેટેગરીના હીરો સુધીની સફર**

### નિયમિત કોલમ

**૦૪ પંચામૃત**
**૦૮ કંકુ ચોખા**
**૧૦ રાજકાજ**
**૩૮ લાફ્ટર વાઇરસ**
**૪૨ વિઝા વિમર્શ**
**૪૩ નવલકથા**

# અદાણી મસાલા
તરફથી આપ સૌને
# દીપાવલી નાં તહેવારો અને નવા વર્ષની
હાર્દિક શુભેચ્છાઓ...

**ADANI® SPICES**

*Creators of Taste*

SINCE 1955

## Golden Threads
OF FLAVOR - **SAFFRON**








Ashapura Admedia LLP

દરેક પ્રોવિઝન/કિરાણા સ્ટોરમાં ઉપલબ્ધ. ઓનલાઇન ઉપલબ્ધ : amazon /adanispices www.adanispices.com

**ગુજરાતના વિવિધ સેન્ટર્સમાંથી ડીલરશીપ ઇન્કવાયરી આવકાર્ય છે**

98258 30645, 98251 95856 I Email : info@adanispices.com

# મહારાસ : અદ્વૈત પ્રેમનો સાક્ષાત્કાર

***મહારાસમાં શ્રીકૃષ્ણ દિવ્ય રૂપ ધારણ કરીને પ્રત્યેક ગોપી સાથે રાસ રમતા હતા. તેને કારણે ગોપીઓના આનંદ અને ઉલ્લાસનો પાર ન હતો. પ્રત્યેક ગોપીના પોતાના કૃષ્ણ હતા. શ્રીકૃષ્ણ જાણે પોતાના જ છે .***



***આસો માસો શરદ પૂનમની રાતડી***
***ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં.***

આપણા સમાજ અને સંસ્કૃતિમાં બીજ અને પૂનમના ચંદ્રનું બહુ મહત્ત્વ છે. બીજનું વ્રત કરનારી મહિલાઓ સાંજે બીજના ચંદ્રનાં દર્શન કર્યા પછી ભોજન કરે છે. પૂનમના ચંદ્રને તો આપણા કવિઓ અને સાહિત્યકારોએ ખૂબ લાડ લડાવ્યા છે. વર્ષની બાર પૂનમમાંથી જે વિશેષ મહત્ત્વ ધરાવે છે એવી પૂનમ એટલે એક પોષી પૂનમ - જે ભાઈ-બહેનના હેતનું પ્રતીક છે. ભાઈ-બહેનના પ્રેમને સાંકળતી એક પૂનમ શ્રાવણ માસની રક્ષાબંધન પર્વની. અષાઢમાં આવતી ગુરુપૂર્ણિમાની મહત્તા સાર્વત્રિક છે, પરંતુ સૌભાગ્યવતી હિન્દુ સ્ત્રીઓના જીવનમાં વટસાવિત્રીની પૂનમનું વિશેષ મહત્ત્વ છે. આ બધી પૂર્ણિમાઓમાં સર્વોચ્ચ આધ્યાત્મિક મહત્તા સાથે અનોખું સ્થાન ધરાવે છે, શરદ પૂર્ણિમા. આપણી સંસ્કૃતિએ શરદ પૂર્ણિમાનાં અઢળક ગુણગાન ગાયાં છે, એ સાચું, પરંતુ આપણી કેટલીક માન્યતાઓને આજનું વિજ્ઞાન પણ સમર્થન આપે છે. ચંદ્રની સોળ કળાઓ માનવામાં આવે છે. શરદ પૂનમનો ચંદ્ર આ તમામ સોળે કળા સાથે ઉદિત થાય છે અને એટલે તેની શીતળ ચાંદનીને અમૃતતુલ્ય ગણવામાં આવી છે. ઋતુ શરદ પિત્તનો પ્રકોપ કરનારી છે, ત્યારે શરદ પૂનમની ચાંદનીમાં એ પ્રકોપને શાંત કરવાનો ગુણ છે. એટલે તો આપણે દૂધ-પૌંઆને એ ચાંદનીમાં રાખ્યા પછી આરોગીએ છીએ. શરદની ચાંદનીનાં કિરણો સાથે જાણે અમૃત વર્ષા થાય છે. એ આપણા આરોગ્યને સુધારે છે. આપણા યોગક્ષેમનું જતન શરદની ધવલ ચાંદની કરે છે. આયુર્વેદ તેની પુષ્ટિ કરે છે. ઉત્તર ભારતમાં લોકો ખીર બનાવીને આખી રાત શરદ પૂર્ણિમાની ચાંદનીમાં રાખીને બીજા દિવસે પ્રસાદ તરીકે ગ્રહણ કરે છે. સમુદ્ર મંથન વખતે લક્ષ્મીજીનું પ્રાગટ્ય શરદ પૂનમના દિવસે થયેલું. એટલે શરદ પૂર્ણિમાએ લક્ષ્મી પૂજાનો મહિમા છે.

શરદ પૂનમના ચંદ્રની સોળ કળાનું એક સંધાન શ્રીકૃષ્ણ સાથે પણ છે. શ્રીકૃષ્ણ સોળ કળા સંપૂર્ણ હતા. પૂર્ણ પુરુષોત્તમ. એટલે તો શ્રીકૃષ્ણ એકમેવ અને અદ્વિતીય છે. શરદ પૂર્ણિમાની રાત્રીએ જ શ્રીકૃષ્ણએ વૃંદાવનમાં ગોપીઓ સંગ મહારાસ રચ્યો હતો. વૃંદાવનની એ પાવન ભૂમિના કણ-કણમાં આજે પણ જાણે એ મહારાસની ગુંજ સંભળાય છે. શ્રીકૃષ્ણના એ ભવ્ય અને દિવ્ય રાસનું ભૌતિક નહીં, આધીભૌતિક મહત્ત્વ સમજવા જેવું છે. ભગવાન શ્રીકૃષ્ણએ એ મહારાસ દ્વારા ગોપીઓને અદ્વૈત પ્રેમની અનુભૂતિ કરાવી હતી. એક પ્રકારે મહારાસ શ્રીકૃષ્ણની દિવ્ય લીલા ગણાય છે. એ મહારાસમાં શ્રીકૃષ્ણ દિવ્ય રૂપ ધારણ કરીને પ્રત્યેક ગોપી સાથે રાસ રમતા હતા. તેને કારણે ગોપીઓના આનંદ અને ઉલ્લાસનો પાર ન હતો. પ્રત્યેક ગોપીના પોતાના કૃષ્ણ હતા. ગોપીઓ જીવનભર જે ક્ષણની પ્રતીક્ષા કરતી હતી એ ક્ષણ, એ અવસર તેમને મહારાસ સમયે પ્રાપ્ત થયો. પ્રેમ અને ભક્તિ ત્યાં એકાકાર થઈ ગયાં હતાં. શ્રીકૃષ્ણ જાણે પોતાના જ છે એ ભાવ સાથે ગોપીઓ રાસમાં તલ્લીન બની હતી.

શ્રીકૃષ્ણ રસિકવલ્લભ છે. જ્યાં રસ હોય ત્યાં જ રાસ થઈ શકે. રાસ એટલે પરમ આનંદ. ઋતુઓમાં હું વસંત છું, એવું ગીતામાં કહેનાર શ્રીકૃષ્ણ શરદમાં વસંતનો વૈભવ પ્રસરાવે છે. મહારાસની ભવ્યતા અને દિવ્યતા એવી હતી કે મહાદેવ શિવશંકર પણ ગોપી સ્વરૂપ ધારણ કરીને ત્યાં પધાર્યા હતા. મહારાસમાં સામેલ થવા ગોપી સ્વરૂપ જ નહીં, ગોપી ભાવ પણ અનિવાર્ય છે. મહાભારતમાં કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને કર્તવ્યબોધ કરાવનાર શ્રીકૃષ્ણની મહારાસ લીલા સહિત શ્રીકૃષ્ણને સમજવા માટે આપણા અંતરપટ પણ વિરાટ હોવા જોઈએ. અદ્વૈત પ્રેમના આરાધક શ્રીકૃષ્ણએ સમય આવ્યે સુદર્શનચક્ર પણ ચલાવ્યું છે. આપણે માત્ર રાસને યાદ રાખ્યો, ચક્ર ચલાવવાનું ભૂલી ગયા છીએ. સામાજિક વિષમતાના સમયમાં આપણી માતા-બહેન-દીકરીઓની રક્ષા કાજે સુદર્શનચક્ર ધારણ કરવાની ક્ષમતા પણ કેળવવી પડશે. રાસમાં મસ્ત આપણા યૌવનને પડકાર છે - અબ રાસ રચાના યાદ રહા, ક્યું ચક્ર ચલાના ભૂલ ગયે...! ■



TIRUPATI
Edible Oils
NK Proteins
દરેક તહેવાર
હેલ્ધી તહેવાર
તંદુરસ્તીની ઉજવણી કરો ન્યૂટ્રિએન્ટ્સ અને
વિટામિન– એ, ડી તથા ઈના ગુણોની સાથે
TIRUPATI
Sunpride
REFINED SUNFLOWER OIL
Refined
TIRUPATI
Cottonseed Oil
REFINED COTTONSEED OIL
TIRUPATI
Groundnut Oil
Premium
Filtered
Groundnut Oil
તિરુપતિ એડિબલ ઑઈલ્સ ઑઈલના સંતુલિત વપરાશ, પોષક આહાર અને નિયમિત કસરત સહિત સ્વસ્થ જીવનશૈલીની ભલામણ કરે છે.

# મહારાષ્ટ્ર અને ઝારખંડમાં શાસક અને વિપક્ષની કસોટી




મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીઓની તારીખો જાહેર થઈ ગઈ છે. ઝારખંડમાં બે તબક્કામાં અને મહારાષ્ટ્રમાં એક તબક્કામાં મતદાન થશે. મહારાષ્ટ્ર વિધાનસભાની કુલ ૨૮૮ બેઠકો છે, એ ગણતરીએ બહુમતી માટે કોઈ પણ પક્ષ કે ગઠબંધનને ૧૪૫ બેઠકો ઓછામાં ઓછી મળવી જોઈએ. મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બર અને ઝારખંડમાં ૧૩ અને ૨૦ નવેમ્બરે મતદાન થશે. તાજેતરમાં હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ ગઈ. હરિયાણામાં કોંગ્રેસ માટે અપેક્ષા કરતાં વિપરીત પરિણામો આવતાં કોંગ્રેસ હજી એ આઘાતમાંથી બહાર આવી નથી અને હવે મહારાષ્ટ્રમાં ચૂંટણીની તૈયારીઓ કરવાનું આવ્યું છે. હરિયાણાનાં પરિણામોની મતદારો ઉપર મહારાષ્ટ્રમાં અને ઝારખંડમાં મનોવૈજ્ઞાનિક અસર થવાની શક્યતા રહે છે. ચૂંટણી પરિણામોની તાસીર જોતાં લોકસભા અને ત્યાર બાદ હરિયાણા વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો એક્ઝિટ પોલ કરતાં તદ્દન જુદાં આવ્યાં છે. તેના કારણે હવે એક્ઝિટ પોલ શંકાસ્પદ બની રહ્યા છે. રાજકીય પક્ષોને પણ એક્ઝિટ પોલના આધારે ગણતરી માંડવાનું બંધ કરવું પડે એવી સ્થિતિ છે. હરિયાણામાં કોંગ્રેસ પરિણામો માટે અતિ ઉત્સાહિત હતી. એટલું જ નહીં તો સરકાર રચવાના સપના જોતી હતી, પરંતુ જે પરિણામો આવ્યાં તે કોંગ્રેસ માટે સ્વીકારવાના મુશ્કેલ બને તેવાં હતાં.

અલબત્ત, રાજકીય પક્ષો પોતાના આકલન ઉપરાંત એક્ઝિટ પોલ ઉપર વધારે આધાર રાખતા થઈ ગયા હતા, પરંતુ હવે એવું લાગે છે કે એક્ઝિટ પોલ કરનારાઓ પણ ગણતરીમાં ક્યાંક મોટી ભૂલ કરી રહ્યા છે અથવા તેઓ રાજકીય પક્ષોના પ્રચારમાં તણાઈ જાય છે. એટલે સોશિયલ મીડિયા અને રાજકીય પક્ષો દ્વારા જે માહોલ ખડો કરવામાં આવ્યો હોય તેના આધારે એક્ઝિટ પોલના આંકડા બેસાડે છે એવું લાગ્યા વિના રહેતું નથી. એક્ઝિટ પોલની ગણતરીઓમાં સતત આવા છબરડા થતા રહેશે તો કોઈ તેના ઉપર વિશ્વાસ નહીં કરે. ચૂંટણીપંચે પણ પત્રકાર પરિષદ દરમિયાન એક્ઝિટ પોલ વિશે કેટલીક ટિપ્પણીઓ કરી હતી. પરિણામો જ્યારે પોતાની ધારણા કરતાં વિપરીત આવે છે ત્યારે વિપક્ષો ઈવીએમ ઉપર શંકા કરવા લાગે છે. આ મનોવૃત્તિ હજુ પણ બદલાઈ નથી. હરિયાણામાં કોંગ્રેસને ઈવીએમ ઉપર શંકા જાય છે ત્યારે જમ્મુ-કાશ્મીરમાં વિપક્ષોને બધું બરાબર લાગે છે. આવા બેવડાં ધોરણે વિચારવાનું તેમને માટે યોગ્ય નથી. આવી શંકાના આધારે ચૂંટણીઓ જીતી શકાશે નહીં અને પરિણામો બદલી શકાશે નહીં. બધો આધાર લોકોના મતદાન ઉપર હોય છે.

એક્ઝિટ પોલ કરનારાઓ પણ હવે એવું વિચારવા લાગ્યા છે કે મતદાન પછી તરત જ તેઓ જ્યારે મતદારને કોને મત આપ્યો એ વિશે પૂછપરછ કરે છે ત્યારે મતદારો સાચો જવાબ આપતા નથી એવું માનવાને પ્રેરાય છે અને એટલે એક્ઝિટ પોલ સંચાલિત કરનારાઓને એવું લાગે છે કે મતદાનના એક દિવસ પછી મતદારોનો સંપર્ક કરવો જોઈએ. એમ કરવાથી કદાચ વધારે વાસ્તવિક હકીકત જાણી શકાય. અલબત્ત, કોઈ આવો પ્રયોગ કરે તો પણ તેની સફળતા વિશે તો શંકા રહેવાની જ.

મહારાષ્ટ્રમાં અત્યારે બે ગઠબંધન ચિત્રમાં છે. એક ભાજપના નેતૃત્વ હેઠળ એનડીએ અને બીજું કોંગ્રેસ-શિવસેના અને એનસીપી સહિતના પક્ષોનું મહાવિકાસ અઘાડી ગઠબંધન. ઉમેદવારી પત્રો ભરાવા સુધી આ બંને ગઠબંધનો અકબંધ રહે છે કે કેમ તે જોવાનું રસપ્રદ રહેશે. લોકસભાની ચૂંટણીનાં પરિણામો ઉદ્ધવની શિવસેના માટે ખરાબ રહ્યાં હતાં. તેનું વિશ્લેષણ કરવામાં આવે તો એક વાત સ્પષ્ટ થાય છે કે ભાજપથી અલગ પડ્યા પછી કોંગ્રેસની સાથે બેસવામાં શિવસેના નુકસાન ઉઠાવી રહી છે, પરંતુ ભાજપની સાથે ફરી કઈ રીતે બેસવું તે બાબતે અહમ્‌નો મુદ્દો બન્યો છે. અન્યથા ઉદ્ધવની શિવસેના જો લાંબાગાળાનું રાજકીય હિત વિચારી શકે તો તેણે મહત્ત્વનો નિર્ણય લઈને કોંગ્રેસના ગઠબંધનથી અલગ થઈ જવું જોઈએ. તેના કેટલાક નેતાઓ આ વાત સમજતા હોવા છતાં તેમના ટોચના નેતાઓને એ વિશે સંમત કરી શકતા નથી. કોંગ્રેસ અને શરદ પવારની એનસીપી માટે પણ વિધાનસભાની આ ચૂંટણી પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે. જ્યારે ભાજપ અને શિંદેની શિવસેના માટે પણ આ ચૂંટણી જંગ સત્તા ઉપર વર્ચસ્વ ટકાવી રાખવાનો જંગ બની રહેશે. અજિત પવારની એનસીપી ભાજપ માટે બોજારૂપ બની રહી છે. એ હકીકત ધ્યાનમાં આવ્યા પછી ભાજપે અજિત પવારની ઉપેક્ષા કરવાનું શરૂ કર્યું છે.

ઝારખંડમાં કોંગ્રેસ ઝારખંડ મુક્તિ મોરચા સાથે ચૂંટણી લડશે તેવું માનીને ચાલવું પડે. ભાજપ ઝારખંડમાં કેવી વ્યૂહરચના સાથે આગળ વધે છે તે ઉમેદવારોની પસંદગી વખતે સમજી શકાશે. ભાજપ માટે ઝારખંડ પણ મહત્ત્વનું રાજ્ય છે. ■

Parul® University

### પારૂલ યુનિવર્સિટીના આંગણે 'સંવિધાન પે ચર્ચા-૨.૦' કાર્યક્રમઃ

# રાષ્ટ્રના ભાવિ વકીલો તથા ન્યાયિક અધિકારીઓના ઘડતર માટે કાનૂન-વિશેષજ્ઞો મધ્યે રસસભર ચર્ચા

## ભારતના દિગ્ગજ કાનૂની નિષ્ણાતો એક મંચ ઉપર

પારૂલ યુનિવર્સિટીના આંગણે યોજાયેલા 'સંવિધાન પે ચર્ચા-૨.૦' કાર્યક્રમમાં કાનૂનના ક્ષેત્રના ૧૫થી વધારે મહત્ત્વના રાષ્ટ્રીય કાનૂની તજજ્ઞો તથા વિશેષજ્ઞોની ઉપસ્થિતિમાં રસસભર ચર્ચા યોજાઈ હતી, જેમાં હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો, વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ, રેકોર્ડ પરના વકીલો તથા ન્યાયિક અધિકારીઓનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમનાં સંપૂર્ણ સત્રોમાં ક્લિનિકલ કૌશલ્યને લગતા વર્કશોપ અને પ્લૅટફૉર્મ પૂરાં પાડીને આશાસ્પદ વકીલોને વર્તમાન કાનૂની મુદ્દાઓ અંગેની સાર્થક ચર્ચાની તક મળી હતી. આ મુદ્દાઓમાં મહિલા-અધિકારો, મની લૉન્ડરિંગ કાનૂનની રોકથામ, પરિપત્રવાદ (સર્ક્યુલારિઝમ), આર્બિટ્રેશન તથા ADR, સમાન નાગરિક સંહિતા જેવા કાનૂની મહત્ત્વ ધરાવતા મુદ્દાઓનો સમાવેશ કરીને તજજ્ઞો સાથે ચર્ચા કરાઈ હતી. અત્યંત જીવંત એવા વાતાવરણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કાનૂની દિગ્ગજોના ઉત્કૃષ્ટ જૂથે હાજરી આપી હતી અને દરેક વ્યક્તિ ચર્ચામાં જોડાઈને લાભાન્વિત થઈ હતી.

### બંધારણના રક્ષણ માટે વિદ્યાર્થીઓની સક્રિયતા જરૂરીઃ જસ્ટિસ એમ.આર. શાહ



જસ્ટિસ એમ.આર. શાહે વિદ્યાર્થીઓને બંધારણના રક્ષણ માટે પ્રત્યેક નાગરિકની જવાબદારી વિશે તેમના વિચારો રજૂ કરીને પ્રેરણા પૂરું પાડતું વક્તવ્ય રજૂ કર્યું હતું. તેમણે કહ્યું કે, 'બંધારણ માત્ર ન્યાયાધીશો માટે જ નથી, બલકે દરેક નાગરિકે કાયદાને જાણવો જોઈએ અને તેનું પાલન કરવું જોઈએ.' જીવન એક પડઘો છે, રિફ્લેક્શન છે, જે તમે આપો છો તે જ તમને પાછું મળે છે – એમ કહીને તેમણે વિદ્યાર્થીઓને સક્રિય નાગરિકો તરીકે પોતાની ફરજોના પાલન પ્રત્યે સજાગ કર્યા હતા.

'સંવિધાન પે ચર્ચા-૨.૦' કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઉપસ્થિત તજજ્ઞો તથા મહેમાન વક્તાઓ પૈકીના નિવૃત્ત ન્યાયાધીશો જસ્ટિસ એમ.આર. શાહ, જસ્ટિસ આશુતોષ શાસ્ત્રી, જસ્ટિસ રવિ ત્રિપાઠી અને જસ્ટિસ એ.જે. દેસાઈ જેવા કાનૂની નિષ્ણાતો તેમ જ અગ્રણી વરિષ્ઠ વકીલો જેમ કે સિનિયર એડવોકેટ મીનાક્ષી અરોરા, સિદ્ધાર્થ દવે, હુઝેફા એહમદી, સત્યજિત દેસાઈએ ઉત્તમ જ્ઞાન રજૂ કર્યું હતું. આ અગ્રણી કાનૂનવિદોએ ભાગ લેનારા વિદ્યાર્થીઓને તેમની કાનૂની કુશળતાને વધારે તીવ્ર બનાવવાની સાથોસાથ કાનૂની વક્તવ્યોમાં ઊંડા ઊતરવાની અનન્ય તક પૂરી પાડીને પ્રોત્સાહન આપ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે AIUના યુવક બાબતો વિભાગનાં વિશેષ સચિવ ડૉ. મમતા અગ્રવાલે 'ભારતમાં નીતિ અને કાયદાકીય સુધારાઓને અસર કરવામાં યુવા અને સામાજિક સક્રિયતાની ભૂમિકા' વિષય પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતાં.

આ ઉપરાંત, આ રાષ્ટ્રીય કક્ષાના કાનૂનોત્સવમાં AOR પલ્લવી પ્રતાપ સહિત કેટલાક જાણીતા એડવોકેટોએ પિટિશન-ડ્રાફ્ટિંગ અને મહત્ત્વની બાબતો પર, AOR મલક ભટ્ટે કાયદાના વિશિષ્ટ ક્ષેત્રોમાં ડીકોડિંગ કારકિર્દી, AOR પ્રજ્ઞાસિંઘે એડવોકેટો માટેની આવશ્યક વ્યાવસાયિક કાર્યક્ષમતાઓ, AOR ગૌરવ ગોએલે કાયદાઓ (Statutes)નું અર્થઘટન, AOR અમિત પાઈએ આર્બિટ્રેશન અને હિમાયતની મૂળભૂત બાબતો તથા એડવોકેટ ઉદિત વ્યાસે વ્યાવસાયિક વ્યવહારો અંગે વાત કરી હતી.

## ધર્મો પ્રત્યે પરસ્પર આદર એ જ ભાઈચારો : વકીલ હુફેઝા એહમદી

વરિષ્ઠ વકીલ હુફેઝા એહમદીએ ભારતીય બંધારણમાં લખાયેલા ધર્મનિરપેક્ષતા તથા ભાઈચારાના મૂળભૂત પાસા પર વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું કે, 'તમામ ધર્મો પ્રત્યે પરસ્પર આદર એ જ ભાઈચારો છે. તે એકરૂપતા વિશે નથી. સાંપ્રદાયિકતા અને બંધુત્વના માર્ગદર્શક સિદ્ધાંતો દરિયામાં દીવાદાંડીની જેમ કાર્ય કરે છે.' આ આદર્શોને લાગુ કરવા માટે ક્રમિક ન્યાયિક પગલાંની આવશ્યકતા પર તેમણે ભાર મૂક્યો હતો. તેમનાં નિરીક્ષણો વિદ્યાર્થીઓને સમાન અને આદરપૂર્ણ સમાજના ઘડતર માટેનાં મૂલ્યોને આગળ ધપાવવા માટે મદદરૂપ નીવડ્યાં હતાં.

પોતાની ટિપ્પણીના ભાગરૂપે વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ દવેએ પ્રિવેન્શન ઓફ મની લૉન્ડરિંગ ઍક્ટ (PMLA)ની જટિલતાઓની વિગતે વાત કરી. કાયદાના ઉદ્દેશને સમજવો ખૂબ જ નિર્ણાયક છે, એમ કહીને તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, 'ગુનામાંથી પેદા થતાં નાણાંને શોધી કાઢવાં એ PMLAનો હેતુ છે.'

ઉપસ્થિત મહાનુભાવોને સ્મરણ કરાવતાં તેમણે કહ્યું કે, કાયદામાં અંતિમતા જેવું કશું હોતું નથી. વિચાર અને કલ્પના સાથે કાનૂની જોગવાઈઓનું સાયુજ્ય સ્થાપવાની તેમણે સલાહ આપી. વરિષ્ઠ ધારાશાસ્ત્રી સત્યજિત દેસાઈએ હિન્દુ કાયદાની ઉત્પત્તિ જાણવાના મહત્ત્વ પર ભાર મૂક્યો, જ્યારે તેના વિકાસ પર સમજદાર ટિપ્પણીઓ આપી હતી. તેમણે કહ્યું કે, 'કોઈ પણ કાયદાને સમજવા માટે આપણે તેના મૂળ તરફ નજર કરવી પડે.' તેમણે હિન્દુ કાયદાને અસર કરનારા નોંધપાત્ર કાયદાકીય પગલાંની રૂપરેખા આપતાં અને કાનૂની વ્યવસ્થામાં લિંગ-સમાનતાને આગળ વધારવા માટે ચાલુ ફેરફારોની હિમાયત કરી હતી.

'સંવિધાન પે ચર્ચા-૨.૦' કાર્યક્રમમાં બંધારણ અને કાયદાની ચર્ચા માટેના મંચ તરીકે અને મહત્ત્વાકાંક્ષી કાનૂની વ્યાવસાયિકો માટે પગલાં લેવા અને કાનૂની જ્ઞાનની પૂરી સમજ આપવાનો પ્રયાસ કરાયો હતો. આ કાર્યક્રમ કાનૂની જ્ઞાન માટેનો એક ભવ્ય મંચ બની રહ્યો અને અનુભવી પ્રેક્ટિશનરો તથા ક્ષેત્રના નિષ્ણાતો સાથેનાં સત્રો દ્વારા કાનૂની ક્ષમતાઓને વધારવાના તેના હેતુના કારણે તેના શીર્ષકને અનુરૂપ બની રહ્યો હતો.

# હરિયાણા : ભાજપના ચક્રવ્યૂહમાં કોંગ્રેસ ફસાઈ : વ્યૂહાત્મક રણનીતિથી વિજય




**હરિયાણા** વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસને કારમો પરાજય આપીને કોંગ્રેસના મોંમાં આવેલો કોળિયો ઝૂંટવી લીધો છે. ભાજપે કોંગ્રેસને કલ્પના પણ ના આવે એ રીતે કોંગ્રેસની નિશ્ચિત મનાતી જીત આંચકીને રાજકીય કુશળતાનો પરિચય આપ્યો છે. હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી તેની પાછળ તેની ચૂંટણીલક્ષી વ્યૂહાત્મક રણનીતિ અને માઈક્રો-મૅનેજમૅન્ટની ક્ષમતા છે. કોંગ્રેસને ભાજપની વ્યૂહાત્મક રણનીતિની ગંધ પણ ના આવી. તેના કારણે કોંગ્રેસે અતિ આત્મવિશ્વાસમાં રહીને વસમો પરાજય ઝીલવો પડ્યો.

વિધાનસભાની તમામ ૯૦ બેઠક પર અલગ-અલગ વ્યૂહરચના અપનાવીને એવો ચક્રવ્યૂહ રચ્યો કે કોંગ્રેસને ચક્રવ્યૂહમાં પોતે ફસાઈ ગઈ છે એવો ખ્યાલ પણ ન આવ્યો. કઈ બેઠક પર કોણ કોંગ્રેસને નુકસાન કરશે, કઈ જાતિનો ઉમેદવાર ભાજપના ઉમેદવારને ફાયદો કરાવશે એવું વિચારીને મોટા ભાગની બેઠકો પર વ્યૂહાત્મક નીતિ પ્રમાણે અપક્ષો ઊભા રાખ્યા હતા. ભાજપે ૧૫૦ જેટલા અપક્ષ ઉમેદવારોને કોંગ્રેસના મતોને કાપવા ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા હતા. આ ૧૫૦ અપક્ષોને ચૂંટણી લડવા માટે ફંડ પણ ભાજપે જ આપ્યું હતું અને તેઓની ચૂંટણીલક્ષી વ્યવસ્થામાં પાછળના દરવાજે ભાજપે જ મદદ કરી હતી. જેનાથી ભાજપને ભરપૂર ફાયદો પ્રાપ્ત થયો અને ઐતિહાસિક જીત પ્રાપ્ત કરી.

તદ્દુપરાંત નાના પ્રાંતીય પક્ષોનો પણ વ્યૂહાત્મક રીતે ફાયદો લીધો હતો. આ પક્ષો આડકતરી રીતે ભાજપની 'બી' ટીમ તરીકે મેદાને હતા, જેનો અંદાજ કોંગ્રેસને ન આવ્યો અને અંતે કોંગ્રેસની મતબેન્કનાં સમીકરણો ભાજપની વ્યૂહરચનાએ બગાડી નાખ્યા. માયાવતીનો બહુજન સમાજ પક્ષ, ગોપાલ કાંડાનો હરિયાણા લોકહિત પક્ષ અને અભય ચૌટાલાના ઇન્ડિયન નેશનલ લોકદળનું ગઠબંધન ભાજપની પ્રથમ 'બી' ટીમ હતી. દુષ્યંત ચૌટાલાનો જનનાયક જનતાંત્રિક પક્ષ અને ચંદ્રશેખર આઝાદના આઝાદ સમાજ પક્ષનું ગઠબંધન ભાજપની બીજી 'બી' ટીમ હતી. આમ આદમી પક્ષ પણ હરિયાણાની ચૂંટણીમાં ભાજપને ફાયદો થાય એ રીતે મેદાને પડી હતી. કોંગ્રેસે આમ આદમી પક્ષ સાથે અહંકાર અને અભિમાનમાં ગઠબંધન ન કર્યું તેનું નુકસાન અંતે કોંગ્રેસે ભોગવ્યું. સામે પક્ષે જબરદસ્ત માઈક્રો-મૅનેજમૅન્ટ કરીને ભાજપે હરિયાણામાં અકલ્પનીય જીત મેળવી.

ભાજપને ૫૫,૪૮,૮૦૦ એટલે કે કુલ મતના ૩૯.૯૪% મત પ્રાપ્ત થયા અને ૪૮ બેઠકો જીતી લીધી. ભાજપને ૨૦૧૯ની ચૂંટણી કરતાં ૩.૪૫% મત વધારે પ્રાપ્ત થયા. કોંગ્રેસને ૫૪,૩૦,૬૦૨ મત પ્રાપ્ત થયા અને ૩૭ બેઠકો પ્રાપ્ત થઈ. કોંગ્રેસને ભાજપ કરતાં માત્ર ૧,૧૮,૧૯૮ મત ઓછા પ્રાપ્ત થયા અને તેની સામે કોંગ્રેસને ભાજપ કરતાં ૧૧ બેઠકો ઓછી પ્રાપ્ત થઈ. માયાવતીના બસપાને ૨,૫૨,૬૭૧ મત (૦૧.૮૨%), અભય ચૌટાલાના ઇન્ડિયન નેશનલ લોકદળને ૫,૭૫,૧૯૨ (૦૪.૧૪ %) મત સાથે ૦૨ બેઠક, દુષ્યંત ચૌટાલાના જનનાયક જનતાંત્રિક પક્ષને ૧,૨૫,૦૨૨ (૦૦.૯૦%) મત પ્રાપ્ત થયા, તો આમ આદમી પક્ષને ૨,૪૮,૪૫૫ (૦૧.૭૯%) મત પ્રાપ્ત થયા. અપક્ષોને ૧૬,૧૭,૨૪૯ (૧૧.૬૪%) મત સાથે ૦૩ બેઠકો પ્રાપ્ત થઈ.

- અસાંધ વિધાનસભા બેઠક પર ભાજપે ૨,૩૦૬ મતથી જીત પ્રાપ્ત કરી તો તે જ બેઠક પર બસપાના ઉમેદવારને ૨૭,૩૯૬ અને અપક્ષ ઉમેદવારને ૧૬,૩૦૨ મત પ્રાપ્ત થયા છે.
- અટેલી વિધાનસભા બેઠક પર ભાજપે ૩,૦૮૫ મતથી જીત પ્રાપ્ત કરી તો તે જ બેઠક પર બસપાના ઉમેદવારને ૫૪,૬૫૨ મત પ્રાપ્ત થયા છે.
- બધારા વિધાનસભા બેઠક પર ભાજપે ૭,૫૮૫ મતથી જીત પ્રાપ્ત કરી તો તે જ બેઠક પર અપક્ષ ઉમેદવારે ૨૬,૭૩૦ મત પ્રાપ્ત કર્યા છે.

| પક્ષો | ૨૦૦૯ | | ૨૦૧૪ | | ૨૦૧૯ | | ૨૦૨૪ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | બેઠકો જીતી | મત % માં | બેઠકો જીતી | મત % માં | બેઠકો જીતી | મત % માં | બેઠકો જીતી | મત % માં |
| ભાજપ | ૦૪ | ૦૯.૦૪ | ૪૭ | ૩૩.૨૦ | ૪૦ | ૩૬.૪૯ | ૪૮ | ૩૯.૯૪ |
| કોંગ્રેસ | ૪૦ | ૩૫.૦૮ | ૧૫ | ૨૦.૫૮ | ૩૧ | ૨૮.૦૮ | ૩૭ | ૩૯.૦૯ |
| બસપા | ૦૧ | ૦૬.૭૩ | ૦૧ | ૦૪.૩૭ | ૦૦ | ૦૪.૧૪ | ૦૦ | ૦૧.૮૨ |
| આઈએનએલડી | ૩૧ | ૨૫.૭૯ | ૧૯ | ૨૪.૧૧ | ૦૧ | ૦૨.૪૪ | ૦૨ | ૦૪.૧૪ |
| જનનાયક જનતાંત્રિક પક્ષ | - | - | - | - | ૧૦ | ૧૪.૮૪ | ૦૦ | ૦૦.૯૦ |
| આમ આદમી પક્ષ | - | - | - | - | ૦૦ | ૦૦.૪૮ | ૦૦ | ૦૧.૭૯ |
| અપક્ષો | ૦૭ | ૧૩.૧૬ | ૦૫ | ૧૦.૬૦ | ૦૭ | ૦૯.૭૧ | ૦૩ | ૧૧.૬૪ |

- બાડલી વિધાનસભા બેઠક પર ભાજપે ૧૬,૮૨૦ મતથી જીત પ્રાપ્ત કરી તો તે જ બેઠક પર અપક્ષ ઉમેદવારને ૧૦,૮૨૦ અને આપ, જનનાયક જનતાંત્રિક પક્ષ અને ઇન્ડિયન નેશનલ લોકદળને કુલ ૮,૭૩૫ મત પ્રાપ્ત થયા છે.
- બલ્લભગઢ વિધાનસભા બેઠક પર ભાજપે ૧૭,૭૩૦ મતથી જીત પ્રાપ્ત કરી તો તે જ બેઠક પર અપક્ષ ઉમેદવારને અનુક્રમે ૪૪,૦૭૬ અને ૨૩,૦૭૭ મત પ્રાપ્ત થયા છે.
- ભિવાની વિધાનસભા બેઠક પર ભાજપે ૩૨,૭૧૪ મતથી જીત પ્રાપ્ત કરી તો તે જ બેઠક પર બે અપક્ષ ઉમેદવારને ૧૫, ૮૧૦ અને ૩,૬૬૦ અને આપના ઉમેદવારને ૧૭,૫૭૩ મત પ્રાપ્ત થયા છે.
- બરવાલા વિધાનસભા બેઠક પર ભાજપે ૨૬,૯૪૨ મતથી જીત પ્રાપ્ત કરી તો તે જ બેઠક પર અભય ચૌટાલાના ઇન્ડિયન નેશનલ લોકદળના ઉમેદવારને ૨૯,૦૫૫ અને આપના ઉમેદવારને ૨,૫૪૩ મત પ્રાપ્ત થયા છે.
- દાદરી વિધાનસભા બેઠક પર ભાજપે ૧,૯૫૭ મતથી જીત પ્રાપ્ત કરી તો તે જ બેઠક પર બે અપક્ષ ઉમેદવારે ૩,૭૧૩ અને ૩,૩૬૯ મત પ્રાપ્ત કર્યા છે.
- ફરીદાબાદ (એનઆઈટી) વિધાનસભા બેઠક પર ભાજપે ૩૩,૨૧૭ મતથી જીત પ્રાપ્ત કરી તો તે જ બેઠક પર અભય ચૌટાલાના ઇન્ડિયન નેશનલ લોકદળના ઉમેદવારને ૨૯,૫૪૯ અને દુષ્યંત ચૌટાલાના જનનાયક જનતાંત્રિક પક્ષને ૮,૭૭૪ મત પ્રાપ્ત થયા છે.
- ગોહાના વિધાનસભા બેઠક પર ભાજપે ૧૦,૪૨૯ મતથી જીત પ્રાપ્ત કરી. તે જ બેઠક પર બે અપક્ષ ઉમેદવારે અનુક્રમે ૧૪,૭૬૧ અને ૮,૮૨૪ મત પ્રાપ્ત કર્યા છે. આવું બીજી અનેક બેઠકો પર થયું છે.

ભાજપે જીતેલી ૨૫ બેઠકોનું વિશ્લેષણ જોતાં એકદમ સ્પષ્ટ થઈ જાય છે કે કોંગ્રેસ કેવી રીતે ચક્રવ્યૂહમાં ફસાઈ ગઈ. ભાજપે જીતેલી કુલ ૪૮ બેઠકોમાંથી ૨૫ બેઠકો એવી છે કે જે ભાજપ અપક્ષો તથા પોતાની બી ટીમ જેવા પક્ષોની મદદથી જીતી છે. ભાજપની કુશળ વ્યૂહરચનાથી કોંગ્રેસે જીતેલી બાજી ગુમાવી અને સાથે-સાથે ઇન્ડી ગઠબંધનમાં પ્રતિષ્ઠા પણ ખરડાઈ ગઈ. 'પહેલવાન-જવાન-કિસાન-સંવિધાન'નો કોંગ્રેસનો નારો હતો. તેમાંથી ભાજપે જે ખાસ વ્યૂહરચના કરીને જે રીતે મતોની કિલ્લેબંધી કરી તે કાબિલેદાદ અને ઐતિહાસિક ઘટના છે. આરએસએસ દ્વારા સમર્થન પ્રાપ્ત થવાથી ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોને મતદાન મથક સુધી લઈ જવામાં સરળતા રહી, તેને કારણે ૨૮ ગ્રામીણ બેઠકો ભાજપને પ્રાપ્ત થઈ.

**કુ. શૈલજાને સાથે ન લેવાના કારણે ભાજપે 'પહેલવાનની બેટી વિરુદ્ધ દલિતની બેટીનું અપમાન' – મુદ્દે કુલ મતોના ૨૦% દલિત મતોમાંથી મોટા ભાગના મતો પોતાના પડખામાં કરી લીધા**

કોંગ્રેસને એની પોતાની જૂથબંધી તો નડી જ છે, પરંતુ જાટ વિરુદ્ધ બિન-જાટની બિરાદરી વચ્ચેના યુદ્ધમાં કોંગ્રેસ ફસાઈ ગઈ હતી. કુ. શૈલજાને સાથે ન લેવાના કારણે ભાજપે 'પહેલવાનની બેટી વિરુદ્ધ દલિતની બેટીનું અપમાન' – આ રીતે મુદ્દો ઉઠાવીને કુલ મતોના ૨૦% દલિત મતોમાંથી મોટા ભાગના દલિત મતોને પોતાના પડખામાં કરી લીધા. દલિત મતોનું ભાજપ, માયાવતીના બસપા અને ચંદ્રશેખર આઝાદના આઝાદ સમાજ પક્ષ વચ્ચે અસરકારક રીતે વિભાજન કરીને દલિત મતો ભાજપે અંકે કરી લીધા.

હરિયાણામાં ૪૪% મતદારો ઓબીસી છે. ચૂંટણીના એક વર્ષ પહેલાં નાયબસિંગ સૈનીને મુખ્યપ્રધાન બનાવીને ઓબીસી મતો પર ભાજપે દબદબો બનાવી લીધો. ૨૫ બેઠકો પર નવા ઉમેદવારો ઉતારીને ઍન્ટિ-ઇન્કમ્બન્સીને કન્ટ્રોલમાં કરી લીધી.

તેની સામે કોંગ્રેસ જૂથબંધીથી ખદબદતી રહી. ભૂપેન્દ્રસિંહ હુડ્ડાને કમાન સોંપવાના કારણે કોંગ્રેસને ન ધારેલું નુકસાન થયું છે. હરિયાણામાં અત્યંત નિર્ણાયક એવી બે મતબેંક જાટ અને દલિત મતદારોની છે. આ પૈકી જાટ મતો ભૂપેન્દ્રસિંહ હુડ્ડાના કારણે કોંગ્રેસ સાથે રહેશે, જ્યારે કુમારી શૈલજાના કારણે દલિત મતદારો કોંગ્રેસ સાથે રહેશે એવી ગણતરી હતી. આ સંજોગોમાં કોંગ્રેસે ભૂપેન્દ્રસિંહ હુડ્ડાની સાથે-સાથે કુમારી શૈલજાને પણ સાચવવાની જરૂર હતી. તેના બદલે શૈલજાને સાવ કોરાણે મૂકી દેવાયાં હતાં. બીજા જાટ નેતા રણદીપસિંહ સૂરજેવાલાને પણ બાજુ પર મૂકી દેવાયા હતા. જાટ પર વધારે પડતો ભરોસો રાખીને વધારે પડતા આત્મવિશ્વાસમાં કોંગ્રેસ રહી ગઈ અને ભાજપ વ્યૂહરચનાથી હરિયાણા સર કરી ગયું. ■

# હલો : પશ્ચિમી શિષ્ટાચારનું અથથી ઇતિ




- **હલો શબ્દ બહુ પ્રાચીન નથી, ૧૭૮૧માં તેનો પ્રયોગ થયેલો.**
- **૧૮૮૦માં ટેલિફોન ટૅક્નોલૉજીના ઉપયોગ સાથે 'હેલો' શબ્દ ઓફિશિયલ થવા માંડ્યો.**
- **ટેલિફોનના શોધક એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલે Ahoy અભિવાદન સૂચવેલું, જેનો સ્વીકાર થયો ન હતો.**
- **હલો શબ્દ ગુડ વર્ડ વિધાઉટ ડાયરેક્ટ મિનિંગ છે.**
- **'હાઉડી' શબ્દ પણ અર્થ વગરનો લાગે, પરંતુ 'હાઉ ડુ યુ ડુ' તેમાં આવી જાય.**

**શુભેચ્છા** અભિવ્યક્ત કરતાં શબ્દ માનવ જીવનમાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. વ્યક્તિ ભણેલો ના હોય અને ગ્રીટિંગની આપ-લે માટેનો શબ્દ જાણતો હોય તો કૉમ્યુનિકેશનની શરૂઆત થઈ શકે. સ્પેનિશમાં હોલા, ફ્રેન્ચમાં બોનજૂ, ઇટાલિયનમાં ચાઓ, ચાઇનીઝમાં નિહાઉ, ટર્કીશમાં મરહબા બોલતા સાંભળતા આવડે તો સ્માઇલ સાથે કનેક્શન બની શકે. કોઈ યુરોપિયન આપણને 'કેમ છો?' કહે તો આપણને ગમે. ભારતમાં નમસ્તે, વંદન, પ્રણામથી માંડી સલામ અને રામ રામ અને સત શ્રી અકાલ અને બીજાં કેટલાંય અભિવાદનકારક શબ્દ ચાલે છે. આખા વિશ્વની વાસ્તવિકતા જોઈએ તો મહત્તમ લોકો હલ્લો કે હલો કે હેલો બોલે છે. અંગ્રેજીમાં સાચો સ્પેલિંગ છે Hello, ક્યાંક Hallo વપરાય છે. પૃથ્વી પર માણસોને એકબીજાની નજીક લાવવામાં હેલોએ ઘણું કામ કર્યું છે. ફૉર્માલિટી લાગતાં આ વિદેશી તેમ જ પશ્ચિમી શિષ્ટાચારની અસર દરેક મિનિટે ભૂલોક પર પડતી હશે. ક્વૉન્ટમ ફિઝિક્સના નિયમ અનુસાર આપણા બ્રહ્માંડ સાથે બધાં બ્રહ્માંડમાં અડીઘડી હલો વર્ડ તરંગ સર્જે છે. થોડા સમયમાં આપણે એકબીજાને નૂતન વર્ષાભિનંદન કહીશું, તેવામાં આખું વર્ષ એકબીજાને જે હલ્લો કહેવાય છે તેના વિષે થોડું વિચારીએ.

કેટલાંય હિન્દી ગીતમાં હલો શબ્દ ઉપયોગમાં લેવાયો છે, દા.ત. ૧૯૬૨ની 'બોમ્બે કા ચોર'ના ગીત 'હલ્લો હલ્લો જી, કહો ક્યા જી'માં કિશોર કુમાર અભિનય સાથે મોજ કરાવે છે. ૧૯૮૪માં લાયોનલ રિચિના 'હલો' સોન્ગે ખૂબ ધૂમ મચાવેલી. હેલો શબ્દ સાથે કેટલાંય ટાઇટલ બન્યાં, કંપની બની. પ્રથમ નજરમાં જે શબ્દ ફક્ત એક સામાન્ય સંસારી ગ્રીટિંગ લાગે છે તે નાનકડો શબ્દ આધુનિક જગતમાં દેશ અને સંસ્કૃતિની સરહદ ઓળંગનારો અતિલોકપ્રિય શબ્દ છે. માણસનું જીવન બદલનાર શબ્દ હલો ફક્ત અભિવ્યક્તિ ન હતી, આ શબ્દ સ્ટાઇલ કે સ્ટેટમૅન્ટ તરીકે ખૂબ વપરાયો છે. ચેષ્ટા, ઇશારો, સંકેત સિવાય પ્રતીક તેમ જ ઉદ્દીપક કે ઉત્પ્રેરક તરીકે સમાજમાં દીર્ઘ જીવન જીવેલો આ શબ્દ હ્યુમને પોતાની હાજરીની જાહેરાત કરવા સાથે બીજાની ઉપસ્થિતિની નોંધ લેવા ટૂલ તરીકે વાપર્યો છે. હલો શબ્દમાં ઇન્સાન એવું કશું કહેતો નથી કે તે કોણ છે, શું કરે છે, શું સ્થિતિમાં છે. એક શબ્દ કરતાં હલોમાં ઘણું વધારે વજન હોવા છતાં, નમસ્કાર જેવા એક્સપ્રેશનમાં જેમ ચોક્કસ અર્થ રહેલો હોય છે તેમ હલો શબ્દમાં કોઈ અર્થ છુપાયેલો નથી.

હા, હલો કેવી રીતે બોલવામાં આવે છે તેના પર ઘણો આધાર રાખી શકે.

હલો શબ્દ પ્રાચીન નથી. Hallo શબ્દ માણસોના સમૂહનું ધ્યાન ખેંચવા વપરાતો હતો, એ 'એ' સાથેના હલોનો જૂનામાં જૂનો યુઝ ૧૭૮૧માં થયેલો. તેની પહેલાં Hollo, Holla જેવા સ્થાનિક શબ્દ હતા. Halow શબ્દ નાવિકોનો નાદ હતો. Halloo અને Halouen શબ્દ ક્રિયાપદ તરીકે વપરાતા, બૂમ તરફ જવા માટેની કે કોઈ કશાની પાછળ જતાં બૂમ મારવાની ક્રિયા માટે. જૂની અંગ્રેજીમાં 'ee la' શબ્દ બોલી કે એવો અવાજ કરી કોઈનું ધ્યાન ખેંચવામાં આવતું. Harau એવો નિઃશ્વાસથી ભરેલો ધ્વનિ હતો, જેમાં ટેન્શન કે વરી પ્રગટ કરવાની હોય, એ ફ્રેન્ચ મૂળનો સ્વર હતો. ૧૮૪૮માં Hello સામાન્ય વાતચીતમાં બોલાવાનું શરૂ થયું, અમેરિકાના પશ્ચિમ ભાગમાં. ત્યારે કોઈ વસતિને મળવા તરફ કોઈ આગળ વધતું ત્યારે 'હલો, ધ હાઉસ' ગ્રીટિંગ તરીકે વાપરવાનું શરૂ થયેલું. ૧૯૨૦માં ફાઉલર નામના બ્રિટિશરે નોંધ્યું હતું કે, હલો કહેવાના ઘણાં વેરિએશન વપરાય છે, જેમ કે- Halloo, Hallo, Halloa, Halloo, Hello, Hillo, Hilloa, Holla, Holler, Hollo, Holloa, Hollow, Hullo, વગેરે.

આપણે ત્યાં જેમ 'ઓય' કે 'હે' મોટા અવાજમાં બોલી કોઈ એક વ્યક્તિ કે ભીડનું ધ્યાન ખેંચવામાં આવે છે, તેમ પશ્ચિમમાં 'હો' કે સાન્તાક્લોઝની જેમ 'હો હો હો' બોલાતું કે 'હેય'. હલો પ્રચલનમાં આવ્યા પહેલાં ગુડ ડે, ગ્રીટિંગ્સ, હેલ જેવા અભિવાદન વપરાતાં હતાં. હલો અભિવાદન શરૂઆતનાં વર્ષોમાં અમેરિકન ગણાતો તેમ જ અમેરિકનિઝમ પ્રમોટ કરતો ગણાતો. બ્રિટનમાં Hullo બોલાતું થયેલું. આપણે ત્યાં ઘણાં અલો, અલ્લો કે યલો બોલતા હોય તે રીતે હલો બોલે. બંગાળી જનરલી હાલો બોલે, આપણને થાય કે કાઠિયાવાડી છે અને ચાલો કહી આમંત્રણ આપે છે. ૧૮૮૦ના અંતરાલમાં ટેલિફોન નામક ટેક્નોલૉજીના ઉપયોગ થવા સાથે 'Hello' શબ્દ ઑફિશિયલ થવા માંડેલો. ટેલિફોનના શોધક એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલે 'Ahoy' અભિવાદન સૂચવેલું, જેનો સ્વીકાર થયો ન હતો. ૧૮૮૯થી ટેલિફોન એક્સ્ચેન્જમાં કામ કરતી નારીઓને 'હલો ગર્લ્સ' તરીકે ઓળખવામાં આવતી. બ્રિટિશ ઇંગ્લિશ બોલનારાને સૂચના આપવામાં આવતી હતી



કે, તમે ફક્ત હલો ના બોલો, તમે કોણ છો એ પણ કહો.

વર્ષોથી યુવા વર્ગમાં 'હાઈ' કે 'હાય' બોલવાનો રિવાજ છે. ડિજિટલ એજમાં 'હેય' બોલાય છે. ક્યાંક 'હાઉડી', 'હાય-યા' અને 'વ્હૉટ્સ અપ?' પણ બોલાય છે. હાઉડી મોદી ઘણાને યાદ હશે. બાકી ફાસ્ટ ફૂડિયા માનસ મોટા થયા એ પહેલાં શાંતિ, સંભાળ અને સ્પષ્ટતાના સમયમાં 'હલો, હાઉ આર યુ?' એમ પ્રાથમિક સંવાદ રહેતો હતો. ખાસ બદલાવ આવવાનું કારણ ડિજિટલ મેસેજિંગ કે કોમેન્ટિંગ છે. કેમ છો, મજામાં જેવી ફૉર્માલિટીના સ્થાને કામની વાત પર ફોકસ આવવા માંડ્યું. એપલ જેવી કંપનીઓએ નવો મોબાઇલ ઓન કરો તો નાના અને ઇટાલિક એચ સાથે હલો કહેશે, પણ પછી સિરીમાં એમણે 'હેય' પર મહોર મારી દીધી. જોકે હાઈ અને હે કરવામાં હલો જેવી ગંભીરતા, સ્થિરતા નથી જણાતી. Hey કે Hi જેવા શબ્દના ઉચ્ચારમાં

**ગુજરાતીમાં 'જય શ્રીકૃષ્ણ' કે 'જેસી ક્રસ્ન' ઘણું વપરાય છે. 'નમસ્તે લંડન' ફિલ્મ આવી, પણ ગુજરાતીમાં નમસ્તે, નમસ્કાર, વંદન, પ્રણામ જેવા શબ્દ અભિવાદન તરીકે લઈ કેટલાં કાવ્ય, ગીત બન્યાં?**

જે કામ ચાલતું હોય તે ફટાફટ પતાવી નેક્સ્ટ પર કૅમેરા મંડરાયેલો રહે છે. બેશક, દોસ્તાર કે પ્રેમી મળે ત્યારે જે બોલાય તેનો ભાવ અને અર્થ સ્પેશિયલ કૅટેગરીમાં આવે. ટૅક્નોલૉજી હલો લાવ્યું, હવે હે અને પછી શું લાવશે એ પ્રશ્નમાં અત્યારે પડવાનો કોઈ ફાયદો નથી. વારુ, આજે સોશિયલ મીડિયા અને એઆઈ જે ઇન્ટરનેટ પર જન્મ્યા અને મોટા થયા તેના મૂળમાં જે કોમ્પ્યુટરની પ્રોગ્રામિંગ લેન્ગ્વેજ 'સી' હતી, તેનો પહેલો પ્રોગ્રામ હતો સ્ક્રીન પર 'હલો, વર્લ્ડ' પ્રગટ કરવાનો.

એ સિમ્પલ હલો કેન લીડ ટુ મિલિયન સ્પેશિયલ થિંગ્સ એવું અંગ્રેજીમાં કહેવાય છે. બાત મેં દમ હૈ. કહે છે કે કોઈ પણ કામ, સ્થળ કે વ્યક્તિને ગુડ બાય કહેવા કરતાં નવા કામ, સ્થળ અને વ્યક્તિને હલો કહેવાનો અભિગમ રાખો. રાઈટો. લેટ ગો કરતાં આવડે તો ટાઇમ તમને હલો કહેશે. હાયથી બાય સુધીમાં લવનાં બીજ પણ ના વવાય, જ્યારે હલોથી હલો સુધીમાં પ્રેમનું પ્રસરણ થઈ શકે છે. એગ્રી. કોઈને હલો કહો તે માટે બેચાર કેલરી અને બેચાર સેકન્ડ બળે, પણ જેને હલો કહો તેના મનમાં કે જીવનમાં એક નાની જ્યોત પ્રગટ થઈ શકે છે. યસ. રોબર્ટ પેટીન્સન કહે છે કે, ક્યારેક હું હલો કહું છું તો મને ભીતરમાં અનુભૂતિ થાય છે - વાહ, હું મસ્ત છું. ઍક્ટર જેમ્સ ફ્રેન્કો કહે છે કે સેલ્ફી એ કોઈની આંખમાં આંખ નાખી 'હલો, ધિસ ઇઝ મી' કહેવાની નવી રીત છે.


જે અમેરિકામાં વ્હો વ્હોઆ વ્હોઅ એટલે કે Whoa અભિવ્યક્તિ છે, ત્યાં હલો Hello સ્પેલિંગ સાથે પ્રથમ વાર ૧૮ ઑક્ટોબર, ૧૮૨૬ના રોજ કનેક્ટિકટના નોર્વિચ કુરિયર ઑફ નોર્વિચના પબ્લિકેશનમાં છપાયેલો. ૧૮૩૩માં 'The Sketches and

# ચર્નિંગ ઘાટ

Eccentricities of Col. David Crockett, of West Tennessee' પુસ્તકમાં છપાયેલો. ૧૮૬૦માં અંગ્રેજી સાહિત્યમાં હલો શબ્દ છૂટથી વપરાતો હતો. આપણે ત્યાં 'નમસ્તે' કે તેના પેરેલલ અભિવાદન ગુજરાતી સાહિત્યમાં ઉપયોગમાં લેવાય છે? પહેલાંના લેખક સંવાદ લેખનમાં એવા અભિવાદન કામમાં લેતા હતા? ગુજરાતીમાં 'જય શ્રીકૃષ્ણ' કે 'જેસી ક્રસ્ન' ઘણું વપરાય છે. 'નમસ્તે લંડન' ફિલ્મ આવી, પણ ગુજરાતીમાં નમસ્તે, નમસ્કાર, નમન, વંદન, પ્રણામ જેવા શબ્દ અભિવાદન તરીકે લઈ કેટલાં કાવ્ય, ગીત બન્યાં? ઈન્ટરનેટ પર સર્ચ કરો તો અંગ્રેજીમાં હલો શબ્દને વિવિધ અને સરસ રીતે કામમાં લઈ કેટલાંય ગીત બન્યાં છે. હલો શબ્દ પકડી કેટલાય બિઝનેસ બન્યા છે, ઘણી પ્રોડક્ટ અને ઍપ બની છે.

હલોના જન્મ પહેલાં ગુડ મૉર્નિંગ, ગુડ આફ્ટરનૂન, ગુડનાઈટ એવું બધું ચાલતું જ હતું. હલો શબ્દ લોકપ્રિય બનવા પાછળ લોકો થોમસ એડિસનને ક્રેડિટ આપે છે. જોકે કહેવાય છે કે ત્યારે તેમણે મોટે ભાગે Hullo શબ્દ ચલાવેલો. તે પણ ૧૮૫૦માં ચાર્લ્સ ડિકન્સે પાછળ આશ્ચર્યચિહ્ન જોડે વાપરેલો તેમ. ઘણા કહે છે, એડિસને જ્યારે અવાજનું રેકોર્ડિંગ કરતો ફોનોગ્રાફ શોધેલો ત્યારે ૧૮૭૭માં પ્રથમ વાર રેકોર્ડ કરવા 'Halloo' અવાજ એમના મોઢામાંથી કાઢેલો. બેલે ટેલિફોનની શોધ કરી પોતે 'અહોય આહોય' કરી ફોન કરતાં. ૧૮૭૭ની પંદરમી ઑગસ્ટે એડિસને 'Hello!' અભિવાદન સજેસ્ટ કરેલું, પિટસબર્ગની સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ એન્ડ પ્રિન્ટિંગ ટેલિગ્રાફ કંપનીને લેટર લખી. અહોય અભિવાદન ફોનના સંબંધમાં ક્યારેય ક્યાંય વપરાયું હોય તેવું નોંધાયું નથી, બાકી યુરોપમાં લાંબા સમય સુધી વિવિધ ક્ષેત્ર, ભાષા અને સમયમાં હોય કે ઓહોય એમ વિવિધ રીતે એ અભિવાદન વપરાતું હતું.

ગ્રીટિંગ્સ આપવા લેવા એ મનુષ્ય સામાજિક બન્યો તે પહેલાંથી ચાલતું હશે. શબ્દ લાંબા ટૂંકા થતાં રહ્યા, પણ ક્યાંક ભાવના કે અર્થ સચવાયેલા રહેતા. હલો શબ્દ એ રીતે ગુડ વર્ડ વિધાઉટ ડાયરેક્ટ મિનિંગ છે. છરો ગળે લગાડી કોઈ હલો કહી શકે છે. એમ તો હાઉડી શબ્દ પણ મીનિંગલેસ લાગે, પરંતુ મૂળે હાઉ ડુ યુ ડુનું હાઉ ડુ યુ એમાં આવી જતું હતું. બાય ધ વે હાઉડી હાઉડુ લોકો જે કહે તે, ૧૮૨૦માં પણ વપરાયેલાનું નોંધાયું છે. હલોનું ટૂંકું કરી 'હલ' કેમ ના થયું? લોકોને ખબર. ૧૯૦૦ આસપાસ



વૉટ્સઍપનું વોસ્સપ થઈ ગયેલું. વિલિયમ શેક્સપિયરે લખેલું કે, If I fly, Marcius, Halloo me like a hare. Halloo અર્થાત્ સસલાનો શિકાર કરવા માટે તેનું ધ્યાન ખેંચવા જેમ સાદ પોકારવામાં આવે છે તેમ ચિઅર કરવું. શું ૨૦૨૪માં ફક્ત જેન ઝિ જ જીવે છે? નવી જનરેશન અર્થતંત્ર, સમાજ અને દેશ સંભાળે છે? ના. હજુ એ જમાનો ચાલે જ છે જેમાં હલો ક્યારે, કેવી રીતે બોલાય છે તેના પર આગળની વાત ચાલે. પત્રકાર ઈન્ટરવ્યૂમાં વિશેષ રીતે હલો બોલી મજબૂત કનેક્શન બનાવી શકે છે. સ્ટેન્ડ અપ કોમેડિયન હોય કે નેતા, માઈકમાં ગમે તેમ હલો હલો કરે તો માઈક કે સાઉન્ડ ટેસ્ટિંગ કરે છે એવું લાગે. ભારતનો એક સિનિયર સિટીઝન કોર્ટમાં જઈ હાય કહે તો કેવું લાગે?

ઍડવર્ટાઈઝમૅન્ટમાં હલો સક્ષમ રીતે વર્ક કરે. વિચારો કે બુરખાધારી મહિલા ચહેરા ઉપરથી પડદો હટાવી હલો બોલી વાત કરવાની

> **ભારતમાં અજાણ્યા વ્યક્તિની ભાષા કઈ છે એ ખબર ના હોય, જો ખબર હોય, પણ આપણને એ ભાષા આવડતી ના હોય ત્યારે શરૂઆત કરવા હલો શબ્દ સારો છે, હાથવગો છે**

શરૂ કરે તો કેવી અસર પડે. અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં સ્ટુડન્ટ સામે સાધુ હાથ વેવ કરતાં માઈકમાં હલો બોલે તો કેવી કેવી અસર પડે. હલો શબ્દ અમેરિકન કલ્ચરનો યુરોપિયન ટ્રેડિશન પરનો એક ઍટેક હતો, હતો ત્યારે અને હજુ હલો શબ્દ કરોડો ભારતીય માટે વિદેશી કે પશ્ચિમી જ છે તેની ના નથી. તથાપિ તેનો અર્થ એ નથી કે હલો શબ્દનો ઉપયોગ કરવાથી ભારતને નુકસાન જ છે. લાખો ટ્રક પાછળ કેટલાય દાયકાથી હોર્ન, ઓકે, ટાટા અંગ્રેજીમાં જ લખાયું હતું, તેનાથી શું ગેરલાભ થયો? મનોરંજનના પડદા પર તેજતર્રાર યુવાન વ્યક્તિત્વ સાથેની હીરોઈન ઘણી વાર 'એ હેલોઓ' બોલી અને લોકોનાં દિલ જીતી ચૂકી છે. નમસ્તે કે અન્ય ભારતીય શિષ્ટાચાર સૂચક સુકામનામય શબ્દ સાથે હલો સરખાવી શકાય એમ છે જ નહીં.

ભારતમાં અજાણ્યા વ્યક્તિની ભાષા કઈ છે એ ખબર ના હોય, જો ખબર હોય, પણ આપણને એ ભાષા આવડતી ના હોય ત્યારે શરૂઆત કરવા હલો શબ્દ સારો છે, હાથવગો છે. એક ભારતીય હલો બોલે ત્યારે તે વિદેશી કે પશ્ચિમી સંસ્કૃતિથી પ્રભાવિત છે એવું આજના કાળમાં ના લાગે. ઉપરથી એકબીજાના ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે ધ્યાન આપ્યા વિના સંબંધ કે કામની શરૂઆત થાય એ સારું પડે. બાકી હાય અને હે અને વ્હો જેવા અવાજો કબજો કરવા મચી જ રહેલા છે. વળી હલો શબ્દની સામે પ્રતિભાવમાં હલો બોલી શકાય છે એ કામની બાબત છે. જોકે એ ખરું કે હલો બોલતા આવડવું જોઈએ. એલો, એલાવ, હિલો, હયલો જેવા અવાજો કાઢીએ તો સામેનો પર્સન મશ્કરી કરી શકે, શું કહો છો એ કદાચ ના સમજે એવું પણ બને. સામેવાળાને જે સમજવું હોય તે સમજે, જો એવો અભિગમ હોય તો હલો બોલવાનો પ્રયત્ન ટાળી પોતાના પર્સનલ ગ્રીટિંગ તરતા મૂકવા જોઈએ. જે જે. વણક્કમ. નોમોસ્કાર.


**બુઝારો**

આપણે હાવભાવ શબ્દ વાપરીએ ત્યારે સમજીએ છીએ કે હાવભાવ અર્થાત ચેષ્ટા યા શરીર ને ખાસ તો ચહેરા થકી થતી અભિવ્યક્તિ. જેશ્ચર. અમુક ગુજરાતીઓ હાવભાવનો અર્થ કરે છે અનેક પ્રકારના ભાવ. વાસ્તવિકતામાં બંને શબ્દ મૂળે સંસ્કૃતના છે. એ મુજબ હાવ અર્થાત ભાવપૂર્વકની આકર્ષક ચેષ્ટા. ભાવ અંદરનો ના દેખાતો 'ને હાવ બહાર દેખાતો મામલો છે. ■

# નોબેલ વિજેતા હાન કાંગ: અસ્તિત્વની અનુભૂતિનો નકાર

**માણસ** હોવું એટલે શું? પોતાનું અસ્તિત્વ ખરેખર શું છે, શા માટે છે? આ સમજવામાં જિંદગી ચાલી જાય અને છતાં જવલ્લે જ કોઈને સાચા તથા સંતોષકારક ઉત્તરો મળતા હશે. માણસજાત જ્યારે સમજાય નહીં, મનની જટિલતા, મૂલ્યોની નિરર્થકતા એક વિકરાળ પ્રશ્ન બનીને આંખ સામે નાચ્યા કરે ત્યારે શું? હોવાપણાનો ભાર લાગે અને 'મનુષ્ય'ની બંધ પાંજરા જેવી નિગ્રહી વ્યાખ્યામાંથી મુક્ત થવાની ઝંખના જાગે તો શું? મનુષ્યજાતિ સામે જ સવિનય કાનૂનભંગ પ્રકારની આંતરિક ચળવળ આરંભવાની ઇચ્છા સળવળે ત્યારે શું? આવા ત્રસ્ત કરી દેનારા સવાલોના ઊકળતા ચરુ જેવું સાહિત્ય છે નોબેલ વિજેતા દક્ષિણ કોરિયાનાં સર્જક હાન કાન્ગનું. હાડમાંસની આપણી બેપગી પ્રજાતિ સામે કાન્ગનો સાહિત્યિક વિરોધ સર્વાધિક લોકપ્રિય 'ધી વેજિટેરિયન' નવલકથામાં વ્યક્ત થયેલો. શરીર-મનને અન્નજળ ત્યાગ વડે જાણે સજા આપતા ગાંધીજીની જેમ કથાનાયિકા યૉંગ-હ્વી પ્રથમ તો માંસાહાર ત્યાગી દે છે અને એ પછી સૂક્ષ્મ હિંસા પણ ટાળવાની ઇચ્છાથી ભોજન સંપૂર્ણપણે નકારે છે. એને બની જવું છે વૃક્ષ. એને જીવવું છે ફક્ત તડકો ખાઈને, પાણી પીને. અન્ય સજીવોનું ભક્ષણ કર્યા વિના જીવવાનો આ એકમાત્ર રસ્તો એને દેખાયો. આદમજાત પ્રત્યે યૉંગ-હ્વીને એટલો તિરસ્કાર જાગ્યો, એવી હતાશા વર્તાઈ કે એને આ પ્રજાતિમાંથી રાજીનામું આપી દેવું છે. ખુદનું શરીર પણ એને હિંસા આચરવાનું હથિયાર લાગે છે, સિવાય કે એક અંગ. સંતાનને પોષણ આપી મોટું કરતાં સ્તન. યૉંગ-હ્વી વિચારે છે, 'હવે ફક્ત મારાં આંચળનો જ ભરોસો કરી શકું, એના વડે કોઈને મારી ના શકાય. હાથપગ-જીભ-દૃષ્ટિ, આ બધું હથિયાર જ છે, જેનાથી કોઈ સલામત નથી.'

યૉંગ-હ્વીના પતિને કહ્યાગરી પત્ની જોઈતી હતી, થોડો સમય તે એવી સ્ત્રી બનીને જીવી પણ ખરી. એની કોઈ માગણી કે ફરિયાદ ન હતી. કિન્તુ એક દિવસ સ્વપ્નથી પ્રેરાઈને એ રસોડામાંથી તમામ માંસાહાર કાઢીને કચરામાં ફેંકવા લાગી. આગળ તેના પિતા બળજબરીથી તેના મોંમાં માંસ ઠૂંસવા મથ્યા, જેના પ્રત્યાઘાત રૂપે યૉંગ-હ્વીએ આપઘાતનો પ્રયાસ કર્યો. અંતે તેને મનોરોગીઓના ચિકિત્સાલયમાં મોકલી દેવાઈ. યૉંગ-હ્વી પાસેથી સ્વજનો અપેક્ષા રાખતા કે એ ગૃહિણી તથા માનવસમાજની આદર્શ સભ્ય બનીને રહે, પણ એ અંતે એવા પીંજરામાંથી છૂટી ગઈ. વાચકો ત્રણ પાત્રોના નજરિયાથી યૉંગ-હ્વીનું વ્યક્તિત્વ જાણે છે. ક્યાંક સ્વપ્નદશ્યોના સિવાય પોતાની વાર્તામાં એનો જ અવાજ વ્યક્ત નથી થયો. ત્રણેય પાત્રો ટુકડે-ટુકડે ઘૃણા, ડર, કરુણા, વાસના, પૂર્વગ્રહોથી યૉંગ-હ્વીને જુએ-સમજે છે અને આ તમામ ગેરસમજોના ધુમ્મસની પેલે પાર જઈને વાચકોએ યૉંગ-હ્વી ખરેખર કોણ હતી એ સમજવાનું છે.




'ધી વેજિટેરિયન'ની લેખન પ્રક્રિયા હાન કાન્ગ માટે કષ્ટકારક રહેલી. ત્યારે આંગળીના સાંધામાં સખત દુખાવો થતો હોવાથી કથાનો મહત્તમ હિસ્સો તેમણે હાથેથી લખેલો. જોકે, એનાથી કાંડામાં પીડા ઊપડતા તેમણે ઊલટી પેનથી કીબૉર્ડની ચાંપો દાબીને નવલકથા પૂરી કરેલી. પ્રશ્ન જાગે કે એમને યૉંગ-હ્વીના જેવું નિરાશાવાદી પાત્ર લખવાની જરૂર કેમ જણાઈ? જવાબ એમના બચપણમાં મળે છે. ૧૯૮૦માં નવેક વર્ષની કાન્ગનો પરિવાર જાન્યુઆરીમાં ગ્વાંગજૂ શહેર છોડી રાજધાની સૉઉલ ચાલ્યો ગયો. એના ચારેક મહિના બાદ ગ્વાંગજૂમાં લશ્કરી સરમુખત્યારશાહી સામે વિરોધ જાગ્યો, એને ડામવા જુલમ ચાલ્યો અને સત્તાવાર આંકડા મુજબ ૬૦૦ પરંતુ બિનસત્તાવાર રીતે અમુક હજાર લોકો હણાયાં. ગ્વાંગજૂ હત્યાકાંડે હાન પરિવારને એ રીતે હચમચાવી નાખ્યો, જાણે કે એમણે ચાર મહિના પહેલાં શહેર છોડીને કોઈ અપરાધ કર્યો હોય. પોતાના સ્થાને અન્ય લોકો ઘવાયા, મૃત્યુ પામ્યા એવો પસ્તાવો અકારણ એમને વળગ્યો હતો. કાન્ગને નજરે ન જોયેલી પણ પરોક્ષ રીતે અનુભવેલી આ દહેશત દુઃસ્વપ્ન બની કનડતી રહેતી. મૃત્યુના શુષ્ક આંકડા બની ગયેલાં લોકોની યાતનાને વાચા આપવા પછીથી તેમણે 'હ્યુમન ઍક્ટ્સ' નવલકથા લખી. ૧૯૪૮-૪૯માં દક્ષિણ કોરિયાના જેજૂ ટાપુ પર ફાટી નીકળેલા બળવા


FORTIFIED
TIRUPATI
soyalite
REFINED SOYABEAN OIL
FORTIFIED
TIRUPATI
active plus
REFINED CORN OIL
FORTIFIED
TIRUPATI
Sunpride
REFINED SUNFLOWER OIL
FORTIFIED


NK Proteins
TIRUPATI®
Edible Oils
દરેક તહેવાર
હેલ્ધી તહેવાર
તંદુરસ્તીની ઉજવણી કરો ન્યૂટ્રિએન્ટ્સ અને
વિટામિન- એ, ડી તથા ઈના ગુણોની સાથે
FORTIFIED
Physically Refined
TIRUPATI
Rice Bran Oil
Gamma Oryzanol
Natural Antioxidants
FORTIFIED
TIRUPATI
Groundnut Oil
Premium
Filtered
Groundnut Oil
FORTIFIED
TIRUPATI
Mustard Oil
Premium
Kachi Ghani
Mustard Oil
તિરુપતિ એડિબલ ઑઈલ્સ ઑઈલના સંતુલિત વપરાશ, પોષક આહાર અને નિયમિત કસરત સહિત સ્વસ્થ જીવનશૈલીની ભલામણ કરે છે.

પશ્ચાત ચાલેલા દમનમાં આશરે ૩૦,૦૦૦ નાગરિકોની હત્યા થયેલી. આ ઘટનાથી પ્રેરિત નવલકથા પણ હાન કાન્ગે ૨૦૨૧માં લખેલી, જેનો અનુવાદ 'વી ડુ નૉટ પાર્ટ' ટૂંક સમયમાં પ્રકાશિત થશે.

નોબેલ સમિતિએ તેમને પારિતોષિક આપવાની જાહેરાત સાથે કારણ જણાવેલું કે એમનું સાહિત્ય ઐતિહાસિક મનોઘાતનો સામનો કરે છે, માનવ જીવનની નબળાઈઓને ઉઘાડી પાડે છે, એ પણ ઉત્કટ કાવ્યમય ગદ્ય દ્વારા. માણસના માંહ્યલામાં હિંસા અને નિર્દોષતાની કેવી અને કેટલી સંભાવના કે અસંભાવના રહેલી છે એ મૂંઝવણે હાન કાન્ગના સાહિત્યને ઘાટ આપ્યો. ગ્વાંગજૂની કત્લેઆમના ઐતિહાસિક મનોઘાતથી આહત થઈને તેમણે 'ધી વેજિટેરિયન'માં પણ એવું પાત્ર રચ્યું જે કૃતનિશ્ચય જૈન સાધુઓની જેમ અતિ સૂક્ષ્મ હિંસાના પણ વિરોધમાં પડે છે, ભલે પછી પ્રાણ ત્યાગવો પડે. પ્રત્યેક મનુષ્યમાં આપણા આદિકાળના પૂર્વજોના સંસ્કારનો જરાક તો અંશ રહ્યો જ હશે, જે સભ્ય-સંસ્કારી સમાજના બંધનોમાંથી આપણને કશા પણ ભારણ વિના મુક્ત, સ્વચ્છંદી થઈ જીવવા ઉશ્કેર્યા કરે. મનુષ્યની નબળાઈઓનું મૂળ ક્યાંક એમાં જ હશે.આદિમ સંસ્કારનો એ અંશ માણસને અવિચારીપણે હિંસા પણ કરાવી શકે અને એ જ અંશ 'ધી વેજિટેરિયન'ની નાયિકાને એક ઘરેડમાં ચાલતી જિંદગીમાંથી બહાર નીકળી, જીવના જોખમે પણ નવો રસ્તો અપનાવવા પ્રેરી શકે. માણસને અન્ય જીવોથી અલાયદો કરતું એક સાધન એટલે ભાષા. જોકે, વાણી અને શબ્દો પણ આજના કાળમાં હિંસક શસ્ત્ર તરીકે શક્તિશાળી બન્યા છે.'ગ્રીક લેસન્સ' નવલકથામાં બોલવાની ક્ષમતા ગુમાવી ચૂકેલી નાયિકા ગ્રીક ભાષા શીખવા ધીમે-ધીમે દૃષ્ટિ ગુમાવી રહેલા એક શિક્ષક પાસે પહોંચે છે. કંઠમાંથી છૂટતી જતી ભાષાને કોઈ રીતે રોકી લેવા આતુર અને અંગત પીડાથી ઝૂરતી નાયિકા શરૂઆતમાં સલામત અંતર જાળવી નજર અને સંકેતની ભાષાથી ખુદને અભિવ્યક્ત કરે છે. અંતે શિક્ષક તદ્દન દૃષ્ટિહીન થઈ જતા બંને વચ્ચે ટેરવાના સ્પર્શની જ ભાષા બચી છે. અસ્તિત્વની અનુભૂતિ કરાવતી દૃષ્ટિ અને ભાષા જેવા બે અગત્યનાં માધ્યમો નાશ પામે ત્યારે જે બાકી રહે એમાંથી જીવનનો એક નવો અર્થ બંને પાત્રોને જડે છે. અહીં નાયિકા દેહનું અસ્તિત્વ વીસરીને ક્યારેક અનુભવે છે કે તે વ્યક્તિ મટીને ઘન કે પ્રવાહી પદાર્થના જેવી બની ચૂકી છે. ભાત ખાતી વખતે તે ખુદને ચોખાના દાણા તરીકે અનુભવે છે, ઠંડા પાણીથી ચહેરો ધોતી વખતે તે સ્વને પાણીથી ભિન્ન નથી જાણતી. આ રીતે 'ધી વેજિટેરિયન'નું મનુષ્યપણાનું, અસ્તિત્વની અનુભૂતિના નકારનું કથાવસ્તુ જાણે કે 'ગ્રીક લેસન્સ'માં ફરી પ્રગટે છે.

સેંકડો વિચારશીલ મનુષ્યોને સૈકાઓથી સતાવતા જીવન અંગેના પાયાના પ્રશ્નો હાન કાન્ગને પણ કનડતા. માણસ હોવું એટલે શું, સંસારમાં જન્મવાનો હેતુ શું, યાતના અને મરણ શા માટે? કાન્ગ કહે છે કે એમના માટે નવલકથા લખવી એટલે જવાબો નહીં, પણ પ્રશ્નોના છેડા સુધી પહોંચવાનો પ્રયાસ. તેમના જન્મ પહેલાં તેમની માતાનાં બે સંતાનો મૃત્યુ પામેલાં. એમાંથી એક બાળકીનું તો બે કલાકનું અત્યંત અલ્પાયુષ્ય હતું. કાન્ગની સ્મૃતિમાં માતાએ કદીક બાળકીને કહેલા કરુણ શબ્દો અંકાઈ ગયેલા, 'મરીશ નહીં, મહેરબાની કરીને મરીશ નહીં!' આ શબ્દોની પીડામાંથી પ્રસવેલી નવલકથા એટલે 'ધી વાઈટ બુક', જે તેમણે પૉલેન્ડના વૉર્સો શહેરમાં રહીને લખેલી. બીજા વિશ્વયુદ્ધમાં જર્જરિત થયેલા શહેરમાં ઘણાં બાંધકામ પછીથી ફોટોગ્રાફ અને નકશાઓના આધારે પુનઃ રચવામાં આવેલા. કાન્ગને ત્યારે ક્યાંક જૂના પિલર, અડધીપડધી દીવાલ અને એમના પરના નવા ચણતર વચ્ચેનો ભેદ સ્પષ્ટ દેખાયો. આ દૃશ્ય પરથી વિચાર ઝબક્યો કે તેમની મૃત બહેન એ જૂના પિલર કે દીવાલ જેવી છે, જેના પર તેમનું ખુદનું નવું અસ્તિત્વ ટક્યું છે. ફક્ત બે કલાકનું જીવન ભોગવીને ચાલી ગયેલી બહેન પણ તેમના અતીતનો અભિન્ન હિસ્સો છે. કાન્ગ જ્યારે ગર્ભમાં હતાં ત્યારે તેમની બીમાર માતા ખૂબ દવાઓ લેતી. એક ક્ષણે તેમણે ગર્ભપાત કરાવવાનું પણ વિચારેલું. સદ્‌ભાગ્યે કાન્ગ જન્મ્યાં અને આ તમામ પ્રબળ ભાવનાત્મક પરિબળોએ એમનાં સાહિત્યને સમૃદ્ધ કર્યું. હાન કાન્ગ કવિતા પણ લખે છે, તેમણે અગાઉ જાતે સ્વરબદ્ધ કરેલાં ગીતોનું 'ઑલ્યો આઇ સેઇડ ગુડબાય' આલ્બમ પણ લૉન્ચ કરેલું, દક્ષિણ કોરિયાનાં અનેક સાહિત્યિક સન્માનો સહિત 'ધી વેજિટેરિયન' માટે ઇન્ટરનેશનલ બુકર પ્રાઇઝ તે જીતી ચૂક્યાં છે. આ નવલકથા પરથી ફિલ્મ પણ બની છે. ઉપરાંત, તેમના પિતા હાન સુન્ગ-વાન ૧૯૮૮માં ત્યાંનો પ્રતિષ્ઠિત 'ઈ સાંગ લિટરરી એવૉર્ડ' જીતેલા અને દીકરી કાન્ગે પણ ૨૦૦૫માં એ જ પુરસ્કાર પ્રાપ્ત કરેલો.

**હાન કાન્ગ આશરે ૫૩નાં છે. નોબેલની પરંપરાને જોતાં તેમને ઘણું વહેલું આ પારિતોષિક મળ્યું કહેવાય. એ વાતને પણ હકારાત્મક રીતે લેવામાં આવી છે**

સાહિત્ય રસિકોને નોબેલ સમિતિ સામે એક મોટી ફરિયાદ રહી છે. સમિતિ મહદ્અંશે અંગ્રેજી અને યુરોપિયન ભાષામાં લખતા લેખકોને જ વધુ પ્રાધાન્ય આપતી આવી છે, કિન્તુ લાંબા સમય પછી વિશ્વના કોઈ અન્ય હિસ્સામાંથી, અન્ય ભાષાનાં સર્જક પોંખાયાં એટલે આ ઘટના ઉલ્લાસથી વધાવી લેવામાં આવી. અત્યારે હાન કાન્ગ આશરે ૫૩નાં છે. નોબેલની પરંપરાને જોતાં તેમને ઘણું વહેલું આ પારિતોષિક મળ્યું કહેવાય. એ વાતને પણ હકારાત્મક રીતે લેવામાં આવી છે. ભારતીય મૂળના સલમાન રશ્દી અને જ્ઞાનપીઠ વિજેતા અમિતાવ ઘોષને ભવિષ્યમાં આ સન્માન મળે એવી સંભાવના ખરી. (માહિતી સંદર્ભઃ બેથેન પેટ્રિક, માર્કરેનલ્ડ્સ અને બુકર પ્રાઇઝ ફાઉન્ડેશન દ્વારા લેવાયલી મુલાકાતો.)

કૉફી-સ્ક્રિપ્ટ : 'પ્રત્યેક પળ એટલે એક અદૃશ્ય ભેખડની ધાર પરથી મારેલી છલાંગ, જ્યાંથી સમયની ધાર સતત નવેસરથી તીક્ષ્ણતા પામ્યા કરે છે. વીતેલી જિંદગીની નક્કર ધરા પરથી આપણે ક્યાંક દૂર જોખમ ભરેલું પગલું રિક્ત આકાશમાં માંડીએ છીએ. ના, એટલા માટે નહીં કે આપણે સાહસ ખેડવાનો દાવો કરી શકીએ. એટલા માટે કે એના સિવાય છૂટકો નથી. આ ક્ષણે જ્યારે ઉન્મત્તતાથી હું એ સમયમાં પ્રવેશું છું જે મેં જીવ્યો નથી, એ પુસ્તકમાં ઊતરું છું જે હજુ પૂરું લખાયું નથી, ત્યારે હું અંતરમાં અનુભવું છું ચકરાવી દેનારો રોમાંચ.' ('ધી વાઈટ બુક'માંથી.) ■

# અભિયાન

## આગામી અંક દીપોત્સવી વિશેષાંક

અપાર વૈવિધ્ય
અઢળક વાંચન સામગ્રી
માહિતી - મનોરંજન - ચિંતન
હાસ્ય - વ્યંગ
અનોખો વાર્તા વૈભવ
વાર્ષિક રાશિ ભવિષ્ય

## દીપોત્સવી અંકના પ્રતિષ્ઠિત સર્જકો

● ભૂપત વડોદરિયા ● જયેન્દ્રસિંહ જાદવ ● નિસર્ગ આહીર
● રંજના હરીશ ● બકુલ ટેલર ● હરદ્વાર ગોસ્વામી
● રક્ષા શુક્લ ● દીના પંડ્યા ● પ્રફુલ્લ કાનાબાર
● માવજી મહેશ્વરી ● પ્રિયંકા જોશી ● ગૌરાંગ અમીન
● સ્પર્શ હાર્દિક ● રતિલાલ બોરીસાગર ● હર્ષદ પંડ્યા
● કનુ આચાર્ય ● કલ્પના દેસાઈ ● કિશોર અંધારિયા
● અલકા ત્રિવેદી ● એકતા દોશી

આપના અંકની વ્યવસ્થા
આજે જ કરી લેશો
સંપર્ક : ૦૭૯-૨૬૮૭ ૩૯૧૪/૧૫/૧૬/૧૭


SAMBHAAV GROUP
**સમભાવ મીડિયા લિમિટેડ**
સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોઝની સામે, બોડકદેવ, અમદાવાદ-૧૫.

**કવર સ્ટોરી** ■ **ટીમ અભિયાન**

# રતન તાતા તાજ હોટેલમાં પણ પોતાના બિલનું પેમેન્ટ જાતે કરતા હતા

**તાતા** ટ્રસ્ટના માનદ અધ્યક્ષ રતન નવલ તાતાએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. એક એવા શ્રેષ્ઠ ઉદ્યોગપતિની વિદાય કે જેમને માટે સમગ્ર ભારતના લોકો, સામાન્યજન દુઃખ-વેદના અનુભવે છે. સોશિયલ મીડિયામાં આમજનોની આવી પીડા વ્યક્ત થઈ રહી છે. કોઈ ઉદ્યોગપતિને સામાન્ય નાગરિકનો આટલો સ્વૈચ્છિક આદર મળ્યો હોય એવું પહેલીવાર જોવા મળી રહ્યું છે અને એ અકારણ પણ નથી. રતન તાતાનું વ્યક્તિત્વ તેમનો વ્યવહાર અને તેમનાં કાર્યો એટલા ઉમદા રહ્યાં છે કે લોકો તેમને દીર્ઘકાળ સુધી યાદ કરશે.

- **લોસ એન્જેલસમાં ગ્રેજ્યુએશન પછી ત્યાં જ નોકરીમાં લાગી ગયેલા રતન તાતા ભારત આવવા ઇચ્છતા ન હતા.**
- **દાદીમાએ મળવાની ઇચ્છા જણાવી બોલાવ્યા અને દાદીને મળવા આવેલા રતન તાતા ફરી વિદેશ ન ગયા.**
- **જેઆરડી તાતાએ તેમને જમશેદપુર મોકલ્યા, પરંતુ ખાસ કાળજી રાખી કે તાતા હોવાને કારણે તેમને કોઈ વિશેષ સુવિધા ન મળે.**
- **જમશેદપુરમાં રતન તાતા એપ્રેન્ટિસ હોસ્ટેલમાં રહ્યા. ફેક્ટરીએ જવા માટે કારથી નહીં, સાઇકલથી જવા કહેવાયું.**
- **રતન તાતાએ લોખંડ ઓગાળવાની ભઠ્ઠી સહિત અનેક વિભાગોમાં કામ કરી પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો.**
- **તાતા જૂથના ચૅરમેન બન્યા પછી પણ તેમણે બે રૂમના ફ્લેટમાં રહેવાનું પસંદ કર્યું.**



તાતા જૂથના બિઝનેસને ઈમાનદારી અને નૈતિકતા સાથે દેશ-વિદેશમાં ફેલાવનાર રતન તાતાને લોકો તેમના સાદગીપૂર્ણ જીવન, લોકોનું ભલું કરવાની તેમની આદત માટે યાદ કરે છે. સામાન્ય માનવીના હૃદયમાં જે આદર અને સન્માન રતન તાતાએ મેળવ્યા એ ઉદ્યોગ જગતમાં પહેલાં કોઈને મળ્યા હોય તેવું બન્યું નથી અને કદાચ ભવિષ્યમાં પણ એવું જોવા નહીં મળે. રિલાયન્સ ગ્રૂપના ચૅરમેન મુકેશ અંબાણીએ રતન તાતાના નેતૃત્વમાં ઉલ્લેખ કરતા યાદ કર્યું છે કે ૧૯૯૧માં રતન તાતાએ કંપનીના ચૅરમેન બન્યા બાદ તાતા જૂથને ૭૦ ગણું મોટું બનાવ્યું છે. રતન તાતાની યાદમાં રીડીફ ડોટ કોમ માટે પત્રકાર અને લેખક શૈલેષ કોઠારીએ એક સ્મૃતિ લેખ લખ્યો છે. સમાચાર અને પુસ્તકોના સંદર્ભમાં રતન તાતા સાથે અનેક દિવસ અને રાત વિતાવનાર શૈલેષ કોઠારીએ તેમના સાદગીપૂર્ણ જીવનની કેટલીક વાતો જણાવી છે, જે અત્યાર સુધી કોઈને ખબર નહોતી. રતન તાતા પોતાના ઘરમાં લેન્ડલાઈન ફોન પોતે જાતે ઉઠાવતા હતા. રતન તાતા સાથે ઓછો બિઝનેસ કરનાર અને

સામાન્ય હસતી ધરાવનાર વેપારી પણ ઘરે આવતા ફોન ઉઠાવવામાં હિચકિચાટ અનુભવે છે, પરંતુ રતન તાતા તેમના સાર્વજનિક ફોન નંબર પર આવનાર ફોન પોતે જાતે જ ઉઠાવતા હતા. તેમને કંપનીના ચૅરમેન બનાવાયા ત્યારે તેમને માટે મુંબઈમાં જે બંગલો સજાવવામાં આવ્યો તેમાં તેમના પહેલાં તાતા સન્સના ૫૩ વર્ષ ચૅરમેન રહેલા ભારત રત્ન જેઆરડી તાતા રહેતા હતા, પરંતુ તેમણે ક્યારેય એ બંગલાને પોતાનું ઘર બનાવ્યું નહીં. કોલાબાના બે રૂમવાળા ફ્લેટમાં જ તેઓ રહેતા હતા. પાંચ-છ વર્ષ પહેલાં રતન તાતા વધતી જતી ઉંમરની જરૂરિયાતના સંદર્ભમાં પોતાને માટે બનાવાયેલા બંગલામાં શિફ્ટ થયા હતા. રતન તાતા પહેલા તબક્કામાં એકવીસ વર્ષ ચૅરમેન રહ્યા. જ્યાં સુધી તેઓ ચૅરમેન રહ્યા ત્યાં સુધી કોલાબાના બખ્તાવર ઍપાર્ટમૅન્ટના સામાન્ય ફ્લેટમાં જ રહ્યા. પહેલા ફ્લોર પર તેમનું ઘર હતું. બીજા ફ્લોર પર તેમનાં ઓરમાન માતા સિમોન તાતા રહેતાં હતાં. ટાટા ગ્રૂપના વારસ તરીકે જેમની ગણના થાય છે તે નોએલ તાતા એ સિમોન અને નવલ તાતાના જ પુત્ર છે. રતન તાતાના ફ્લેટમાં જે સૌથી મોંઘી ચીજ હતી એ બૉસ કંપનીનું મ્યુઝિક સિસ્ટમ હતું. એ ઉપરાંત ઘરમાં જરૂરિયાતની વસ્તુઓ જ હતી. દેખાવ કે શોભા માટે કોઈ સામાન નહોતો. કોઈ વિદેશી ચીજ પણ નહીં. રતન તાતા વિમાન મુસાફરી દરમિયાન સામાન્ય લોકોની માફક લાઇનમાં ઊભા રહેતા અને પોતાનો સામાન જાતે જ ઉપાડતા હતા. કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી પણ તેના સાક્ષી છે. ગડકરીના નિમંત્રણથી રતન તાતા એક હૉસ્પિટલનું ઉદ્ઘાટન કરવા ઔરંગાબાદ ગયા હતા. ઍરપોર્ટ પર નીતિન ગડકરીએ રતન તાતાના સ્વાગત માટે કેટલાક લોકોને તૈયાર રાખ્યા હતા, પરંતુ તેમણે પોતાની બૅગ જાતે જ ઉપાડી. નીતિન ગડકરીને તેમણે કહ્યું કે મારી બૅગ છે અને હું જ ઉઠાવીશ. તેઓ જ્યારે ઍર ઇન્ડિયાના ચૅરમેન બન્યા ત્યારે તેમણે કંપનીના વડા હોવાને નાતે તેમની મોટર વિમાન સુધી લઈ જવાની છૂટ હતી, પરંતુ તાતા સામાન્ય માનવીની માફક વિમાન સુધી જતાં. કંપનીના બીજા ડાયરેક્ટરો આ સુવિધાનો નિયમિત ઉપયોગ કરતા હતા. તેને અંગે તેમને આશ્ચર્ય થતું. તેઓ હંમેશાં સ્વચ્છ અને વ્યવસ્થિત કપડાં પહેરતા, પરંતુ આ કપડાં વિદેશથી આવતા નહોતા. શૈલેષ કોઠારીએ એકવાર તેમને પૂછ્યું કે તેઓ તેમના સૂટ ક્યાં સિવડાવે છે, તો રતન ટાટાએ કહ્યું કે તેઓ કોલાબાના એક દરજી પાસે જ તેમના સૂટ સિવડાવે છે. આ વાત સાંભળીને કોઠારી આશ્ચર્યચકિત થયા હતા.

રતન તાતા એક સાંજે મુંબઈની તાજ હોટેલમાં ઝોડિએક ગ્રીલ રેસ્ટોરન્ટમાં શૈલેષ કોઠારી અને એક મીડિયા જૂથના અધ્યક્ષ સાથે ડિનર કરતા હતા. ડિનર પછી વેઇટરે રતન તાતાને બિલ પકડાવ્યું.

રતન તાતાએ કાર્ડથી પૅમેન્ટ પણ કર્યું. મીડિયા કંપનીના પ્રેસિડેન્ટ જોતાં જ રહી ગયા. તેમણે રતન તાતાને પૂછ્યું કે તમારી પોતાની હોટેલમાં તમે કેમ બિલ ચૂકવ્યું? રતન તાતાએ તેમને કહ્યું કે, કોર્પોરેટ ક્ષેત્રમાં માપદંડ કેવી રીતે સ્થાપિત થશે? તમારે જાતે જ ઉદાહરણ બનીને તેને સ્થાયી કરવા પડશે. શૈલેષ કોઠારીએ લખ્યું છે કે જ્યારે પણ રતન તાતા સાથે તેઓ કોઈ હોટેલમાં ડિનર કરવા માટે જતાં ત્યારે થોડા સમય પછી મેનેજર કારની ચાવી આપી જતો. જ્યારે શૈલેષે તેમને પૂછ્યું કે આ શું મામલો છે? તો રતન તાતાએ કહ્યું કે તેમનો ડ્રાઇવર નિર્ધારિત સમય કરતાં વધારે સમય સુધી ફરજ બજાવે એવું તેઓ ઇચ્છતા નથી. ડ્રાઇવરનો પણ પરિવાર છે અને તેણે સમયસર પરિવાર અને બાળકો પાસે પહોંચવું જોઈએ. ડિનર પછી મોટે ભાગે તેઓ જાતે જ પોતાની કાર ચલાવીને જતા હતા. રતન તાતા જ્યારે કાર ચલાવે છે એ વાત ગડકરીએ પણ કહી છે. ગડકરીના જણાવવા પ્રમાણે એક વખત રતન તાતા તેમના ઘરે આવવાના હતા. તેમણે તાતાને ફોન કર્યો અને રસ્તો પૂછવા લાગ્યા. નીતિન ગડકરીએ ડ્રાઇવર અને સુરક્ષા વિશે પૂછ્યું. તો રતન તાતાએ કહ્યું કે તેઓ એકલા જ છે અને જાતે કાર ચલાવીને આવે છે. રતન તાતાની સાદાઈની એક વધુ કથા ઉત્તર પ્રદેશના પ્રધાન અને ભૂતપૂર્વ આઇપીએસ અધિકારી અસીમ અરુણે પણ કહી છે. અસીમ અરુણ ત્યારે વડાપ્રધાન અને તેમના પરિવારની સુરક્ષા માટે બનાવાયેલ ફોર્સ સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપમાં ફરજ બજાવતા હતા. એસપીજીના એક કાર્યક્રમમાં રતન તાતાને આમંત્રિત કરાયા હતા. અસીમ તેમને રિસીવ કરવા તાજ માનસિંગ હોટેલ ગયા. ત્યાં તેમણે જોયું કે રતન તાતા કોઈ સ્યૂટને બદલે એક સામાન્ય રૂમમાં રોકાયા હતા. રતન તાતા કાર અને ડ્રાઇવર સાથે નીકળ્યા. અસીમ અરુણને પોતાની કારમાં જ બેસાડ્યા. અસીમે પહેલેથી એસપીજીની એક પાઇલોટ કાર તેમની આગળ ચલાવવા માટે રાખી હતી. રતન તાતાએ જ્યારે આ વાતની નોંધ લીધી ત્યારે તેમણે અસીમને કહ્યું કે તેમને આગળથી હટાવી લો. જ્યાં સુધી એ કાર આગળ ચાલતી રહી ત્યાં સુધી રતન તાતા બેચેન રહ્યા. અસીમ અરુણે તેમને પૂછ્યું કે તમારી સાથે કોઈ સુરક્ષા કેમ નથી, ત્યારે તેમણે જવાબ આપેલો કે તેમને કોઈનાથી ખતરો જણાતો નથી. રતન તાતાએ કંપની માટે એક આચારસંહિતા બનાવડાવી અને પોતે જાતે આગળ વધીને તેનું પાલન કર્યું. તાતા ગ્રૂપ ફરીથી ઍરલાઇન બિઝનેસમાં આવવા ઇચ્છતું હતું, પરંતુ કંપનીની લાઇસન્સની અરજી અટવાયેલી હતી ત્યારે તેમને એક વચેટિયાએ કહ્યું કે કોઈ માણસને પૈસા આપવાથી કામ થઈ જશે. રતન તાતાએ લાંચ આપીને કામ કરવાનો ઇનકાર કરી દીધો. રતન તાતાએ કંપનીની આચાર સંહિતામાં ઉલ્લંઘનમાં ફસાયેલા પોતાના વિશ્વાસુ લોકોને પણ કોઈ રાહત આપી નહોતી. જ્યારે તેમના પ્રિય નાણાકીય સલાહકાર અને તાતા ફાઇનાન્સના વડા દિલીપ પેન્ડસે વિશે તેમને જાણ થઈ કે કંપનીને જાણ કર્યા વિના તેઓએ ખુદ એક કંપનીમાં ભારે મોટું રોકાણ કર્યું છે ત્યારે તેમની ખબર લઈ નાખી હતી. રતન તાતાએ એ વાત સુનિશ્ચિત કરી હતી કે દિલીપ પેન્ડસેને બોર્ડમાંથી કાઢી મૂકવામાં આવે. એટલું જ નહીં, તેમના ઉપર આપરાધિક કેસ પણ દાખલ કરવામાં આવે.

રતન તાતા પરોપકારનાં કાર્યોમાં હંમેશાં અગ્રેસર રહેતા હતા. પોતાની અડધાથી વધુ સંપત્તિ તેમણે દાનમાં આપી દીધી હતી. તેઓ દેશના વિકાસ વિશે પણ સતત વિચારતા રહેતા હતા.

તાતા ઉદ્યોગ સમૂહને ઇન્ટરનેશનલ બનાવવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ટીસીએસ જેવી વિરાટ કંપનીની શરૂઆત તેમણે જ કરી હતી. નૅનો કાર લૉન્ચ કરીને તેઓ જનસામાન્યના દિલમાં વસી ગયા હતા. કોરોના સંકટ દરમિયાન પણ દેશને મદદ કરી હતી અને એક મોટી રકમ દાનમાં આપી હતી.

તેમણે કરેલાં આવાં અઢળક કાર્યો અને અને અન્ય તમામ સિદ્ધિઓ કદાચ ક્યારેય સાકાર ન બની હોત, જો રતન તાતાને તેમનાં દાદીનો એક મેસેજ મળ્યો ન હોત કે તેમને વિદેશથી પાછા બોલાવવામાં આવ્યા ન હોત. તેમણે એક મુલાકાતમાં તેમના જીવનની આ મહત્ત્વની વાત વર્ણવી હતી. રતન તાતા અભ્યાસ પૂર્ણ કર્યા પછી અમેરિકામાં નોકરીમાં લાગી ગયા હતા અને તેમનો ભારત પાછા આવવાનો કોઈ ઇરાદો ન હતો, પરંતુ તેમને ભારત આવવું પડ્યું. એટલું જ નહીં, તેઓ ફરી નોકરી

# આકર્ષક વ્યાજદરે ધિરાણની વિવિધ યોજનાઓ

ADC BANK | PROUDLY CO-OPERATIVE

100th YEARS
વિશ્વાસ ના ૧૦૦ વર્ષ
1925-2024

• સહકાર સે સમૃદ્ધિ • વિના સંસ્કાર નહીં સહકાર

## કાર અને હાઉસીંગ લોન



8.20%*



### એજ્યુકેશન લોન



8.65%*

### સિક્યોરીટી લોન

9.00%*

### બિઝનેશ લોન



10.50%*

વધુ વિગતો માટે અમારી બેંકની નજીકની શાખાનો સંપર્ક કરશો

*શરતોને આધીન

ADC BANK

## ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓ.બેન્ક લિ.

**બેંકની ઉતરોત્તર પ્રગતિ**

- રૂા. ૧૦,૦૦૦ કરોડથી વધુ થાપણોનો કિર્તીમાન પ્રસ્થાપિત
- સતત ૧૧ વર્ષથી નેટ એન.પી.એ. ૦%
- ૨૦૨૩-૨૪માં બેંકના ઈતિહાસનો સૌથી વધુ રૂા. ૧૦૧.૧૧ કરોડનો ચોખ્ખો નફો
- રૂા. ૧૬,૫૦૦ કરોડનો માતબર રકમનો બિઝનેસ ધરાવતી ગુજરાત રાજ્યની અગ્રગણ્ય જીલ્લા બેંક
- શાખાદીઠ બિઝનેસ રૂા. ૭૬.૭૦ કરોડ

# ADC BANK

# ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓ.બેન્ક લિ.

ગાંધીબ્રીજ કોર્નર, ઈન્કમટેક્ષ ઓફીસ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪. ફોનઃ ૨૭૫૪૨૬૦૮-૦૯-૧૦
Email: info@adcbank.coop • Website: www.adcbank.coop

**સહકારથી સમૃધ્ધિ**

બેંકના **પૂર્વ ચેરમેન અને હાલના કેન્દ્રીય ગૃહ તથા સહકારીતા મંત્રી માનનીય શ્રી અમિતભાઈ શાહ** એ સતત ખોટ કરતી આ બેંકને ટુંકાગાળામાં નફો કરતી કર્યા બાદ તેમના અનુગામી વર્તમાન **ચેરમેન શ્રી અજયભાઈ પટેલ**ના નેતૃત્વ હેઠળ સતત વિકાસ કરતી બેંકની થયેલ પ્રગતિની ઝલક...

## બેંકની આર્થિક સધ્ધરતાની આંકડાકીય માહિતી

(રકમ રૂ. લાખમાં)

| ક્રમ | વિગત | ૩૧-૩-૨૦૦૦ | ૩૧-૩-૨૦૦૩ | ૩૧-૩-૨૦૧૦ | ૩૧-૩-૨૦૧૫ | ૩૧-૩-૨૦૨૩ | ૩૧-૩-૨૦૨૪ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ડિપોઝીટ | ૧૩૩૦૫૩.૫૫ | ૧૫૨૫૩૦.૪૪ | ૩૦૦૭૧૦.૪૬ | ૪૫૫૫૩૦.૯૭ | ૮૬૪૫૯૭.૨૧ | ૯૭૬૯૨૪.૧૩ |
| ૨. | લો-કોસ્ટ ડિપોઝીટ | ૨૮૬૩૫.૦૮ | ૨૯૮૩૨.૦૭ | ૧૧૦૭૫૮.૧૧ | ૧૬૯૧૧૯.૧૬ | ૪૪૮૮૭૫.૮૧ | ૪૮૯૮૧૬.૬૨ |
| ૩. | લો-કોસ્ટ ડિપોઝીટ (%) | ૨૧.૫૨% | ૧૯.૫૬% | ૩૬.૮૩% | ૩૭.૧૩% | ૫૧.૯૨% | ૫૦.૧૪% |
| ૪. | કુલ ધિરાણ | ૪૬૪૨૧.૨૧ | ૭૧૭૪૨.૯૬ | ૧૧૦૫૨૭.૮૯ | ૨૫૩૦૫૩.૨૪ | ૫૪૦૯૬૧.૫૩ | ૬૧૮૫૦૨.૬૬ |
| | પૈકી એગ્રી. ધિરાણ | ૧૯૪૪૬.૩૮ | ૩૨૫૧૨.૧૯ | ૪૬૬૮૯.૮૧ | ૧૫૪૯૭૬.૫૨ | ૪૬૬૨૧૯.૩૦ | ૫૩૭૨૪૮.૪૧ |
| | પૈકી નોનએગ્રી. ધિરાણ | ૨૬૯૭૪.૮૩ | ૩૯૨૩૦.૭૭ | ૬૩૮૩૮.૦૮ | ૯૮૦૭૬.૭૨ | ૭૪૭૪૨.૨૩ | ૮૧૨૫૪.૨૫ |
| ૫. | કુલ ભંડોળ (કેપીટલ અને રીઝર્વ) | ૧૯૫૮૨.૨૧ | ૨૬૬૦૫.૪૫ | ૩૧૪૧૩.૭૦ | ૪૩૩૩૭.૩૭ | ૭૧૮૨૦.૦૨ | ૮૧૬૦૭.૯૩ |
| ૬. | ટોટલ બિઝનેસ | ૧૭૯૪૭૪.૭૬ | ૨૨૪૨૭૩.૪૦ | ૪૧૧૨૩૮.૩૫ | ૭૦૮૫૮૪.૨૧ | ૧૪૦૫૫૫૮.૭૪ | ૧૫૯૫૪૨૬.૭૯ |
| ૭. | શાખાઓ | ૧૨૧ | ૧૨૪ | ૧૪૦ | ૧૭૫ | ૨૦૭ | ૨૦૮ |
| ૮. | શાખા દીઠ ધંધો | ૧૪૮૩.૨૬ | ૧૮૦૮.૬૬ | ૨૯૩૭.૪૨ | ૪૦૪૯.૦૫ | ૬૭૯૦.૧૪ | ૭૬૭૦.૩૨ |
| ૯. | કુલ કર્મચારીઓ | ૯૮૮ | ૧૧૨૮ | ૧૨૪૪ | ૧૪૩૫ | ૧૫૧૪ | ૧૪૬૩ |
| ૧૦. | ગ્રોસ એન.પી.એ. | ૪૦.૨૯% | ૨૮.૪૨% | ૧૦.૭૭% | ૩.૯૭% | ૦.૪૮% | ૦.૩૪% |
| ૧૧. | નેટ પ્રોફીટ | (-૨૦૨૮.૦૩) ખોટ | ૧૦૫૫.૮૭ | ૯૨૫.૮૦ | ૧૩૦૯.૫૯ | ૯૬૦૧.૨૧ | ૧૦૧૧૧.૦૦ |

**ડિપોઝીટ** ₹9769 કરોડ

**ધિરાણો** ₹6185 કરોડ

**નેટ પ્રોફિટ** ₹101 કરોડ

**ટોટલ બિઝનેશ** ₹15954 કરોડ



- ૧૫ લાખથી પણ વધારે સમૃધ્ધ ખાતેદાર ધરાવતી બેંક
- છેલ્લાં ઘણાં વર્ષોથી વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે નાબાર્ડ, એન.પી.સી.આઇ., ઇન્ડીયન બેંક્સ એસોસીએશન, નાફસ્કોબ તરફથી સતત એવોર્ડ મેળવતી બેંક
- 'આપણી બેંક, એ.ડી.સી. બેંક' ના સૂત્રને સાર્થક કરી ગ્રાહકોને શ્રેષ્ઠત્તમ સેવાઓ આપી પોતીકાપણાનો અહેસાસ કરાવતી બેંક

**શ્રી જગદીશભાઈ બી. પટેલ**
વાઈસ ચેરમેન

અને
બોર્ડ ઓફ ડીરેકટર્સ તથા સ્ટાફ પરિવાર

**શ્રી અજયભાઈ એચ. પટેલ**
ચેરમેન

## તાતાજૂથના નવા વડા નોએલ તાતા



રતન તાતાના અવસાન પછી તાતાજૂથના સામ્રાજ્યની લગામ કોના હાથમાં આવશે તેની ચર્ચા વખતે નોએલ તાતાનું નામ જ અગ્ર સ્થાને રહેતું હતું. ધારણા પ્રમાણે જ નોએલ તાતાને તાતા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. રતન તાતાના અવસાન પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ નોએલ તાતા સાથે વાત કરી હતી. આ નોએલ તાતાના વ્યક્તિત્વનો પરિચય મેળવવો જરૂરી છે. તાતા પરિવારમાં નોએલ તાતા રતન તાતાના ઓરમાન ભાઈ છે. રતન તાતાના પિતા નવલ તાતાએ બે લગ્ન કર્યાં હતાં. નવલ તાતાના પહેલા લગ્ન સૂની કમિશ્રીએટ સાથે થયાં હતાં. તેમને બે સંતાન થયાં હતાં. જે રતન તાતા અને જીમી તાતા. રતન તાતા અને જીમી તાતાએ લગ્ન નથી કર્યાં. નવલ તાતા અને તેમની પહેલી પત્નીના ડિવોર્સ થઈ ગયા, એ પછી નવલ તાતાએ સ્વિટ્ઝર્લેન્ડની એક બિઝનેસમેન સિમોન સાથે ૧૯૫૫માં લગ્ન કર્યાં. નવલ તાતા અને સિમોન તાતાના પુત્ર નોએલ ટાટા. નોએલ તાતા સર રતન તાતા ટ્રસ્ટ અને સર દોરાબજી તાતા ટ્રસ્ટના બોર્ડમાં ટ્રસ્ટી પણ છે. તેઓ તાતા ઇન્ટરનેશનલ લિમિટેડ, વોલટાસ લિમિટેડ, તાતા ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન લિમિટેડના પણ વર્તમાન અધ્યક્ષ અને ટાઇટન કંપનીના ઉપાધ્યક્ષ પણ છે. આ પહેલાં તેઓ ૧૧ વર્ષ સુધી ટ્રેન્ટ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે તેઓએ કામ કર્યું હતું. એ પછી ૨૦૧૨માં તેમને ટ્રેન્ટના ઉપાધ્યક્ષ બનાવાયા. ૨૦૧૪માં અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા. નોએલ તાતાએ ટ્રેન્ટને એક સ્ટોરમાંથી ૩૩૦ સ્ટોર સુધી પહોંચાડ્યો. તેઓ કંસાઇ નેરોલેક પેઇન્ટ અને સ્મિથ્સના બોર્ડમાં પણ છે. કંપનીની એક્સચેન્જ ફાઇલિંગ અનુસાર નોએલ તાતા સસેક્સ યુનિ.ના ગ્રેજ્યુએટ છે. તેઓ રતન તાતાના ટ્રસ્ટના ટ્રસ્ટી હતા અને કહેવાય છે કે રતન તાતાનાં અનેક કાર્યોમાં પડદા પાછળ નોએલ તાતાની મહત્ત્વની ભૂમિકા રહેતી.

માટે અમેરિકા જઈ શક્યા નહીં. તેઓએ અમેરિકામાં આર્કિટેક્ચર અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. તેમનો ક્યારેય ભારત પાછા ફરવાનો ઈરાદો ન હતો. સિમી ગરેવાલ સાથેના ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે તેઓ ત્યાં સારી રીતે સેટ થયા ન હતા, પરંતુ ત્યાં ખુશીથી કામ કરતા હતા. તેઓ ભારત પાછા કેમ આવ્યા એવું સિમીએ પૂછતાં તેમણે કહેલું કે, મારી દાદીએ મને પાછા આવવા કહ્યું અથવા એમ કહેવું જોઈએ કે મારાં દાદીમા મને ફરી મળવા ઈચ્છતાં હતાં એટલે હું પાછો આવ્યો. રતન તાતા ઉમેરે છે કે હું અને મારો ભાઈ નાના હતા ત્યારે મારી માતા અને પિતાના ડાઈવૉર્સ થઈ ગયા હતા અને દાદીએ અમારું પાલન-પોષણ કર્યું હતું. હું દાદીમાની ખૂબ નજીક હતો અને તેઓ મને ફરી મળવા ઈચ્છતાં હતાં. તેઓ રાજીખુશીથી તેમનાં દાદી નવાજબાઈ સેટ્ટ માટે જ પાછા આવ્યા હતા. અન્યથા તેઓ ક્યારેય પાછા આવ્યા ના હોત. રતન તાતાનો જન્મ ૨૮ ડિસેમ્બર, ૧૯૩૭માં થયો હતો. પિતાનું નામ નવલ તાતા અને માતાનું નામ સૂની તાતા



હતું. રતન તાતા જમશેદજી તાતાના પ્રપૌત્ર હતા. તેઓ ૧૯૯૧થી ૨૦૧૨ સુધી તાતા ગ્રૂપના ચૅરમેન રહ્યા. ઑક્ટોબર ૨૦૧૬થી ફેબ્રુઆરી ૨૦૧૭ સુધી કાર્યકારી ચૅરમેન રહ્યા. ૨૦૧૭થી તાતા જૂથના ચૅરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ હતા. તેમણે તાતા જૂથને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ બનાવી. તેમણે એર ઇન્ડિયા ખરીદી લીધું. જેઆરડી તાતાએ તે શરૂ કરેલું. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ તેનું રાષ્ટ્રીયકરણ થતાં તે સરકારી કંપની બની ગઈ હતી. ફોર્ડની લક્ઝરી કાર બ્રાન્ડ લૅન્ડરૉવર અને જગુઆરને પણ તાતા જૂથના પોર્ટફોલિયોમાં સામેલ કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. ૨૦૦૮માં તેમને ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ વિભૂષણ એનાયત થયું. ૨૦૦૦ના વર્ષમાં તેમને પદ્મ ભૂષણથી સન્માનિત કરાયા હતા.

રતન તાતા જ્યારે પણ જેઆરડી તાતાને મળતા ત્યારે જેઆરડીનું પહેલું વાક્ય - 'વેલ, વૉટ્સ ન્યૂ?' રતન તાતા તેમને કંપનીની અને ઉદ્યોગની નવી વાતો જણાવતા. પછી એ બાબત આગળ વધતી. એક એવી જ મુલાકાતની વાત. રતન તાતા એ દિવસે કામ શરૂ કરતાં પહેલાં જ જેઆરડીને મળવા ગયા. જેઆરડી એટલે કે જહાંગીર રતનજી દાદાભાઈ તાતા. તેમણે જ તાતા મોટર્સની સ્થાપના કરેલી. જેઆરડી તાતા ગ્રૂપના ચૅરમેન હતા, ત્યારની વાત છે. રતન તાતા જેઆરડીને મળવા ગયા એટલે રાબેતા મુજબ જેઆરડીએ કહ્યું, 'વેલ, વૉટ ઈઝ ન્યૂ?' રતન તાતા તેમના બૉસ જેઆરડીને માત્ર જય કહીને બોલાવતા હતા. રતન તાતાએ કહ્યું - જય, હું તમને રોજ મળવા આવું છું, પરંતુ હું છેલ્લે જ્યારે આપને મળ્યો ત્યાર પછી અત્યાર સુધી કશું જ નવું નથી. એ પછી જેઆરડીએ કહ્યું - વેલ, મારી પાસે કંઈક છે, જે નવું છે. એ પછી જેઆરડીએ રતન તાતાને જે કાંઈ કહ્યું તેણે આધુનિક ભારતના સૌથી મોટા ઔદ્યોગિક સામ્રાજ્યમાં હલચલ પેદા કરી દીધી.

•••

૮૬ વર્ષના રતન તાતાનું જીવન ભારતના એક સુસ્ત કૃષિ પ્રધાન દેશમાંથી તેજ ગતિએ ઔદ્યોગિક રાષ્ટ્ર બનવાનો કાલખંડ છે. ભારતની આ ગ્રોથ સ્ટોરીમાં તાતા જૂથની ભાગીદારી સ્ટીલની ફ્રેમની માફક છે, જેણે અનેક ઉદ્યોગોને પોલાદી પીઠબળ આપ્યું છે. જેઆરડી અને રતન તાતા આ સ્ટીલ ફ્રેમમાં પિલરની માફક ફીટ બેસે છે.

રતન તાતા લોસ એન્જલસમાં અભ્યાસ પૂરો કરી મુંબઈ આવ્યા અને પંદર દિવસમાં જ તેમનું ડેસ્ટિનેશન પીગળેલા લોખંડની ગંધથી છવાયેલું અવિભાજિત બિહારનું નાનકડું શહેર જમશેદપુર હતું. અમેરિકાથી આર્કિટેક્ચરની ડિગ્રી લઈને આવેલ આ એન્જિનિયર હવે જેઆરડીની ફેક્ટરીમાં પોતાની કરિયરનો આરંભ કરી રહ્યા હતા.

યાદ રહે, આ દરમિયાન તાતા ખાનદાન એ વાતની ખાસ કાળજી રાખતું હતું કે તેમને કોઈ વિશેષ ટ્રીટમૅન્ટ ન મળે. આ વાત ખુદ રતન તાતાએ જણાવી છે. તેમના કહેવા પ્રમાણે બધાને એ ચિંતા હતી કે મને કોઈ વિશેષ સવલત આપવામાં ન આવે. એથી મને એપ્રેન્ટિસ હોસ્ટેલમાં રહેવાનું કહેવામાં આવ્યું. ટેલ્કોમાં મેં છ મહિના સુધી શોપ ફ્લોર પર કામ કર્યું. આયર્ન ઇન્ડસ્ટ્રીમાં અત્યંત મુશ્કેલ માનવામાં આવતા લોખંડની ઊકળતી ભઠ્ઠીને મેનેજ કરવાના કામમાં પણ રહ્યા. 'હું અનેક પ્રોડક્શન ડિપાર્ટમૅન્ટમાં રહ્યો. બ્લાસ્ટ ફરનેસમાં રહ્યો, ત્યાં કામ કર્યું જ્યાં લોખંડને ઓગાળવામાં આવતું હતું ત્યાં રહ્યો. ટેલ્કોનાં બધાં કામને સમજ્યો. એ સમયે એ બહુ મુશ્કેલ હતું. ટેલ્કોની સમગ્ર કાર્યપ્રણાલીને તેઓ સમજ્યા અને એ અનુભવ તેમની સ્કિલ અને કેપેસિટીને વધારવામાં ભારે ફાયદાકારક બન્યો.

રતન તાતા માટે તાતા ટાઇટલ કોઈ વિશેષાધિકાર લઈને ન આવ્યું. તેમણે ખુદ કહેલું કે તાતા ટાઇટલ એક પ્રકારે તેમને માટે નુકસાનકારક જ રહ્યું. આ વાતને એક એવી વ્યક્તિના દૃષ્ટિકોણથી સમજો, જે લોસ એન્જેલસથી આવ્યો હતો. તેમને કહેવામાં આવ્યું કે કાર લઈને જમશેદપુર નહીં જઈ શકો. સાઇકલથી આસપાસ જવાનું રાખો...મારી અંદર વિદ્રોહની ભાવના આવી ગઈ અને હું પગે ચાલીને જ કામ પર જતો હતો. રતન તાતા એ વખતે માત્ર ૨૫ વર્ષના હતા. ઘણીવાર તેમણે પાછા આવી જવાનું વિચાર્યું, પરંતુ પરિસ્થિતિ - સંજોગો એવા બનતા ગયા કે તેઓ એમ કરી ન શક્યા. આ જ માહોલમાં રતન તાતા લોખંડ બનાવવાની અને ઓગાળવાની ફેક્ટરીમાંથી તપીને 'કુંદન' બનીને બહાર આવ્યા. એ દરમિયાન રતન તાતાએ નેલ્કોની જવાબદારી લીધી અને એ કંપનીની કાયાપલટ કરી નાખી.

•••

અને આખરે એ સમય આવી ગયો જ્યારે આર્ષદૃષ્ટા, પારખુ નજર ધરાવતા અને ઇન્ડસ્ટ્રીના ઉસ્તાદ સોદાગર જહાંગીર રતનજી દાદાભાઈ તાતાએ પોતાના ઔદ્યોગિક સામ્રાજ્ય માટે પોતાના વારસદારને નક્કી કર્યા. જેઆરડીએ તાતા ગ્રૂપની લગામ રતન તાતાને આપવાનો નિર્ણય કયા આધારે કર્યો એ જાણવાનું જોકે મુશ્કેલ છે, પરંતુ આ કામ કયા સંજોગોમાં થયું તેની ચર્ચા સ્વયં રતન તાતાએ અનેકવાર કરી છે. રતન તાતાએ કહ્યું હતું કે, 'અમે બંને જમશેદપુરમાં હતા. મારે કોઈ મર્સિડિઝ બેન્ઝ સાથે કોઈ ડીલ માટે જર્મનીના સ્ટુગર્ટ શહેરમાં જવું પડ્યું. જ્યારે હું પાછો આવ્યો તો મને ખબર પડી કે તેમને એટલે કે જેઆરડીને હૃદયમાં કોઈ પ્રોબ્લેમ હતો અને તેઓ બ્રિચકેન્ડી હૉસ્પિટલમાં હતા. તેઓ ત્યાં એક સપ્તાહ સુધી રહ્યા. આ વાત લગભગ ૧૯૯૦ની છે. જેઆરડી ત્યારે ૮૭ વર્ષના થઈ ચૂક્યા હતા.' રતન ટાટાના કહેવા પ્રમાણે તેઓ જેઆરડીને રોજ મળવા જતા હતા. એક શુક્રવારે તેઓ હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈને ઘરે આવી ગયા. એ પછીના સોમવારે રતન તાતા જેઆરડીને મળવા તેમની ઑફિસે ગયા. રતન તાતા સાથેની મુલાકાત દરમિયાન રાબેતા મુજબ જેઆરડીએ વન લાઇનર શરૂઆત કરી. 'વેલ, વોટ ઇઝ ન્યુ.' રતન તાતાએ તેમને કહ્યું કે, છેલ્લે આપણે મળ્યા અને આજે મળ્યા એ દરમિયાન ખાસ કંઈ નવું નથી. એ પછી જેઆરડી કે જેમને રતન તાતા જય કહીને બોલાવતા હતા. કહ્યું, 'મારી પાસે કંઈક છે, જે નવું છે. જે હું તમને કહેવા ઇચ્છું છું. બેસો.' એ પછી જેઆરડીએ રતન તાતાને જે કાંઈ કહ્યું એ રતન તાતાના શબ્દોમાં, 'જમશેદપુરમાં જે કાંઈ થયું તેનાથી મને નિર્ણય



કરવાનું કારણ મળ્યું છે કે હવે મારે તાતાજૂથની ચૅરમેનશિપ છોડી દેવી જોઈએ અને મેં નિર્ણય કર્યો છે કે તમારે મારું સ્થાન લેવું જોઈએ.' રતન તાતાના કહેવા પ્રમાણે મને આ વાતની માહિતી આપ્યા પછી જેઆરડી આ અત્યંત મહત્ત્વના મુદ્દાને બોર્ડ ઑફ ડાયરેક્ટર પાસે લઈ ગયા. સીમી ગરેવાલને આ પહેલાં ઇન્ટરવ્યૂમાં રતન ટાટાએ જણાવ્યું હતું કે, 'એ બોર્ડ મીટિંગમાં જે લોકો હતા તેમને પસ્તાવો થતો હતો કે ભારતમાં આ અદ્‌ભુત કૉર્પોરેટ ઓનરશિપ ટ્રાન્સફરની ક્ષણને રેકોર્ડ કરવા માટે તેમની પાસે કોઈ કૅમેરો નહોતો.' રતન તાતાએ એ સમયના માહોલને દર્શાવ્યો છે. 'મેં મારા અનેક સાથીઓને એવું કહેતા સાંભળ્યા છે કે એ દિવસે ઇતિહાસ રચાયો હતો. કેમ કે જેઆરડી એ પદ છોડી રહ્યા હતા જે તેમણે પચાસ વર્ષ સુધી સંભાળ્યું હતું. એ પદ સાથે અનેક લાગણીઓ જોડાયેલી હતી અને હવે તેઓ ચૅરમેનશિપ અન્ય કોઈને આપી રહ્યા હતા. જેઆરડીએ એક મીટિંગમાં ટાટા ગ્રૂપ સાથેની પોતાની સફરને અત્યંત બારીકાઈથી યાદ કરી. એ ભાવુક બનાવી નાખનારી ક્ષણો હતી. એ ક્ષણોને ફરીથી જીવંત કરવાનું તેમને માટે મુશ્કેલ છે. એ અવસર આર્કાઇવમાંથી યાદોને બહાર કાઢીને તેને ફરીથી ઘટિત કરવા જેવું હતું. જે તેમણે તાતા ગ્રૂપ સાથે પસાર કર્યા હતા. અમે બધા દ્રવિત થઈ ગયા હતા. એ એક યુગનો અંત અને નવા સમયનો ઉદ્‌ગમ કાળ હતો.' અત્રે એ ઉલ્લેખનીય છે કે ૧૯૯૧માં તાતા જૂથની જવાબદારી રતન તાતાને સોંપ્યા પછી નવેમ્બર ૧૯૯૩માં જેઆરડી તાતાનું નિધન થયું હતું. ત્યારે તેઓ ૮૯ વર્ષના હતા. રતન તાતા કહે છે કે, 'તેઓ તેમની કિશોરાવસ્થામાં જેઆરડી તાતાને જાણતા પણ નહોતા. રતન તાતાની જેઆરડી સાથે કોઈ પણ પ્રકારની સીધી રિશ્તેદારી નહોતી. તેમણે જેઆરડીને જ્યારે તેઓ જમશેદપુરમાં હતા ત્યારે પહેલી વખત ઓળખ્યા અને તેનું એક અનોખું કારણ હતું. બંનેને વિમાન ઉડાડવાનો શોખ હતો અને એ એવો શોખ હતો કે જેને કારણે બંને એકબીજાની નજીક આવી ગયા.' જેઆરડીના કહેવાથી રતન તાતાએ જમશેદપુરમાં લાયન ક્લબની સ્થાપના કરી. એ પછી ધીરે-ધીરે બંનેનું બોન્ડિંગ મજબૂત થતું ગયું. નવી ટૅક્નોલૉજી, ઇલેક્ટ્રોનિક્સ, કમ્પ્યુટર — આ બધી એવી વાતો હતી કે જેને વિશે બંને વચ્ચે ખૂબ ચર્ચા થતી. બંનેનું એક કોમન ગ્રાઉન્ડ હતું. તેઓ બંને આ મુદ્દા પર ચર્ચા કરીને આવનારી દુનિયાના રોમાંચ અને પડકારોને અનુભવી શકતા હતા. રતન તાતા કહે છે કે જેઆરડી પાસેથી તેમણે જે સૌથી વધુ મહત્ત્વની વાત શીખી હતી તે હતી ન્યાયની ભાવના. સેન્સ ઑફ જસ્ટિસ. રતન તાતાએ તેમની કારકિર્દીમાં આ મૂલ્યને હંમેશાં સાથે રાખીને ચાલવાનો પ્રયાસ કર્યો હતો. ■



# ગાંધીજીની ખાદી જનસામાન્યની પહોંચથી દૂર

**ગાંધીજીની ખાદી આજે માત્ર વારે-તહેવારે, સરકારી કાર્યક્રમોમાં કે ખૂબ પૈસાપાત્ર વ્યક્તિઓ પાસે જ દેખાય છે. ખૂબ મોંઘી ખાદી ખરીદવાનું સામાન્ય લોકોનું ગજું રહ્યું નથી. ખાદી મોંઘી થઈ એ માટે સરકારી અધિકારીઓની અવ્યવહારુ નીતિ જવાબદાર છે. આજે ખાદીના વણાટ સહિતનાં કામો માટે નવી પેઢી આવવા તૈયાર નથી. ઓછું વળતર અને વધુ મહેનતના કારણે કારીગરો ખાદીથી દૂર થઈ રહ્યા છે.**

ગાંધીજી ખાદીને સ્વરાજ મેળવવાનું અમોઘ અસ્ત્ર માનતા હતા. સામાન્ય લોકો ખાદીથી પગભર થઈ શકતા હતા. ચરખો ચલાવીને પોતે દેશના કામમાં સહભાગી થઈ રહ્યા છે તેવો સંતોષ પણ મેળવી શકતા હતા. આખા દેશના મોટા ભાગના લોકો ખાદી કાંતવા સાથે, વણવા સાથે સંકળાયેલા હતા, પરંતુ આજે ખાદી જનમાનસમાંથી ભૂલાઈ ગઈ છે. ગાંધી જયંતી જેવા એકાદ દિવસે જ લોકો તેને યાદ કરે છે. જ્યારે સામાન્ય લોકો ખાદીથી દૂર થયા છે ત્યારે તેની સાથે સંકળાયેલા, કાંતવાવાળા, વણવાવાળા, રંગવાવાળા, છાપવાવાળા, ધોલાઈ કરવાવાળા કે સિલાઈ કરવાવાળા કારીગરો પણ ઘટવા લાગ્યા છે. આમ પણ ખૂબ મોંઘી ખાદી સામાન્ય લોકોની પહોંચમાં નથી. માત્ર પૈસાપાત્ર વ્યક્તિઓ શોખ ખાતર ક્યારેક તે ધારણ કરે છે. આ બધાનું મુખ્ય કારણ છે, સરકારની અવ્યવહારુ નીતિ. જો સરકારી નીતિ થોડી વ્યવહારુ બને તો ફરી વખત ગરીબો રોજીરોટી રળી આપતી ખાદી સામાન્ય લોકોના પહેરવેશમાં પોતાનું સ્થાન જમાવી શકે.

ખાદી મોંઘી બની છે, તેથી તેના વેચાણ ઉપર અસર થઈ છે. ભાવ વધવાનાં અનેક કારણો છે. સરકાર ખાદી ઉપર વળતર આપે છે, પરંતુ જે ખાદી ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં બની હોય તે અને તેટલી જ ખાદી વળતર યોગ્ય ગણાય છે. આખા વર્ષ દરમિયાન જે ઉત્પાદન થયું હોય તે વળતર પાત્ર હોતું નથી. આથી બહુ ઓછી ખાદી ઉપર વળતર મળે છે. તેવી જ રીતે પહેલાં ખાદીને સરકારના વિવિધ ટૅક્સમાંથી મુક્તિ હતી, પરંતુ હવે ખાદી કામને એક ઉદ્યોગ ગણીને તેને પણ લેબર લૉ નીચે આવરી લેવામાં આવ્યું છે. તેથી કારીગરો કે અન્ય લોકો જે ખાદી સાથે સંકળાયેલા છે તેમને લેબર લૉ મુજબ જ વળતર આપવું પડે છે. જો સરકાર ખાદી સંસ્થાઓને કારીગરોને ચૂકવવાના થતી રકમમાં જ સહાય આપે તો ખાદીની કિંમતમાં ઘટાડો થઈ શકે, ભાવ ઘટવાના કારણે તેનું વેચાણ વધી શકે, તે વધુ રોજગારી ઊભી કરી શકે. અત્યારે ખાદીમાંથી થતી આવક વધી નથી, પરંતુ તે માટે ચૂકવવાની રકમમાં ધરખમ વધારો થયો છે. ખાદી માટે જરૂરી એવા કાચા માલના ભાવ બે ગણાથી વધુ થયા છે. જેની અસર પણ ખાદીની કિંમત ઉપર પડે છે.

કચ્છમાં ચાર ખાદી સંસ્થાઓ કાર્યરત છે- કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘ, ભુજ, પશ્ચિમ કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘ, કોઠારા, ભીમાણી ખાદી ગ્રામોદ્યોગ સંઘ, માંડવી અને ભીમાણી

ખાદી ગ્રામોદ્યોગ મંડળ, નીલપર, રાપર. ભીમાણી ખાદી ગ્રામોદ્યોગ સંઘ, માંડવીના ટ્રસ્ટી અને ઑફિસ સેક્રેટરી દિનેશભાઈ ઠક્કર સાથે વાત કરતાં તેઓ જણાવે છે કે, 'ખાદીના વેચાણમાં ઘટાડો થયો છે તે હકીકત છે. તેના માટે મુખ્યત્વે જવાબદાર ખાદીના ભાવમાં થયેલો ધરખમ વધારો, કારીગરોની ઘટ, સરકારની અવ્યવહારુ નીતિઓ. ખાદીની જે વસ્તુ થોડાં વર્ષો પહેલાં ૨૦-૨૫ રૂપિયાના ભાવે મળતી હતી તે આજે રૂ. ૧૦૦થી વધુના ભાવે વેચાય છે. સામાન્ય લોકોની પહોંચની બહાર ખાદી પહોંચી છે. ખાદીના કારીગરોની નવી પેઢી આ કામમાં આવવા તૈયાર નથી. વધુ મહેનત અને તેના પ્રમાણમાં થોડું વળતર નવી પેઢીને આકર્ષી શકતું નથી. ઉપરછલ્લી નજરે જોવા જઈએ તો કારીગરોને મળતું વળતર વધ્યું હોય તેવું જરૂર લાગે, પરંતુ તેની સામે તેમને કરવા પડતાં શ્રમ પણ ઘણાં વધુ હોય છે. આખા કુટુંબે તેમાં જોડાવું પડતું હોય છે. રોજના ૮થી ૧૦ કલાક મહેનતવાળું કામ કરવું પડતું હોય છે.'

**ખાદીની જે વસ્તુ થોડાં વર્ષો પહેલાં ૨૦-૨૫ રૂપિયાના ભાવે મળતી હતી તે આજે રૂ. ૧૦૦થી વધુના ભાવે વેચાય છે. ખાદીના કારીગરોની નવી પેઢી આ કામમાં આવવા તૈયાર નથી**

નવી પેઢી ખાદીકામમાં આવવા તૈયાર ન હોવાનાં વધુ કારણો આપતાં તેઓ કહે છે, 'આઝાદીના સમય પહેલાં અને તે આસપાસના સમયમાં ગામડાંમાં ઉદ્યોગો ન હતા. તેથી સ્થાનિકોને રોજગારીની વિવિધ તકો પણ ન હતી. જેથી લોકો ખાદી કામ કરતા હતા. જ્યારે આજે કચ્છ સહિત દેશભરમાં ઉદ્યોગો વધ્યા છે. રોજગારીની તકો વધી છે. યુવાનો માટે રોજગારીની પસંદગી માટે વિવિધ તકો ઉપલબ્ધ છે. તેવી જ રીતે ઘરની મહિલાઓ ઘરે બેઠા કરી શકે તેવા કામોના વિકલ્પો પણ વધ્યા છે. પરંપરાગત હસ્તકલાનું મૂલ્ય વધ્યું છે. વણકરો માટે શાલ બનાવવા જેવા વધુ આવક રળી આપતાં વિકલ્પો હાજર છે.'

ખાદી મોંઘી થઈ તે માટે સરકાર અધિકારીઓ દ્વારા અપનાવાતી અવ્યવહારુ નીતિને જવાબદાર ઠેરવતા તેઓ કહે છે, 'સરકાર તો આપવા માટે તૈયાર છે, પરંતુ અધિકારીઓ, કારીગરો કે ખાદીના હિતના પ્રશ્નો માટેની નીતિને અવ્યવહારુ બનાવે છે. પહેલાં ખાદીને ટૅક્સમાંથી મુક્તિ મળતી હતી, આજે પણ મુક્તિ તો છે, પરંતુ તે બંધનવાળી છે. ખાદી સંઘોને પણ મિલ- ઉદ્યોગોના ધારાધોરણ લગાવી દેવામાં આવ્યા છે. લેબર લૉ, લઘુતમ વેતન કાયદા હેઠળ ખાદીને આવરી લેવાઈ છે. આથી ખાદી માટે ચૂકવવાના થતાં નાણાં ખૂબ વધી ગયા છે. વધારાના ખર્ચનો

## HOFનું ૧૦૦૧ દિવસનું 'એન્ટી ડ્રગ એબ્યુઝ' જાગૃતિ અભિયાન શરૂ




**HOF** ગ્રૂપના ૪૫૦થી વધુ કર્મચારીઓ અને સિનિયર મેનેજમેન્ટે અમદાવાદ અને ગાંધીનગરને ડ્રગ ફ્રી શહેર બનાવવા માટે ૧૦૦૧ દિવસ સુધી ઝુંબેશ ચલાવવાનો સંકલ્પ લીધો.

અમદાવાદઃ **HOF,** ફર્નિચર સોલ્યુશન્સ અને ફાર્મા બિઝનેસમાં અમદાવાદનું અગ્રણી કોર્પોરેટ જૂથ છે, **HOF** ફાર્માસ્યુટિકલ લિમિટેડની ત્રીજી વર્ષગાંઠ સાથે 'એન્ટી ડ્રગ એબ્યુઝ' જાગૃતિ અભિયાન શરૂ કરાયુ છે. આ પ્રસંગે **HOF**ના ૪૫૦થી વધુ કર્મચારીઓ અને સિનિયર મેનેજમેન્ટે ડ્રગ જાગૃતિ અંગે શપથ લીધા હતા, અને ડ્રગના દુરૂપયોગ સામે લડવા માટે લોકોને જાગૃત કરવા પર ભાર મૂક્યો હતો.

અમદાવાદ પોલીસના સહયોગથી ડ્રગ જાગૃતિ અભિયાન શરૂ કરાયું છે. પૂર્વ **NCB** ઓફિસર અને 'ઇન્ડિયા ડ્રગ્ડ' પુસ્તકના લેખક મોનિશ ભલ્લા અને રોટરી ક્લબ ઓફ અમદાવાદના ડૉ સૌમિત્ર બેનર્જી સક્રિયપણે આ ઝુંબેશમાં ભાગીદારી કરી રહ્યાં છે. જે ૧૦૦૧ દિવસ એટલે કે આગામી ત્રણ વર્ષ સુધી ચાલશે. આ ઝુંબેશનો હેતુ માદક દ્રવ્યોના દૂરુપયોગ અને જોખમો અંગે ખાસ કરીને યુવાનો અને સમાજમાં જાગૃતિ લાવવાનો છે અને આવા દૂષણો કેવી રીતે અટકાવવા તે અંગે સમજ આપવાનો છે.

ડ્રગ જાગૃતિ અભિયાન અંગે વાત કરતા **HOF** ગ્રૂપના ચેરમેન પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે, "આજના યુગમાં બાળકો અને યુવાનો અનેક પડકારોનો સામનો કરી રહ્યાં છે, ત્યારે ડ્રગ અંગે જાગૃતિ લાવવી પહેલાં કરતા વધુ મહત્વની બની ગઇ છે. આ ઝૂંબેશ દ્વારા અમે પડકારોનો સામનો કરવા અને દરેક માટે સુરક્ષિત અને સ્વસ્થ ભવિષ્ય બનાવવા માટે સક્રિય પગલાં લઇ રહ્યાં છીએ. મને વિશ્વાસ છે કે આ પ્રયાસ આપણા બાળકો અને સમુદાયને સશક્ત બનાવશે અને તેની કાયમી છાપ છોડશે."

**HOF**ના કર્મચારીઓએ કેન્દ્ર સરકારના યુનિફાઇડ ઓનલાઇન પ્લેજ પ્લેટફોર્મ **MyGov** પર ડ્રગ જાગૃતિના શપથ લીધા હતા, જે સમાજ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

**HOF** ખૂબ જ કાળજીથી તૈયાર કરાયેલ ઉચ્ચકક્ષાના ફર્નિચર સોલ્યુશન્સમાં અગ્રણી છે. આ ગ્રૂપ ફાર્માસ્યુટિકલ ઉત્પાદોનો જેવા કે ટેબલેટ, કેપ્સ્યુલ્સ અને ઓરલ લિક્વિડ્સનું ઉત્પાદન અને નિકાસ પણ કરે છે. કાળજી અને સંભાળના સિદ્ધાંતો સાથે **HOF** વિશ્વભરના લોકોના સ્વાસ્થ્ય અને સુખાકારીને સુધારવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.




બોજો ખાદીના ભાવ પર આવી ગયો અને ખાદી મોંઘી થઈ ગઈ. આજે ખાદીનો ભાવ ૪ ગણો થઈ ગયો છે. બજારમાં સાદું કોટન કપડું રૂ. ૬૦નું મીટર હોય તો તેવા જ પ્રકારની ખાદીનો રૂ. ૨૪૦નો થઈ જાય છે. બજારમાં મળતું કોટનનું કપડું મિલમાં બને છે, જ્યારે ખાદી હાથેથી. હાથવણાટથી કામને વાર લાગે, ઉત્પાદન ઓછું થાય. તેની અસર પણ ભાવ ઉપર થાય. આ ઉપરાંત ખાદી ઉપર વળતર મળે છે એ સાચું, પરંતુ જ્યારે રિબેટ જાહેર થાય તે સમયગાળામાં બનેલી ખાદી ઉપર જ રિબેટ મળી શકે છે. આખા વર્ષ દરમિયાન તૈયાર થયેલી ખાદી ઉપર વળતર મળતું નથી. ઑક્ટોબરથી ડિસેમ્બર સુધીનું ઉત્પાદન જ વળતરપાત્ર ગણાય છે. આથી ખાદી સંઘો પણ આખું વર્ષ કાપડ તૈયાર કરાવતાં નથી અને તેના કારણે ખાદી કારીગરોને વર્ષ આખું રોજગારી પણ મળી શકતી નથી. હાલમાં વેચાણના બદલે ઉત્પાદન ઉપર રિબેટ આપવાની નીતિ તદ્દન અવ્યવહારુ છે.'

તેઓ વિશેષમાં જણાવે છે કે, 'આવી જ રીતે ખાદીનો કાચો માલ એટલે કે રૂની પૂણી પણ અમે મુક્ત બજારમાંથી ખરીદી શકતા નથી. તે અમારે શિહોરમાં આવેલા પૂણી પ્લાન્ટમાંથી જ ખરીદવી પડે છે. જો અધિકારીઓ અમને બહારથી પૂણી ખરીદવાની અથવા અમે પોતે જ તે બનાવી શકીએ તે માટે મંજૂરી આપે તો કાચા માલની કિંમતમાં ઘટાડો થઈ શકે.'

આ પ્રશ્નોના નિરાકરણની ચર્ચા કરતાં તેઓ જણાવે છે કે, 'નીતિમાં બદલાવ લાવવો જરૂરી છે. ખાદી એટલે હાથેથી કાંતેલું અને હાથેથી વણેલું વસ્ત્ર. અત્યારે ખાદી કાંતવામાં ખૂબ પરિશ્રમ પડે છે. કાંતવા માટે ખાદીના કારીગરો ઇલેક્ટ્રિક મોટરો લગાવી શકતા નથી, પરંતુ જો સોલાર મોટર લગાવવાની પરવાનગી મળે તો પણ કારીગરોનો શ્રમ ઘટે, સમય બચે અને ઉત્પાદનમાં વધારો થઈ શકે. સરવાળે ભાવ ઘટી શકે. કારીગરોની આવક વધે, તેથી નવી પેઢી પણ કામ કરવા તૈયાર થાય. આ ઉપરાંત આખા વર્ષ દરમિયાનના ઉત્પાદન ઉપર વળતર મળવું જોઈએ. ઉત્પાદનના બદલે વેચાણ ઉપર વળતર ચૂકવવું જોઈએ. જો આ બધી બાબતો અંગે યોગ્ય વિચારણાના અંતે નિર્ણયો લેવાય તો ખાદી કારીગરો અને સ્વયં ખાદીનું ભવિષ્ય ચમકવાની શક્યતા રહે છે,

**જો સરકાર ખાદી સાથે સંકળાયેલા તમામ પ્રકારના કારીગરોની મજૂરીમાં ૫૦ ટકાની સહાય આપે અને કપાસ ખરીદી સસ્તી કરે તો ખાદી સસ્તી થઈ શકે અને સામાન્ય માણસ પણ તેને ખરીદી શકે**

અન્યથા બંનેનું ભાવિ અંધકારમય ભાસે છે.'

કંઈક આવી જ વાત કરતાં ભીમાણી ખાદી મંડળ, નીલપર- રાપરના મંત્રી કનુભા જાડેજા જણાવે છે કે, 'ખાદી મોંઘી થવાના કારણે તેનું વેચાણ ઘટ્યું છે. રૂના ભાવ વધ્યા છે, આંટીના ભાવ વધ્યા છે. કારીગરોને આપવાની રોજી બમણી થઈ ગઈ છે. તેથી ખાદી મોંઘી થઈ છે. તેનું વેચાણ ઘટી રહ્યું છે. નવા કારીગરોને નવું કામ આપી શકાતું નથી. વળતરની નીતિના કારણે તૈયાર ખાદીનો ભરાવો થઈ જાય છે. મૂડી રોકાતી આવે છે. તેથી પૂરતી રોજગારી આપી શકાતી નથી. જો વળતર આખા વર્ષ દરમિયાન ઉત્પાદિત થતી ખાદી ઉપર આપવામાં આવે તો તેનો ભાવ ઘટી શકે. '

તેઓ વિશેષમાં જણાવે છે કે, 'ખાદીનું સૂતરનું કામ અઘરું હોય છે, કારણ તે હાથેથી કાંતીને બનાવેલું હોય છે. યુવા કારીગરો તેના પર કામ કરવા તૈયાર થતાં નથી. જ્યારે પાવરલૂમના સૂતરની ગુણવત્તા સારી હોય છે. તે વણવાનું પણ સહેલું હોય છે. આજે નવી ટેક્નોલૉજીનો ઉપયોગ વધ્યો છે. નવા ચરખા આવી ગયા છે, જેનાથી બનતા સૂતરની ગુણવત્તા વધુ સારી હોય છે, પરંતુ જો કોઈ કારીગર થોડાક પણ બેદરકાર રહે તો તેની ગુણવત્તા પર અસર પડે છે અને સરવાળે ધાગા તૂટવાનું પ્રમાણ વધે છે. આથી તૈયાર ખાદીની પડતર કિંમત વધી જાય છે. ખાદીનું કામ ગામડાંને તૂટતાં અટકાવે છે અને શહેરીકરણની પ્રક્રિયાનો વેગ ઘટાડે છે. જો સરકાર ખાદી સાથે સંકળાયેલા તમામ પ્રકારના કારીગરોની મજૂરીમાં ૫૦ ટકાની સહાય આપે અને કપાસ ખરીદી સસ્તી કરે તો ખાદી સસ્તી થઈ શકે અને સામાન્ય માણસ પણ તેને ખરીદી શકે અને સરવાળે સરકારને રિબેટ આપવાની જરૂર જ નહીં પડે.'

પશ્ચિમ કચ્છ ખાદી ગ્રામોદ્યોગના ખોડુભા જાડેજા જણાવે છે કે, 'ખાદીનું વેચાણ ઘટ્યું છે તે હકીકત છે. તેની વેચાણ કિંમતના આંકડા જોઈએ તો બહુ ફરક દેખાતો નથી, પણ હકીકતે ખાદી મોંઘી થઈ હોવાથી વેચાણના આંકડામાં બહુ ફરક જોવા મળતો નથી. કોટન ખાદીમાં ઝભ્ભા, લેંઘા, ઓઢવા- પાથરવાની ચાદરો, રૂમાલ, સદરા જેવી વસ્તુઓ વધુ વેચાય છે. જ્યારે યુવા વર્ગને રંગીન કપડાં વધુ ગમતાં હોય છે. આથી ખાદીને રંગાવવી અને છપાવવી પડે છે. જેથી પ્રોસેસિંગ ખર્ચ ઘણો વધી જાય છે.' ■



# રાજાજી નેશનલ પાર્ક, ઉત્તરાખંડ

**દેવભૂમિ** ઉત્તરાખંડ એટલે માત્ર ચારધામ યાત્રા અને તીર્થસ્થાનો જ એવું નથી. આ પવિત્ર ભૂમિ પર એટલાં જ રસપ્રદ રાષ્ટ્રીય ઉદ્યાનો પણ છે જે તેની જૈવિક વિવિધતા માટે જાણીતાં છે.

આપણી સ્વતંત્રતા ચળવળના અગત્યના નેતા, સ્વતંત્ર ભારતના પહેલા અને છેલ્લા ગવર્નર જનરલ અને ૧૯૫૪માં સૌ પ્રથમ ભારતરત્ન મેળવનાર ચક્રવર્તી રાજગોપાલાચારી એટલે રાજાજી પરથી નામકરણ થયેલ ઉત્તરાખંડનો રાજાજી નેશનલ પાર્ક ઉત્તરાખંડનું રાષ્ટ્રીય ઉદ્યાન તો છે જ પરંતુ ટાઇગર રિઝર્વ પણ છે જે ૧૯૭૩માં શરૂ થયેલા પ્રોજેક્ટ ટાઇગર અંતર્ગત આવેલું ૮૨૦ ચોરસ કિલોમીટરમાં પથરાયેલું રાષ્ટ્રીય ઉદ્યાન છે.

હરિદ્વાર, દહેરાદૂન અને પૌડી ગઢવાલ એમ ત્રણ જિલ્લાઓમાં વિસ્તરેલો આ નેશનલ પાર્ક ૧૯૮૩માં ચિલ્લા, મોતીચૂર અને રાજાજી એમ કુલ ત્રણ અલગ-અલગ વન્યજીવન અભયારણ્યોમાંથી મર્જ થઈ અને બનેલો નેશનલ પાર્ક છે.

ટાઇગર રિઝર્વનું સ્ટેટસ મેળવેલ રાજાજી ઉત્તરાખંડનો જીમ કોરબેટ નેશનલ પાર્ક પછીનો બીજો ટાઇગર રિઝર્વ નેશનલ પાર્ક છે, જે હિમાલયની શિવાલિક પર્વતમાળાની તળેટીમાં શિવાલિક રેન્જની સમાંતરે રહેલો છે.

શિવાલિક ઇકો-સિસ્ટમને બયાં કરતાં તેનાં રૂપ-રંગ ખરાઉ જંગલ, સેમિ-એવરગ્રીન જંગલ અને ઘાસિયા ભૂપ્રદેશના જંગલની વિવિધતા ધરાવી સિંધુ-ગંગા વર્ષાવનોના પ્રકારથી પ્રકૃતિપ્રેમીઓને આકર્ષે છે.

વાઘ અને એશિયન એલિફન્ટથી રુઆબદાર રાજાજીમાં દીપડા, જંગલ કેટ, સફેદમુખ અને ગળે સફેદ હાર જેવો પેચ ધરાવતા સ્લોથ બેર, શરીરે ચટ્ટાપટ્ટા ધરાવતાં જરખ, ગોરલ, સાબર, જંગલી ભૂંડ, બાર્કિંગ-ડિઅર અને કાળા રીંછ તો છે જ, પરંતુ તે ઉપરાંત જળ કાંજિયા, બ્રાહ્મણી ડક અને મધ્યમ કદના ડાઈવિંગ ડક એવા કોમન પોચાર્ડ પણ છે.

તે ઉપરાંત કિંગ-કોબ્રા, કોમન ક્રેઇટ અને બર્મીઝ પાયથન જેવા સરિસૃપો રાજાજીની શાન છે, કારણ કે આ બર્મીઝ અજગર તો સાપની પ્રજાતિઓમાંના એક છે, જે મૂળે દક્ષિણ-પૂર્વ એશિયાના વતની છે.

રાજાજી રાષ્ટ્રીય ઉદ્યાનની સમૃદ્ધ જૈવિક વિવિધતામાં અહીં જોવા મળતાં ઇન્ડિયન લંગૂર, હનુમાન લંગૂર અને લઘુપુચ્છ મકાકનો રોલ પણ મહત્ત્વનો છે. સૂર્યોદય થતાં જ રાજાજીનાં વૃક્ષો અને પર્ણસમૂહો પર આ તોફાની પ્રાઈમેટનું સમૂહગાન જંગલમાં પડઘાય છે અને અંદરોઅંદરની તેઓની વાતચીતથી જંગલની સુસંવાદિતતા અને સહકાર પણ જળવાય છે.

નાના કદના સસ્તનીય પ્રાણીઓમાં અહીંનાં ભારતીય સસલાં પોતાનું છ-સાત કિલોનું વજન લઈ, કાન સરવા રાખી આમ તેમ દોડ્યા કરે છે અને શિકારીઓથી બચવા જાતને છુપાવ્યા પણ કરે છે. આ સસલાં ઉપરાંત ઇન્ડિયન ક્રેસ્ટેડપોર્ક્યુપાઇન એટલે શાહુડી પણ સદ્દભાગી મુલાકાતીઓને દેખા દે છે ત્યારે તેના અણીવાળા કલમ જેવા કાંટા જોઈને કેટલાક પ્રવાસીઓને આશ્ચર્ય થાય છે.

૩૧૫ પ્રજાતિઓના રંગબેરંગી પક્ષીઓથી





ગુંજતા આ રાષ્ટ્રીય ઉદ્યાનમાં મોર પુષ્કળ છે. સતત પાંખ ફફડાવતાં પતંગિયાં રાજાજીના પ્રાકૃતિક સૌંદર્યમાં વધારો કરે છે અને કલગીવાળો કલકલિયો, બેબલર, પીળક, ગ્રેઇટ હોર્નબિલ તો અહીં જોવા મળે જ છે, પરંતુ તે ઉપરાંત લાલ પગ અને માથાવાળી ગુચ્છેદાર ચકલી જેવો કંસારો અહીં વૃક્ષની ટોચે બેઠેલો જડી આવે છે. અહીં કાળા માથાળા સ્લેટી હેડેડ પેરાકિટ, તેતર, ઘુવડ અને આંખની કાળી ભમ્મર કીકી ફરતે પીળી લાઇનિંગવાળું ગોલ્ડન સ્પેક્ટેકલ વૉબલર સમધુર ગીતો ગાતું પણ જડી આવે છે.

સરિસૃપો, સસ્તનીય પ્રાણીઓ અને રંગીન પક્ષીઓ ધરાવતાં આ ઉદ્યાનમાં વનસ્પતિ સૃષ્ટિની વિવિધતા પણ એટલી જ છે. અહીં નાઇન્ડો-ગૅંગટીક મેદાન અને શિવાલિક ગિરિમાળાથી બનતાં આ જંગલની ભૂમિ ગ્રાસલૅન્ડ અને સ્ક્રબલૅન્ડવાળી છે, જ્યાંના લીલાછમ જંગલમાં સીસમ, સાલ, આમળાં, અમલતાસ, કેસૂડો, કાંચનાર અને ચિલ્લા વૃક્ષ પણ છે, જે મધુપ્રમેહ અને કૅન્સરના ઉપચારમાં ઉપયોગી ઔષધિય ગુણ ધરાવે છે.

પ્રવાસીઓની સંખ્યાને સંતુલિત કરવા રાજાજી રાષ્ટ્રીય ઉદ્યાનની જંગલ સફારીને કુલ દસ ઝોનમાં વિભાજિત કરવામાં આવી છે, જેના ચાર મુખ્ય ઝોનમાં ઝિલમિલ સફારી ઝોન આખું વર્ષ ખુલ્લું હોય છે, જ્યારે ચિલ્લા, રાનીપુર અને મોતીચૂર ઝોન પંદર નવેમ્બરથી ખૂલે છે.

હરિદ્વાર-ઋષિકેશ વચ્ચે દસથી વીસ કિલોમીટરના અંતરે રહેલા આ દસ ઝોનના પ્રવેશદ્વારેથી આપણે અડધા કે આખા દિવસની સફારીનો પ્રવેશ લઈ શકીએ છીએ. ચિલ્લા, મોતીચૂર, રાનીપુર, ઝિલમિલ, રામગઢ ઝોન દહેરાદૂન, મોહંદ સફારી ઉપરાંત પેબલ રિવર જીપ ડ્રાઇવ અને માઉન્ટેઇન જંગલ જીપ ડ્રાઇવ આપણને આપણા આગોતરા બુકિંગ પ્રમાણેની જંગલ સફારી આપી નિશ્ચિત ઝોનના ગેઇટ પરથી પ્રવેશ આપે છે.

હરિદ્વારથી દસ કિલોમીટર દૂર ચિલ્લા સફારીનો ગંગા નદી પરનો સૂર્યાસ્ત, સુવેનિયર શોપ અને વન્ય જીવન પરનાં પુસ્તકો રસપ્રદ છે. બે કલાકની સફારી આપતાં મોતીચૂર ઝોનના જંગલમાં સાલનું ઘટાટોપ જંગલ, ક્યાંક છુપાયેલો દીપડો, હાથીઓનાં ઝુંડ, લક્કડખોદનું ટકટક અને ટપકાવાળા હરણની ચંચળતા માણવા જેવી છે. પચ્ચીસ કિલોમીટરની ટ્રૅક લેન્થની બે કલાકની જંગલ સફારી આપતી રાનીપુર ઝોન સફારીમાં સાબર, નીલગાય અને લક બાય ચાન્સ દીપડાનાં દર્શન થઈ શકે છે, પરંતુ અહીંની મજા ગ્રાસલૅન્ડ આસપાસ છવાયેલી ટેકરીઓના દૃશ્યફલકની છે.

અઢી કલાક અને ત્રીસ કિલોમીટર લાંબી સફારી આપતો ઝિલમિલ સફારી ઝોન રાજાજીનો બફર ઝોન છે. અહીં વહેતી ગંગાના કિનારે અને ઝિલમિલ સરોવર આસપાસ બારસિંઘ, દીપડો અને હાથી જોવા મળી જાય તો એવા વિચારે આપણે આપણા કૅમેરાને સાવધાન મોડ પર રાખવાનો છે.

> **૨૫ કિલોમીટરની ટ્રૅક લેન્થની બે કલાકની જંગલ સફારી આપતી રાનીપુર ઝોન સફારીમાં સાબર, નીલગાય અને દીપડાનાં દર્શન પણ થઈ શકે છે, પરંતુ અહીંની મજા ગ્રાસલૅન્ડ આસપાસ છવાયેલી ટેકરીઓના દૃશ્યફલકની છે**

આપણે દહેરાદૂનમાં હોઈએ તો રામગઢ સફારી ઝોન રાજાજીનો ખૂબ નજીકનો એન્ટ્રી પોઇન્ટ છે. અહીં સાલનાં વૃક્ષોમાંથી ચળાઈને આવતો સૂર્યપ્રકાશ વર્થ કેપ્ચરિંગ છે અને દોઢ દોઢ મીટર ઊંચા ઊધઈના રાફડા રીંછને ખૂબ ગમતાં સ્થળની હાજરી દર્શાવી આપણને જંગલની રોમાંચક ફીલ પણ આપે છે.

દિલ્હી-દેહરાદૂન નેશનલ હાઈવે નંબર 72A પર સ્થિત મોહંદસફારી એટલે આમ તો ચિલ્લા ઝોન સફારી. અઢી કલાકની આ સફારીમાં હિમાલયનો ખડકાળ ભૂપ્રદેશ અને શિવાલિક પર્વતમાળાનાં દર્શન થાય છે. દીપડાના સાઇટિંગ માટે શ્રેષ્ઠ ગણાતી મોહંદ સફારીમાં વાઘ જોવા મળી જાય તો ફેરો સફળ છે. જંગલ સફારી દહેરાદૂન તરીકે ઓળખાતા આ ફૉરેસ્ટ ઝોનની સફારી ૩૫ કિલોમીટરની છે, જે અઢી કલાકમાં કવર થાય છે અને આપણે મોહંદની સુપરનેચરલ સુંદરતાને જી જાનથી માણી જંગલની જેન્યુઇન ફીલ અનુભવવા સાથે સદ્‌ભાગ્ય હોય તો એકસાથે બે-ત્રણ દીપડા પણ જોઈ શકીએ એવું પણ બને.

હરિદ્વાર-ઋષિકેશ વિસ્તારનો સૌથી દર્શનીય વ્યૂ આપતી ત્રણ કલાક અને ચાલીસ કિલોમીટરની માઉન્ટેઇન જંગલ જીપ ડ્રાઇવ રાજાજી રાષ્ટ્રીય ઉદ્યાનની એવી ઓપન જીપ ડ્રાઇવ છે, જેમાં પંદર કિલોમીટરની ડ્રાઇવ તો રાજાજીના બફર ઝોનની છે. આ સફારી જ્યારે ૩૦૦૦ ફૂટ સુધી ઉપર લઈ જાય છે ત્યારે રોમાંચક બનવા સાથે સાલનું ગાઢ જંગલ પણ બતાવી આપણને મંત્રમુગ્ધ કરે છે અને દેવભૂમિ ઉત્તરાખંડના જંગલનો જાદુ શું હોય

છે તેનો રોમાંચક અનુભવ પણ કરાવે છે.

વિવિધ ઝોનની રસપ્રદ સફારી લઈને આવતાં રાજાજી રાષ્ટ્રીય ઉદ્યાનમાં ચિલ્લા સફારી ઝોન વધુ લોકપ્રિય છે. હરિદ્વાર, દહેરાદૂન, કોટદ્વાર અને ઋષિકેશથી accessible ચિલ્લા, મોતીચૂર, રાનીપુર અને ઝિલમિલ એવા ચાર ગેઇટમાં કે એક પણ સફારી ઝોનમાં પ્રાઇવેટ વાહનને અંદર પ્રવેશવાની અનુમતિ નથી.

સવારે સાતથી નવ અને સાંજે ત્રણથી પાંચની બે જીપ સફારી સિવાય અહીં પગપાળા ચાલીને જવાતું નથી. એશિયન એલિફન્ટ માટે સુવિખ્યાત રાજાજી રાષ્ટ્રીય ઉદ્યાનની પ્રવેશ ફી પરહેડ દોઢસો રૂપિયા છે, જ્યારે જીપ સફારીના પરહેડ અઢીસો ચૂકવી ગાઇડ, વીડિયોગ્રાફી, ફોટોગ્રાફી અને કૅમેરાની ફી આપણે અલગથી ચૂકવવાની છે.

હરિદ્વારથી આઠ, ઋષિકેશથી એકવીસ અને દહેરાદૂનથી પંચાવન કિલોમીટરના અંતરે સ્થિત આ રાજાજી નેશનલ પાર્ક લીલીછમ દહેરાદૂન વેલીનો પ્રદેશ છે, જે ઋષિકેશના



બીટલ્સ આશ્રમ(ચૌરાશી કુટિયા) સિવાય ૧૬ જૂનથી ૧૪ નવેમ્બર સુધી બંધ હોય છે અને એ પછી બધા જ ઝોનની જંગલ સફારી શરૂ થાય છે.

શિયાળે શરૂ થતી આ સફર અને આ જંગલ સફારી સુધી પહોંચવા ઊડીને જવું હોય તો અમદાવાદ-દહેરાદૂન ફ્લાઇટ બુક કરાવવી પડે. જો ટ્રેન ટ્રાવેલ જ કરવું હોય તો હરિદ્વાર કે ઋષિકેશ કેન બી એન ઓપ્શન. અહીં વાઇલ્ડબ્રુક રીટ્રીટ તો રાજાજી નેશનલ પાર્કની અંદર જ ઇકો-ફ્રેન્ડલી કોટેજીસ આપે છે અને તે ઉપરાંત પણ ગઢવાલ મંડલ વિકાસ નિગમનો ચિલ્લા રિસોર્ટ, અનેક જંગલ રિસોર્ટ, હોટલ, ઇકો વાઇલ્ડ કૅમ્પ, કેરેવાન સાઇટ, લોજ, ફોરેસ્ટ કેસલ અને ફાઇવ સ્ટાર હોટલ આપણને શિવાલિકની તળેટીમાં રહેલા રાજાજી રાષ્ટ્રીય ઉદ્યાનની રિયલ ફીલ આપવા તૈયાર છે.

બાકી અહીં શિયાળાના ધુમ્મસમાં લપેટાયેલી શિવાલિક રેન્જ છે. ગંગાનો પવિત્ર કિનારો છે. ગ્રાસલૅન્ડમાં રાજવી ઠાઠથી ચાલતા મદમસ્ત હાથીઓ છે. સવાર-સાંજના સોનેરી પ્રકાશમાં ઍન્ટિ લાઇટની ઓથે ઊભેલા સ્પોટેડડિઅર છે. ચિલ્લાવાલી રેન્જની ઑફિસ આસપાસ જોવા મળતાં વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર્સ છે. પક્ષી-પ્રાણીના ઍલાર્મ કૉલનું સંગીત છે. ઇજિપ્તિયન વલ્ચરની ઉડાન છે. એક સમયે જંગલમાં રહેતા વન ગુર્જરોનાં ઘરો છે. સ્પોટેડ ડિઅરનાઇન્ટેન્સ કૉલનો રોમાંચ છે અને રાજાજી નેશનલ પાર્કનું ભરપૂર પ્રાકૃતિક સૌંદર્ય છે જે જંગલ સફારીની સફરમાં આપણી સામેથી પસાર થતું થતું કહે છે કે,

'Embrace the untamed beauty of the jungle.' ■

# મહારાષ્ટ્રના કિલ્લા - ભવ્ય ભૂતકાળના વારસાનું અવલોકન કરો

**શું તમે મહારાષ્ટ્રની ભવ્ય વાસ્તુકળા અને કિલ્લાની અવિશ્વસનીય સુંદરતા જોવા માટે તૈયાર છો?**

ઇતિહાસ અને સંસ્કૃતિથી સમૃદ્ધ, મહારાષ્ટ્ર રાજ્યમાં ૩૫૦થી વધુ કિલ્લાઓ છે, જેમાંથી દરેકની પોતાની આગવી કહાની છે. છત્રપતિ શિવાજી મહારાજ અને તેમના મરાઠા સામ્રાજ્ય દ્વારા નિર્મિત આ અનન્ય સ્થાપત્ય અજાયબીઓ રાજ્યના ભવ્ય ભૂતકાળનું પ્રતીક છે. ભલે તમે ઇતિહાસ પ્રેમી હો, સાહસના શોખીન હો અથવા મહારાષ્ટ્રના વારસાની ઝલક મેળવવા માંગતા હો, આ પ્રતિષ્ઠિત કિલ્લાઓ જોવા જ જોઈએ. જો તમે મહારાષ્ટ્રના વારસાની ઝલક મેળવવા માંગતા હો, તો આ પ્રતિષ્ઠિત કિલ્લાઓ અવશ્ય જોવાલાયક સ્થળ છે.



**ભવિષ્યમાં ભૂતકાળનો અનુભવ કરો**

**સિંધુદુર્ગ કિલ્લો:** છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા ૧૭મી સદીમાં બનાવવામાં આવેલો આ કિલ્લો મરાઠા શૌર્યનું પ્રતીક છે. અહીં શિવાજી મહારાજને સમર્પિત એકમાત્ર મંદિરનાં દર્શન કરો અને મરાઠા સામ્રાજ્યના નૌસૈનિક અડ્ડાનાં રહસ્યો જાણો.

**મુરુદજંજીરા:** મુંબઈથી ૧૬૫ કિમી દક્ષિણે આવેલો, આ દુર્જેય દરિયાઈ કિલ્લો તેના ૧૯ ગોળાકાર બુર્જ, તોપો અને ત્રણ વિશાળ તોપો - કલાલબંગડી, ચાવરી અને લાંડાકસામ માટે પ્રખ્યાત છે.

**વિજય દુર્ગ કિલ્લો:** 'પૂર્વી જિબ્રાલ્ટર' તરીકે જાણીતો, આ અભેદ્ય કિલ્લો છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા વ્યક્તિગત રીતે જીતવામાં આવ્યો હતો, જે તેને મરાઠા ઇતિહાસનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બનાવે છે.

**શાંતિ અને પ્રાકૃતિક સુંદરતાનો અનુભવ કરો**

**શિવનેરી કિલ્લો:** છત્રપતિ શિવાજી મહારાજનું જન્મસ્થળ, આ કિલ્લો તેના તીરના આકાર અને અદ્‌ભુત દૃશ્યોને કારણે ફોટોગ્રાફીના શોખીનો માટે એક આદર્શ સ્થળ છે.

**સિંહગઢ કિલ્લો:** 'સિંહ કા કિલ્લા' તરીકે ઓળખાતો, આ ભવ્ય કિલ્લો દરિયાની સપાટીથી ૧૩૧૬ મીટરની ઉંચાઈ પર સ્થિત છે, જે આસપાસનાં આકર્ષક દૃશ્યો પ્રસ્તુત કરે છે.

**પ્રતાપગઢ કિલ્લો:** ૧૬૫૬-૫૮ ઈસવીસનમાં બાંધવામાં આવેલો, આ પહાડી કિલ્લો તેની બેવડી કિલ્લેબંધી અને દીવાલોની વિવિધ ઊંચાઈને કારણે એન્જિનિયરિંગમાં ચમત્કાર ગણાય છે.

**જો તમે રોમાંચ-પ્રેમી છો, તો આ તમારા માટે છે**

**લોહગઢ કિલ્લો:** મહારાષ્ટ્રના સૌથી જૂના કિલ્લાઓમાંનો એક, લોહગઢ કરલા અને ભાજા ગુફાઓનાં અદ્‌ભુત દૃશ્યો પ્રદાન કરે છે, જે ખાસ કરીને ચોમાસાની ઋતુમાં ટ્રૅકિંગ પ્રેમીઓ માટે એક મુખ્ય આકર્ષણ છે.

તો તમે રાહ કોની જુઓ છો? તમારી બેગ પેક કરો, તમારા ટ્રૅકિંગ શૂઝ પહેરો અને મહારાષ્ટ્રના આ ભવ્ય કિલ્લાઓની મુલાકાત લો, જ્યાં ઇતિહાસ જીવંત બને છે અને રોમાંચ દરેક પગલે તમારી રાહ જુએ છે!



# કામ, જો જો ક્યાંક કરી ન નાખે 'કામ' તમામ

**યંત્ર** એટલે કે જેના દ્વારા ચોક્કસ પ્રકારનાં કાર્ય ઓછા સમય અને પ્રયત્ન વડે ચોકસાઈપૂર્વક થઈ શકે. - યંત્ર એટલે કે મશીનની આ સાદી વ્યાખ્યા છે. આપણી આસપાસની દુનિયા, આપણું રોજિંદું જીવન અસંખ્ય યંત્રોથી ઘેરાયેલું છે. આપણે આધુનિક સમાજની રચના કરી શક્યા છીએ. આ યંત્રોના આવિષ્કારથી આપણાં જીવનમાં સુખસુવિધાનો અનેકગણો વધારો થયો છે, પરંતુ આ સંપૂર્ણ સત્ય નથી. યંત્રો વડે અને યંત્રની ગતિએ ચાલતા આધુનિક યુગમાં ઊભી થયેલી આધુનિક સમસ્યાઓ પણ ખૂબ ગંભીર છે. પહેલાં તો માણસની હરીફાઈ ફક્ત માણસો સાથે હતી, હવે એવું લાગે કે જાણે માણસને મશીનો સાથે હરીફાઈમાં ઊતરવું પડ્યું છે. આ હરીફાઈમાં એ સતત દોડી રહ્યો છે, થાકી રહ્યો છે, હાંફી રહ્યો છે અને ક્યારેક દમ તોડી રહ્યો છે.

તાજેતરમાં પૂણે ખાતેની ખ્યાતનામ મલ્ટિનેશનલ કંપનીમાં ઓડિટ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરતી યુવતીએ વધારે પડતાં કામના તણાવને કારણે જીવ ગુમાવ્યો. આ ઘટનાએ સર્વત્ર ચકચાર જગાડી છે. એ પછી આ પ્રકારના અગણિત કિસ્સાઓ સામે આવ્યા છે. તેને કારણે ભારતના વર્કપ્લેસ કલ્ચર વિશે ઉગ્ર ચર્ચાઓ છેડાઈ છે. ખાસ કરીને યુવાનો પોતાના અનુભવો વિશે ખૂલીને બોલી રહ્યા છે અને સિસ્ટમનું વરવું રૂપ સામે આવી રહ્યું છે. હાલના સમયમાં ઍમ્પ્લૉયમૅન્ટ લેન્ડસ્કેપમાં સતત અવેલેબલ રહેવાના વલણને ખાસ પ્રોત્સાહન આપવામાં આવે છે. પ્રગતિ કરવા માટે કર્મચારીઓ તેમના અંગત જીવનની બલિ ચડાવી રહ્યા છે. વળી, આ વલણને તેમનું ડેડિકેશન ગણાય છે, એ ખરેખર ચિંતાજનક છે. અંગત જીવનની સામે કામને પ્રાથમિકતા આપીને લાંબા સમય સુધી આ રીતે વ્યસ્ત રહેવાથી તેનાં આકરાં પરિણામો સહન કરવા પડે છે, જે આજકાલ આપણે જોઈ રહ્યા છીએ.

ભારતભરમાંથી દરરોજ હજારો યુવાનો મહાનગરો ભણી પ્રયાણ કરે છે. 'સખત પરિશ્રમ અને સતત મહેનત'નું સૂત્ર લઈને તેઓ કામમાં પોતાની જાત રેડી દે છે. કોવિડ પિરિયડ પછી સામાન્ય બની રહેલા 'વર્ક ફ્રૉમ હોમ'ને કારણે વર્ક શેડ્યુલ ફ્લેક્સિબલ તો બન્યાં છે, પરંતુ કામના કલાકો મર્યાદિત રહ્યા નથી. રાઉન્ડ ધ ક્લૉક કામ કરતાં, વર્કહોલિક બની ચૂકેલાં માનવ મશીનો, રૉબોટ્સમાં ફેરવાય છે. ઈન્ટરનેશનલ ટાઈમ ઝોન સાથે અનુકૂળ થઈને મોડી રાત સુધી લેપટોપ અને હેડફોનને વળગાડી રાખવા પડે છે. પૂરતી ઊંઘ અને શાંતિ તેમ જ તેમનું સામાન્ય જીવન ખોરવાય છે. આ તેમની જીવનશૈલી, મૂડ અને સ્વાસ્થ્યને અસર કરે છે. અપૂરતી ઊંઘ સ્લીપ એપનિયામાં ફેરવાય છે અને સ્વાસ્થ્ય સંબંધી અનેક સમસ્યાઓ અને મૂડ સ્વિંગ તરફ દોરી જાય છે. વાતચીતમાં ચીડિયાપણું તેમના સંબંધોને અસર કરે છે. સુખી-શાંતિ ભરેલું જીવન અભડાઈ જાય છે. સ્ટ્રેસથી બચવા માટે અવનવી શક્તિવર્ધક દવાઓનું દૈનિક સેવન શરૂ થાય છે. અનિયમિત જીવનશૈલી અને અતિશય માનસિક તાણથી કંટાળીને વ્યક્તિ આલ્કોહોલ તરફ વળે છે.

ઘણી સંસ્થાઓ એવો દાવો કરે છે કે તેમણે કર્મચારીઓને સારું વાતાવરણ મળે એવી પૉલિસી જાળવી છે, પરંતુ હવે તેનું

યથાર્થ તપાસવું જરૂરી બની ગયું છે. મોટા ભાગે કંપનીઓ દ્વારા હાથ ધરવામાં આવતાં ટૂંકા ગાળાના વેલનેસ પ્રોગ્રામ્સમાં સ્ટ્રેસ મૅનેજમૅન્ટનો સમાવેશ કોઈ માળખાકીય ફેરફારો કર્યા વિના માત્ર ટૂંકા ગાળાના લક્ષ્યો પાર પાડવા માટે થતો હોય છે. ભારતની વર્કિંગ ડેમોગ્રાફી આજે ઘણી રીતે બદલાઈ ગઈ છે. તણાવગ્રસ્ત યુવાનોની સંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે.

ભારે વર્કલૉડ, કામના કલાકો અને અવાસ્તવિક અપેક્ષાઓ કર્મચારીઓના તણાવમાં વધારો કરે છે. દોડી-દોડીને કંપની માટે કામ કરતાં કર્મચારીઓ માનસિક રીતે થાકી જાય છે. સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનું દબાણ એમને કચડતું રહે છે. યુવા કર્મચારીઓ સતત કનેક્ટિવિટીથી બહાર આવી શકતા નથી. ઑફિસનું વાતાવરણ, સહકર્મીઓ સાથેના સંબંધો, આંતરિક રાજકારણ વગેરે માનસિક સ્વાસ્થ્યને હાનિ પહોંચાડે છે. આપણા વાઈટ કોલર વર્ક કલ્ચરમાં શારીરિક સ્વાસ્થ્ય જળવાય એ માટેનાં પગલાં તો લેવાય છે, પરંતુ વાઈટ કોલર જોબ કરનાર માનસિક રીતે કેટલા ખરડાય છે એની પૂરતી કાળજી લેવામાં આવતી નથી. ખાસ કરીને આઈટી, ફાઈનાન્સ, હેલ્થકૅર અને વ્યાવસાયિક સેવાઓ જેવાં ક્ષેત્રોમાં કર્મચારીઓ પર ચુસ્ત સમયમર્યાદા અને અનિશ્ચિતતાનું દબાણ રહે છે. ખાનગી કંપનીઓની હાયર ઍન્ડ ફાયર-ની તલવાર કર્મચારીઓ પર હંમેશાં તોળાયેલી રહે છે. નીચેના હોદ્દા પર કામ કરતા કર્મચારીઓ પોતાની કાર્યક્ષમતા સાબિત કરવા માટે દિવસ-રાત ઘર-પરિવારને કોરાણે મૂકીને મજૂરી કર્યા કરે છે.

૨૦૨૦ના થયેલા અધિકૃત અભ્યાસમાં બહાર આવ્યું છે કે કામનું દબાણ, કામના કલાકો અને આર્થિક સમસ્યાઓને કારણે ભારતમાં તણાવનું સ્તર ચિંતાજનક સ્તરે પહોંચી ગયું છે. ૬૦%થી વધુ ભારતીય કર્મચારીઓ વર્ક પ્રેશર નીચે છે. દર ચારમાંથી એક ભારતીય કર્મચારી તેનો ભોગ બનેલો છે. વર્ક પ્રેશરને કારણે શારીરિક સ્વાસ્થ્ય પર પડેલી ગંભીર અસરો જોવા મળી છે. સરેરાશ કર્મચારીઓ પર હૃદયરોગ, સ્થૂળતા અને અનિદ્રાનું જોખમ રહે છે. પોતાની અંગત બાબતોનો ભોગ આપીને કરેલી નોકરી બદલ યોગ્ય વળતર ન મળતાં સરવાળે કર્મચારીઓમાં અસંતોષ ઊભો થાય છે.



કામકાજી સ્ત્રીઓમાં સમસ્યા વધુ વ્યાપક અને ગંભીર છે, અંદાજે ૭૫% સ્ત્રીઓએ સતત તાણનો અનુભવ કરી રહી છે. આપણા સમાજમાં હજુ પણ સ્ત્રીઓ વ્યાવસાયિક રીતે ગમે તેટલી સફળ હોય છતાં તેને પારિવારિક જવાબદારીઓને પ્રાથમિકતા આપવી પડે છે. વ્યાવસાયિક અને ઘરેલુ જવાબદારીઓને સંતુલિત રાખવી એ મોટો પડકાર છે. પરંપરાગત અપેક્ષાઓ સંતોષવામાં અને કરિયરની મહત્ત્વાકાંક્ષાઓને હાંસલ કરવામાં પુરુષોની સરખામણીએ સ્ત્રીઓએ ખેંચાવું પડે છે. વળી, કેટલાંક વર્કપ્લેસ પર પ્રમોશન, પગાર અને હોદ્દા અંગે સમાનતા જાળવવામાં આવતી નથી અને સ્ત્રીઓને વારંવાર પક્ષપાતનો સામનો કરવો પડે છે. આવા ભેદભાવ આત્મવિશ્વાસ પર આઘાત કરે છે અને નિરાશા સર્જે છે. ભારતમાં ઘણી સંસ્થાઓમાં હજુ પણ વિમેન વેલનેસને અનુલક્ષીને ઘડવામાં આવતી નીતિઓનો અભાવ છે. મૅટરનિટી લિવ, ફ્લેક્સિબલ વર્કિંગ અવર્સ અને સ્તનપાન કરાવતી માતાઓ માટે ઉપયુક્ત પૉલિસી ઘડાવી આવશ્યક છે. વળી, મહિલાઓ માટે સલામતીનો મુદ્દો સૌથી ચિંતાજનક છે. કાર્યસ્થળે ઉત્પીડન અને સતામણીનો અનુભવ કે ભય - અસુરક્ષાની લાગણી જન્માવે છે, જે ધીરે-ધીરે તેમના માનસિક સ્વાસ્થ્યને ઘેરી અસર કરે છે. તાણ ઉત્પાદકતા પર પણ અસર કરે છે. કામ કરતી સ્ત્રીઓ માટે ધ્યાન કેન્દ્રિત કરવું, સમયમર્યાદા જાળવવી અને બેસ્ટ પર્ફોર્મન્સ કરવું અઘરું બને છે.


કામકાજને લીધે સર્જાતાં તણાવનાં પરિણામો દૂરગામી છે. ક્રોનિક સ્ટ્રેસ, ડિપ્રેશન, કાર્ડિયોવેસ્ક્યુલર સમસ્યાઓ અને ઘટતી જતી રોગપ્રતિકારક શક્તિ સહિત જુદી-જુદી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ મોઢું ફાડીને ઊભી હોય છે અને માણસ લાચાર બનીને ધીરે-ધીરે એ તરફ ધકેલતો જાય છે.

**કામકાજને લીધે સર્જાતાં તણાવનાં પરિણામો દૂરગામી છે. ક્રોનિક સ્ટ્રેસ, ડિપ્રેશન, કાર્ડિયોવેસ્ક્યુલર સમસ્યાઓ અને ઘટતી જતી રોગપ્રતિકારક શક્તિ સહિત જુદી-જુદી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ મોઢું ફાડીને ઊભી હોય છે**

બાહ્ય રીતે વ્યવસાયિક જગતમાં ચાલતી ગળાકાપ હરીફાઈ વચ્ચે ટકી રહેવા અને આંતરિક રીતે સ્ટ્રેસ અને ડિપ્રેશનથી બચવા માટે કર્મચારીઓએ સતત લડતા રહેવું પડે છે. કર્મચારીઓ ટોપ-લાઈન અને બોટમ-લાઈન ગ્રોથ ચાર્ટ વચ્ચે પીસાતો રહે છે. આંકડાની ઈન્દ્રજાળમાં પોતાની બિલેબિલિટી બનાવી રાખવી પડે છે. સતત એ

સાબિત કરતાં રહેવું પડે છે કે પોતે કંપનીને કેટલો લાભકર્તા છે.

કેટલીકવાર નબળી કાર્યશૈલી, સંચાલન અને પ્રક્રિયાઓ પર નિયંત્રણનો અભાવ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. કર્મચારીનું કૌશલ્ય અને કાર્યક્ષેત્ર બહારનું કામ કે એથી વધારે કામની અપેક્ષા તેના પર ખૂબ દબાણ લાવે છે. એ સંજોગોમાં જો સહકાર્યકરો અને સુપરવાઇઝર તરફથી સહાયતા ન મળે તો કર્મચારી હતાશ થઈ જાય છે.



કાર્યમાં એકવિધતા, અન્ડર-સ્ટિમ્યુલેશન વગેરે; ઉપરાંત કામનો ભાર અને કામની ગતિ અને કામના કલાકો જેમ કે અસુવિધાજનક શિફ્ટ સિસ્ટમ્સ; પ્લાનિંગ, સમયમર્યાદા, વર્કિંગ અવર્સ, પદ્ધતિઓ જેવા નિર્ણય લેવામાં કર્મચારીની સહભાગિતાનો અભાવ તેનામાં અસંતોષ ઊભો કરે છે.

અસ્વસ્થતા અને હતાશાનું એક કારણ એ છે કે જે લોકો જુસ્સાથી કામ કરે છે તેઓ પરિણામોને આધારે સ્વમૂલ્યાંકન કરવા લાગે છે. કામમાં પોતાને સમર્પિત કરી દેનાર કામગરા કર્મચારીઓ ઘણીવાર તેમના નિયંત્રણ અને મર્યાદાની બહારના કામની જવાબદારી પોતાને માથે લઈ લેતાં હોય છે.

આ વિષય પર સંશોધન કરતી વખતે, કેટલીક ઉલ્લેખનીય બાબતો સામે આવી છે. નોકરી વખતે માત્ર પુસ્તકિયું જ્ઞાન કામ આવતું નથી. કામ કરવાની રીત, વર્ગીકરણ, ઉપરાંત કોર્પોરેટના મૂળભૂત નિયમો વિષેનું વ્યવહારુ જ્ઞાન, નવી ટૅક્નોલૉજીની જાણકારી પણ હોવી ઘટે છે, નહીં તો તેમની સ્થિતિ કપરી બને છે. ઘણી કંપનીઓ પાસે યોગ્ય પ્રારંભિક ઇન્ડક્શન પ્રોગ્રામ હોતો નથી અને સિનિયર કર્મચારીઓ પાસેથી માર્ગદર્શન કે સહકાર વિના ચુસ્ત સમયમર્યાદા સાથે કામ સોંપી દે છે. કેટલીય નાની અને મધ્યમ કક્ષાની કંપનીઓ આ રીતે અનપ્રોફેશનલી કામ કરે છે. આવા વિપરીત સંજોગોમાં કર્મચારીઓને તો હાનિ થાય જ છે, સાથે-સાથે કંપનીની ઉત્પાદકતામાં પણ ઘટાડો થાય છે.

આજની ઝડપી ગતિશીલ દુનિયામાં, માનસિક તણાવ અદશ્ય રોગચાળાની જેમ ફેલાઈ રહ્યો છે, જે પ્રતિક્ષણ આપણી શાંતિ અને સુખાકારીને ખતમ કરી રહ્યો છે. સફળ થવાના સતત દબાણથી લઈને આધુનિક જીવનની માગ અને ઇચ્છાને પોષવા માટે આપણે આપણા માનસિક સ્વાસ્થ્યને દાવ પર લગાડી દીધું છે.

આજના મહત્ત્વાકાંક્ષી યુવાનો સંપૂર્ણપણે કારકિર્દી કેન્દ્રિત છે. તેના કારણે જીવનનાં અન્ય પાસાંઓને નજરઅંદાજ કરે છે. આધુનિક લાઈફસ્ટાઇલ, મોજશોખ અને દેખાદેખીથી પ્રેરાઈને માણસ લાંબું વિચાર્યા વિના પૈસા બનાવવા પાછળ ગાંડો થાય છે. તેનું પૂરેપૂરું ધ્યાન ફક્ત કારકિર્દી હોવાને કારણે તેના વ્યક્તિગત અને સામાજિક સંબંધો ક્ષતિગ્રસ્ત થાય છે. મોડાં લગ્ન, ન્યુક્લિયર ફૅમિલી અને એક જ બાળક કે બાળક ન થવા દેવું જેવાં વલણો તેમાંથી જ ઉદ્ભવે છે. આ વર્કોહોલિક કલ્ચરને લીધે સામાજિક માળખું બદલાઈ ગયું છે. પહેલાં જ્યાં કુટુંબ અને સમુદાયની લાગણીઓ સર્વોચ્ચ માનવામાં આવતી હતી ત્યાં ઉદાસીન અને નાર્સિસિસ્ટ સ્વકેન્દ્રી વલણ જોવા મળે છે. તેના બચાવમાં આપણે બદલાતા સમય અને ગતિશીલ જીવન વિશે વાત કરીએ છીએ.

સત્ય તો એ છે કે પરિવાર પાસેથી જ વ્યક્તિને બિનશરતી પ્રેમ, નિખાલસ સ્નેહ અને હૂંફ મળે છે, જે શરૂઆતનાં વર્ષોમાં વ્યક્તિત્વનું ઘડતર કરે છે અને ત્યાર બાદ તેને પોષણ આપીને કઠણ સંજોગોમાં ટકી રહેવાની મજબૂતી આપે છે. મજબૂત પાયો આગળના પડકારોનો સામનો કરવામાં મદદ કરે છે. પરિવાર તરફથી ભાવનાત્મક ટેકો મુશ્કેલ સમયમાં ખૂબ મદદ કરે છે. કૌટુંબિક સપોર્ટ સિસ્ટમ તેને શક્તિ અને શાંતિ આપે છે. ભૌતિક પ્રગતિ પાછળની આંધળી દોટમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી કૌટુંબિક મૂલ્યો અને પ્રણાલીમાં ક્રમશઃ ક્ષય દેખાઈ રહ્યો છે. તેની સર્વાંગી અસર સામાજિક માળખા પર થઈ રહી છે.

મનુષ્ય મશીન નથી. તેઓ માંસ અને લોહીના બનેલા હોય છે, આમ લાગણીઓ ધરાવે છે અને તેમનું શરીર પ્રતિક્રિયા આપે છે જેનાથી ખૂબ જ ઘસારો થઈ શકે છે. માનવીય સ્પર્શ, કરુણા, સહાનુભૂતિ અને ટીમ ભાવના માનવીના માનસ પર સકારાત્મક અસર કરે છે અને દબાણનો સામનો કરવામાં મદદ કરે છે.

વર્કોહોલિક બનવું એ જરાય ગર્વ લેવા જેવી બાબત નથી. જો તેનાથી માનવીય ભાવના અને આનંદનો લોપ થતો હોય. તેનાથી સાવચેત રહીને તેને ટાળવાની જરૂર છે. માનસિક તાણ એ સાયલન્ટ કિલર છે. આપણા વ્યસ્ત જીવનમાં તે પડછાયાઓની જેમ પગપેસારો કરી રહ્યો છે. સામાન્ય માથાના દુખાવા અને થાકથી માંડીને ગંભીર ફિઝિકલ કે મૅન્ટલ ડિસઑર્ડર તરફ લઈ જઈ શકે છે. હાલના સમયમાં કામનો તણાવ ભારતમાં જાહેર આરોગ્ય માટે ચિંતાનો મુખ્ય વિષય બન્યો છે. જ્યાં સુધી સંસ્થાઓ કે પ્રશાસન દ્વારા કર્મચારીઓના હિતમાં કોઈ ચોક્કસ નીતિઓ ઘડાય કે અમલમાં મુકાય ત્યાં સુધી દરેકે પોતાની કાળજી જાતે જ રાખવી જોઈએ, કારણ કે જીવ અને જીવનથી વિશેષ કોઈ નથી, કંઈ નથી. ■

**મનુષ્ય મશીન નથી. તેઓ માંસ અને લોહીના બનેલા હોય છે, આમ લાગણીઓ ધરાવે છે અને તેમનું શરીર પ્રતિક્રિયા આપે છે જેનાથી ખૂબ જ ઘસારો થઈ શકે છે. માનવીય સ્પર્શ, કરુણા, સહાનુભૂતિ – ટીમ ભાવના માનવીના માનસ પર સકારાત્મક અસર કરે છે**


સમાચારનો
દ્રષ્ટિકોણ હવે બદલાશે
જુઓ
ત્રિનેત્ર
દરરોજ રાત્રે 9:00 વાગે
VTV NEWS
GTPL 269
TATA SKY 1729
AIRTEL 585
D2H 1651
DEN 568
SITI CABLE 575
DL-GTPL 210
IN CABLE 511
SUN DTH 749
DISH TV 1298

■ હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

# -માણસની જેમ રસ્તાનો પણ ક્યારેક દસકો આવે છે

**હમણાં** 'જનસત્તા-લોકસત્તા'ના એક ચાહક-મિત્ર મળ્યા. એમણે કહ્યું: "થોડા દિવસ પહેલાં તમે 'અમદાવાદના રસ્તા...' વિશે લખેલું, એ વાંચીને હું અનેકવાર એ રસ્તેથી પસાર થયો છું, પણ દરેક રસ્તે હું ભૂલો જ પડ્યો છું..."

'તે ભૂલા જ પડો ને,' મેં કહ્યું, 'મારા લેખને ગાઇડ બનીને ચાલ્યા હોત તો ભૂલા ન પડ્યા હોત...'

'એની જ તો રામાયણ છે,' પેલા ભાઈએ કહ્યું, "હાથમાં તમારો લેખ લઈને નીકળ્યો'તો... તો પણ ભૂલા પડી જવાયું..."

'તે પડી જ જવાય ને...! લેખ ભલે હાથમાં રાખો, પણ નજર તો રસ્તામાં રાખવી પડે કે નહીં? નજર રસ્તામાં રાખીને ચાલ્યા હોત તો ભૂલા ન પડ્યા હોત...'

'હવે ક્યારે બીજા રસ્તાઓ વિશે લખવાના છો?'

'તમને મારા લેખો વાંચવા ગમે છે?'

'એવું નથી, પણ જે દિવસે બીજા રસ્તાઓ વિશે લખો ત્યારે એમાં એવું પણ લખજો કે ચાલતાં કોઈએ આ લેખનો ગાઇડ તરીકે ઉપયોગ નહીં કરવો અને ખાસ તો એવી ચેતવણી પણ નોંધજો કે, સારા રસ્તાના જ્ઞાન માટે આ લેખ હાનિકર્તા છે.'

રસ્તાનો ઉપયોગ જે લોકો, માત્ર ચાલવા પૂરતો જ કરે છે એ સૌના જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય તેવા ઉમદા હેતુ સાથે અને આજે અમદાવાદના બીજા રસ્તાઓ વિશે લખવાનું સાહસ કરીએ છીએ. આમ તો અમને સાહસ કરવું ગમે નહીં, કારણ કે મૂળ અમે રહ્યા માણસ હસાહસના માણસ... પણ ક્યારેક હસાહસ ખાતર પણ કરવાની હિંમત કરતા રહીએ છીએ...

આશ્રમ (આમ તો આ શરમ...!) રોડની વાત કર્યા પછી આજે અમારે ભાઈબંધી કરવી છે. અમદાવાદના સી.જી. રોડની.

અમદાવાદીઓએ આ રોડને બહુ જ લાડમાં ઉછેર્યો છે. બિલ્ડરોએ તો એને લાડ-લડાવ્યા જ છે, પણ મ્યુનિસિપલ કૉર્પોરેશને પણ એને લાડ-લડાવવામાં પાછું વળીને જોયું નથી.

માત્ર અમદાવાદમાં જ નહીં, પૂરા ગુજરાતમાં એટલા બધા ઍક્સિડન્ટો થયા નથી, જેટલા આ સી.જી. રોડ પર થયા છે અને મજાની વાત તો એ છે કે હજુ ઍક્સિડન્ટની હારમાળા ચાલુ જ છે. બે વાહનો ટકરાય, એને જ ઍક્સિડન્ટ કહેવાય એવું કોણે કહ્યું? અહીં વાહનો તો ક્યારેય ટકરાતાં નથી અને ટકરાવાનાં પણ નથી... પણ...!!!

આ રોડની બંને બાજુએ જેટલું મૂડીરોકાણ થયું છે એના કરતાંય અનેક ગણું મૂડીરોકાણ આ રોડની ચારેબાજુ થતું રહે છે. અમારા બાબુ બૉસ તો જ્યારે-જ્યારે આ રોડ પરથી નીકળ્યો હોય ત્યારે-ત્યારે એ મૂડીરોકાણનો ભોગ બન્યો જ હોય!

ડિવિડન્ડરૂપે કે વ્યાજરૂપે ભલે કંઈ મળે કે ન મળે, પણ આ રોડ પરથી પસાર થનારાં સૌ આબાલ-વૃદ્ધો પોતપોતાની શક્તિ પ્રમાણે આંખોનું મૂડીરોકાણ કરતાં રહેવાનાં! અને આમ આંખોના મૂડીરકાણ માટે ટ્રાફિક સિગ્નલનું સ્થળ યોગ્ય મનાય છે. એમાંય વળી લાલ લાઇટ હોય અને ૧૩૦ પ્લસ પૉઇન્ટથી શૂન્ય સુધી ઊતરતા ક્રમે ઘટતાં જતાં હોય અને બીજી બાજુ આવા મૂડીવાદીઓ આંખોના મૂડીરોકાણ માટે શાંતિથી ઊભા રહેવાના! આ જ સમય તેજીનો મનાય છે.

લીલી-લાઇટ હોય ત્યારે દોડાદોડી અને ભાગમભાગમાં જોઈએ તેટલું અને જોઈએ તેવું મૂડીરોકાણ થઈ શકતું નથી. લીલી-લાઇટ જ્યાં સુધી રહે તેટલો સમયગાળો મૂડીરોકાણ માટે મંદીનો ગણાય છે. જોકે કેટલાક ગણતરીબાજો તો મંદીમાંયે બિઝનેસ તો કરી જ લેવાના... સટ્ટો (એટલે કે 'અડસટ્ટો'!) કરવાનીયે આવડત પણ અને હિંમત જોઈએ...!

સી.જી. રોડને મૂડમાં રાખે છે એની બાજુમાં જ બેઠેલું મ્યુનિસિપલ માર્કેટ! અમદાવાદનું જ નહીં, વિશ્વનું એક પણ મ્યુનિસિપલ માર્કેટ એટલું કોમળ, એટલું સ્લીમ અને એટલું ભરાવદાર સ્વભાવનું નથી, જેટલું સી.જી. રોડનું પાણીગ્રહણ કરીને ઊભેલું આ માર્કેટ છે! બંનેની કુંડળીઓ એકબીજાને અનુકૂળ છે. સી.જી. રોડ અને



# લાફ્ટર વાઇરસ

મ્યુનિ. માર્કેટ મેઈડ ફોર ઈચ અધર જેવું છે. બંને એકબીજાં વગર અધૂરાં છે. આ રોડ પર એક પણ થિયેટર નથી છતાંય યુવક-યુવતીઓની સંખ્યા અહીં વધારે પ્રમાણમાં જળવાઈ રહે છે, એનું માત્ર એક જ કારણ છે કે વગર ખોવાયે એકબીજાંને અહીં શોધતાં રહે છે...!

આ રોડની ફૂટપાથ પર ચાલતાં કોઈ પણ દાસકાકાનો તમે અભ્યાસ કરો તો જણાશે કે એમને કશાકની શોધ છે. હવે શેની કે કોની શોધ છે - એવું તમે દાસકાકાને પૂછશો તો એય તમને કહી તો નથી શકવાના કે એમને ખરેખર શેની કે કોની શોધ છે...?! પણ... શોધ છે, એ હકીકત છે! ઘરેથી નક્કી જ કર્યું હોય કે આજે તો સી.જી. રોડ પર જવું જ નથી, પણ ઉંમરની સાથે મનનાં લાઈનર એટલાં બધા ઘસાઈ ગયાં હોય કે દાસકાકા ગમે તેટલી બ્રેક મારે તો પણ પગની ગતિમાં મંદી આવે જ નહીં અને એ પગ સીધા જ એમને સી. જી. રોડ પર લઈ જઈને ઊભા રાખે!

રોડની બંને બાજુ શૉપિંગ સેન્ટરો અને કૉમર્શિયલ કૉમ્પ્લેક્સ છે. તમે કોઈ પણ દુકાનમાં કે ઑફિસમાં જાવ તો એ દુકાન કે ઑફિસનો માલિક એટલો તો ખુશ થવાનો, કે એનો એ દિવસ સુધરી જશે, એમ એ વિચારવા માંડશે. એક તો ગ્રાહક આવ્યો એવી આશા, એ તમારામાં છુપાઈને રહેલા ગ્રાહકનો સાક્ષાત્કાર કરીને કરવાનો, પણ તમે જ્યારે તમારા ખિસ્સામાંથી કોઈના સરનામાવાળી ચિઠ્ઠી કાઢીને એને બતાવતાં પૂછશો કે - આ ભાઈની દુકાન ક્યાં આવી...? ત્યારે પેલો નાસ્તિક હશે તો પણ બોલતો થઈ જશે કે માણસ ધારે છે કંઈક અને ભગવાન કરે છે કંઈક...!

પહેલાં તો લાઈટના થાંભલાયે ભલા થઈને ઊભા રહેતા. કૉર્પોરેશનની તિજોરીની દયા આવતી હોય એમ કેટલાક થાંભલા આંખો બંધ કરીને - એટલે કે વગર અજવાળે - ઊભા હોય. બાજુવાળો આટલું અજવાળું આપે છે ને, હું થોડું નહીં આપું તોય શું ફરક પડવાનો છે...? એમ વિચારી ભલે રાહદારીઓની ગાળો ખાય... પણ મ્યુનિસિપાલિટીનું બિલ તો બચાવે. મેં આગળ કહ્યું એમ બિચારા ભલા થઈને આ થાંભલા ઊભા રહે. નર્મ તો એટલા કે તમે એને સહેજ હલાવો એટલે હલે પણ ખરા! આમાંના બે-ચાર ઉડાઉને બાદ કરતાં બાકીના કરકસરવાળા હતા... પણ છેલ્લાં આઠેક વરસથી તો એ પણ નવા-નવા શ્રીમંત બનેલાના વંઠી ગયેલા સુપુત્રોની જેમ, પાણીની જેમ અજવાળું વેડફે છે.

**સી.જી. રોડ પર પાંચ મિનિટ થાક ઉતારવા આપણે ઊભા રહીએ તોય ઇજ્જત વધી જાય! ભલે ને આપણને તો ચાલી-ચાલીને દમ નીકળી ગયો હોય એટલે થાક ઉતારતા હોઇએ, પણ જોનારને તો એવું જ લાગવાનું ને કે - બૉસ એમના ડ્રાઇવરની રાહ જોઈને જ ઊભા છે...!!**

સી. જી. રોડની પોતાની તો પર્સનાલિટી છે જ, પણ એ બીજાને પણ પોતાના સહવાસમાં રાખીને, પોતાનાથીયે અધિક પર્સનાલિટી પહેરાવે છે. હમણાં આશ્રમ રોડ પરથી હું જઈ રહ્યો હતો ત્યારે એક મજૂર જેવો લાગતો માણસ મળ્યો, 'કેમ છો સાહેબ?' એણે મને પૂછ્યું. હું વિચારમાં પડી ગયો, કારણ કે હું એ ભાઈને ઓળખતો નહોતો, પણ સાહેબ કહ્યું, એટલે મેં વિચાર્યું કે ચોક્કસ આ ભાઈ શાળા કે કૉલેજમાં મારા હાથ નીચે ભણી ગયો હોવો જોઈએ. 'મેં તમને ઓળખ્યા નહીં ભાઈ!' મેં મારા આશ્ચર્યના ભાવને ઢાંકીને નમ્રતાથી પૂછ્યું, 'તમારું નામ શું?'

'ભગો... પણ તમારા જેવા ભણેલા-ગણેલા મને ભગવાનદાસ પણ કહે છે.' એણે કહ્યું: "તમે ભૂલી ગયા લાગો છો સાહેબ, યાદ કરો, તમે ગયા અઠવાડિયે જ મારે ત્યાંથી માલ લઈ ગયા'તા..."

'માલ...? તમારે ત્યાંથી...?' મેં કશુંક યાદ કરીને આશ્ચર્યથી પૂછ્યું.

'તમારે શેનો વ્યવસાય છે?'

'લાકડાંનો...' એણે કહ્યું, 'સ્વસ્તિક ચાર રસ્તા - કૉર્નર પાસે દરરોજ સાંજે હું દાંતણનો ઢગલો લઈને બેસું છું. તમે ગયા અઠવાડિયે જ ડઝનના ભાવે અડધો ડઝન દાંતણ લઈ ગયેલા... માલ કેવો હતો સાહેબ...?!'

નથી લાગતું કે સી.જી. રોડ પર પાંચ મિનિટ થાક ઉતારવા આપણે ઊભા રહીએ તોય ઈજ્જત વધી જાય! ભલે ને આપણને તો ચાલી-ચાલીને દમ નીકળી ગયો હોય એટલે થાક ઉતારતા હોઈએ, પણ જોનારને તો એવું જ લાગવાનું ને કે - બૉસ એમના ડ્રાઈવરની રાહ જોઈને જ ઊભા છે...!!

ધૂળિયા રસ્તે ઊભેલો શેઠિયો પણ ખેડૂત કે દાડિયો જ લાગવાનો અને સી.જી. રોડ પર ઊભેલો ભગલો પણ ભગવાનદાસ લાગવાનો? રોડ નોય મોભો હોય છે..! ■


## "અભિયાન"

## નાં વાચકો માટે ખાસ ઓફર

**આ અઠવાડિયાની 10 બેસ્ટ સેલર બુક્સ**

**આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ મેળવો**

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. • ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

| | |
|---|---|
| ક્ષણે ક્ષણે ચિંતન, અમૃત, ઝબકાર, ઉજાસ, આત્મીયતા, આનંદ, સમર્પણ, સંવેદના, મનન, સંકલ્પ, વિશ્વાસ, રત્ન, પ્રેરણા, સ્નેહ, સાંનિધ્ય, જ્ઞાન : નિલેષ મહેતા (૧૬ બુક્સનો સેટ) | ૧૨૮૦.૦૦ |
| કૃષ્ણ ચરિત્ર : ૪થી એડીશન ૨૦૨૪<br>શ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની મહાન કૃતિ | ૪૭૫.૦૦ |
| નારીહૃદય : સંપાદક-મુનિકુમાર પંડ્યા<br>નારી સંવેદનાને ઝંકૃત કરતી કવિ કલાપીની ફેમસ નવલકથા | ૨૫૦.૦૦ |
| ગુર્જિએફ : ભાણદેવ<br>એક અનોખા અધ્યાત્મગુરુ | ૧૨૦.૦૦ |
| છોકરાં ભણાવવાં સહેલાં નથી : ડૉ. ઉર્મિલા શાહ<br>સુધારેલી ૨જી એડીશન ૨૦૧૫ | ૧૬૦.૦૦ |
| લિન્ચપિન : સેથ ગોડિન<br>દરેક ક્ષેત્રે ઉજ્જવળ અને નોંધપાત્ર કારકિર્દી માટે | ૩૯૯.૦૦ |
| જિંદગી કા સફર : રજની મહેતા<br>કલાણજી-આણંદજીની સૂરીલી સંગીતસફરની અંતરંગ વાતો | ૧૨૫૦.૦૦ |
| કટિબંધ (૩ ભાગમાં) : અશ્વિની ભટ્ટ<br>નવસંસ્કરણ ૨૦૨૪ | ૧૬૦૦.૦૦ |
| સ્ત્રી : આલ્બર્ટ મોરેવિયા<br>સ્વપ્ન સિદ્ધિ માટે સંઘર્ષ કરતી યુવતીની કથા (ઈટાલિયન લેખક) | ૩૫૦.૦૦ |
| જેઆરડી તાતા : સાયરસ એમ ગોંદા<br>ઉત્કૃષ્ટ પ્રતિભા, મહાન લીડર, દીર્ઘદષ્ટિ-મૂલ્યો-સાહસ-સફળતા | ૬૫૦.૦૦ |

**નટરાજ બુક સેન્ટર :** ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯

■ પાર્થ દવે

# મિથુન દાની 'ગરીબો કા અમિતાભ'થી 'એ' કેટેગરીના હીરો સુધીની સફર

૮મી ઓક્ટોબરે, ૭૦મા રાષ્ટ્રીય એવોર્ડ સમારોહમાં દિગ્ગજ અભિનેતા મિથુન ચક્રવર્તીને ફિલ્મક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ દાદા સાહેબ ફાળકે એવોર્ડથી નવાજવામાં આવ્યા. મિથુન દાએ બંગાળી, હિન્દી, તમિલ, તેલગુ, કન્નડ, ઓડિયા અને ભોજપુરી સહિત વિવિધ ભાષાઓમાં મળીને ૩૫૦થી વધુ ફિલ્મમાં કામ કર્યું છે. કોલકાતામાં જન્મેલા મિથુન ચક્રવર્તીની આ દીર્ઘ યાત્રાના પડાવો વિશે, આજે રસપ્રદ વાત કરીએ.

૧૬ જૂન, ૧૯૫૦ના રોજ બસંતા કુમાર 'ચક્રબોર્તી' અને શાંતિ રાણી ચક્રબોર્તીને ત્યાં જન્મેલા મિથુને સ્કોટિશ ચર્ચ કોલેજમાંથી કેમેસ્ટ્રીમાં ગ્રેજ્યુએશન કર્યું હતું. મિથુન ચક્રવર્તી ફિલ્મોમાં જોડાયા તે પહેલાં નક્સલવાદીઓ સાથે સંકળાયા હતા, પરંતુ એક દુર્ઘટનામાં ભાઈનું મૃત્યુ થયા બાદ તે પાછા પરિવાર પાસે આવી ગયા, પરિવારને સંભાળ્યો અને નક્સલની દુનિયા છોડી દીધી.

**FTIIની વાત!**

મિથુન ચક્રવર્તી ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થા **(FTII)**ની ૧૯૭૪ની બેચમાંથી પાસ આઉટ થયા હતા. એફટીઆઈઆઈમાં ડિરેક્ટર મૃણાલ સેનની નજર મિથુન ઉપર પડી હતી. તેમણે પોતાની ફિલ્મ 'મૃગયા' માટે મિથુનને કાસ્ટ કરી લીધા. મૃગયા આર્ટ-હાઉસ ફિલ્મ હતી. આ પહેલી જ ફિલ્મ માટે મિથુન ચક્રવર્તીને શ્રેષ્ઠ અભિનેતાનો નેશનલ એવોર્ડ મળ્યો હતો. એ જ વર્ષે મિથુને દુલાલ ગુહાની થ્રિલર ફિલ્મ 'દો અંજાને'માં અમિતાભ બચ્ચન અને રેખા સાથે બ્રિફ રોલ કર્યો હતો.



**ફિલ્મ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન બદલ દાદા સાહેબ ફાળકે ઍવૉર્ડ માટે મિથુન ચક્રવર્તીનું નામ જાહેર થયા બાદ તેમણે કહ્યું હતું, 'હું કોલકાતાની નાની ગલીઓમાંથી આવ્યો છું. મેં ખૂબ જ સંઘર્ષ કર્યો છે. મેં કરેલી અસાધારણ શરૂઆતને હું ક્યારે નહીં ભૂલી શકું. હું મારી જાતને પૂછું છું, શું આ સાચું છે? હું મારી ભાવનાને શબ્દમાં વ્યક્ત નહીં કરી શકું.'**

●●●

**રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા બાદ જ્યારે પત્રકાર ઇન્ટરવ્યૂ લેવા માટે આવ્યા ત્યારે મિથુન ચક્રવર્તી ભૂખના કારણે બોલી શક્તા નહોતા. તેમણે પત્રકારને કહ્યું કે, પહેલાં તું જમાડ, પછી જ હું ઇન્ટરવ્યૂ આપીશ!**

મિથુન ચક્રવર્તીને મૃગયા માટે નેશનલ એવોર્ડ તો મળ્યો, પરંતુ તેમની પાસે દિલ્હી જવા માટે પૈસા નહોતા. રેખા ત્યારે દિલ્હીમાં ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા.

# મૂવી-ટીવી



તેઓ મિથુન દાને પોતાના સ્પોટ બોય તરીકે દિલ્હી પોતાની ફ્લાઇટમાં સાથે લઈ આવેલા!

**પહેલાં કંઈક ખવડાવ, પછી ઇન્ટરવ્યૂ આપું!**

નેશનલ એવોર્ડ મળ્યા બાદ પણ મિથુન દાને ફિલ્મમાં કામ મળવું સરળ નહોતું. તેમનું અસલી નામ 'ગૌરાંગ ચક્રવર્તી' હતું, પરંતુ ફિલ્મમાં આવ્યા બાદ તેમણે પોતાનું નામ મિથુન ચક્રવર્તી કર્યું હતું. તેમની પાસે કોઈ કામ નહોતું ત્યારે થોડા સમય માટે તેમણે અભિનેત્રી હેલનના સ્પોટ-બોય તરીકે કામ કર્યું હતું. અઢળક રાતો ભૂખ્યા સૂઈને પસાર કરી. રહેવા માટે છત નહોતી ત્યારે પાણીની ટાંકી પર સૂઈને ઘણા દિવસો પસાર કર્યા. ઘણી બધી ફિલ્મમાં સાઇડ રોલ કર્યા. રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા બાદ જ્યારે પત્રકાર ઇન્ટરવ્યૂ લેવા માટે આવ્યા ત્યારે તેઓ ભૂખના કારણે બોલી શકતા નહોતા. તેમણે પત્રકારને કહ્યું કે, 'પહેલાં તું જમાડ, પછી જ હું ઇન્ટરવ્યૂ આપીશ!'

**શક્તિ કપૂરની રેગિંગ કરી છે મિથુન દાએ!**

મિથુન ચક્રવર્તી એફટીઆઈઆઈમાં શક્તિ કપૂરના સિનિયર હતા. એક ઇન્ટરવ્યૂ દરમિયાન શક્તિ કપૂર કહે છે, 'મિથુને મારી બહુ રેગિંગ કરી હતી. કલાકો સુધી તે મારી રેગિંગ કરતા. ક્યારેક એવી પરિસ્થિતિ ઊભી થતી કે હું કરગરીને તેમની સામે માફી માગી લેતો.' આગળ શક્તિ કપૂર જણાવે છે કે, 'એક વાર મિથુને મારા વાળ જોઈને કહ્યું હતું કે તારા વાળ બહુ સરસ છે. કોલેજમાં તું હીરો જેવો લાગે છે. ચાલ તારા વાળ કાપી નાખીએ! તેમણે કાતર લઈને મારા વાળ કાપી નાખ્યા. હું તે લૂકમાં ખૂબ જ ખરાબ લાગતો હતો. હું બહુ રડ્યો અને તેમના પગ પકડી લીધા.'

**રિજેક્શન**

મિથુન ચક્રવર્તીએ પદ્મિની કોલ્હાપુરી, મંદાકિનીથી લઈને જયાપ્રદા, શ્રીદેવી અને માધુરી દીક્ષિત જેવી અભિનેત્રીઓ સાથે કામ કર્યું હતું, પરંતુ શરૂઆતના સમયમાં તેમના શ્યામ રંગના કારણે કોઈ અભિનેત્રી તેમની સાથે કામ કરવા તૈયાર નહોતી. મિથુન એક ઇન્ટરવ્યૂમાં જણાવે છે કે, 'ઘણી બધી અભિનેત્રીઓ મારી સાથે કામ કરવા તૈયાર નહોતી, કારણ કે તેમને લાગતું હતું કે હું એક નાનો કલાકાર છું. ઘણા લોકોએ મને કહ્યું હતું કે હું ક્યારેય હીરો નહીં બની શકું. ઘણીવાર એવું થયું છે કે, મારી ફિલ્મ અનાઉન્સ થયા પછી અભિનેત્રીએ તે ફિલ્મ છોડી દીધી હોય. આ બધા વિશે વિચારીને આજે પણ મને દુઃખ થાય છે.' પરંતુ તે સમયની સૌથી સફળ ગણાતી અભિનેત્રી જિનત અમાને મિથુન સાથે ફિલ્મ 'તકદીર'માં કામ કર્યું. આ ફિલ્મ પછી મિથુન 'એ' કેટેગરીના હીરો બની ગયા. જે અભિનેત્રી મિથુન સાથે કામ કરવા નહોતી માંગતી તે હવે તેમની સાથે કામ કરવા માટે તલપાપડ થઈ રહી હતી. મિથુન કહે છે કે, 'હું હંમેશાં જિનત અમાનનો આભારી રહીશ.'

**'ગરીબો કા અમિતાભ'!**

મિથુન જેટલા ઉમદા અને શ્રેષ્ઠ કલાકાર છે તેટલા જ સારા માણસ પણ છે. તે હંમેશાં જમીન સાથે જોડાયેલા રહ્યા છે. 'તડીપાર' ફિલ્મમાં અસિસ્ટન્ટ ડિરેક્ટર રહેલા વિવેક શર્મા જણાવે છે કે, '૧૯૯૩ મુંબઈ બ્લાસ્ટ વખતે મુંબઈમાં તોફાનો અને સરઘસો ફાટી નીકળ્યાં હતાં. ત્યારે મિથુન લોકોની મદદ માટે આવ્યા હતા. ફિલ્મના શૂટિંગ માટે જે લોકો બહુ દૂરથી આવતા હતા તેની રહેવાની વ્યવસ્થા મિથુને કમાલિસ્તાન સ્ટુડિયોના મેક-અપ રૂમમાં કરી હતી. જેથી કોઈને મુશ્કેલી ન પડે.' આગળ વિવેક જણાવે છે કે, 'મેં આ ઇન્ડસ્ટ્રીમાં ઘણા લોકોને બદલાતા જોયા છે, પણ મિથુન ક્યારેય બદલાયા નથી.' તેઓ ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સીને એમ્પ્લોઇઝના ચેરમેન રહી ચૂક્યા છે. આ દરમિયાન પણ કામદારોના હક માટે તેમણે બહુ કામ કર્યું. એટલે જ કદાચ મિથુન દા જ્યારે મજૂર યુનિયનની ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે તેમની એકતરફી જીત થઈ. જ્યારે લોકો મિથુનને ગરીબોના અમિતાભ બચ્ચન કહેતા ત્યારે મિથુન દાનું રિએક્શન હતું, 'આ મારી સૌથી મોટી પ્રશંસા છે. અમિતાભ બચ્ચન આ સદીના સૌથી મોટા સ્ટાર છે.'

**'ડિસ્કો ડાન્સર'ની એક વર્ષમાં ૧૯ ફિલ્મ!**

૧૯૮૯માં મિથુનની ૧૯ ફિલ્મો રિલીઝ થઈ હતી. તેમનું નામ 'લિમકા બુક ઓફ રેકોર્ડ'માં નોંધાયું હતું. એક જ વર્ષમાં કોઈ એક એક્ટરની આટલી બધી ફિલ્મ રિલીઝ થઈ હોય તેવું આ પહેલી વાર થયું હતું. ૩૫ વર્ષ પછી પણ આ રેકોર્ડ અત્યાર સુધી કોઈ એક્ટર તોડી શક્યું નથી. ૧૯૮૨માં મિથુનની ફિલ્મ 'ડિસ્કો ડાન્સર' રિલીઝ થઈ. મિથુન નોન ડાન્સર હોવા છતાં તેમના ડાન્સ સ્ટેપ આખા ઇન્ડિયામાં ફેમસ થયા. પહેલી એવી હિન્દી ફિલ્મ બની, જેણે વર્લ્ડવાઇડ ૧૦૦ કરોડ રૂપિયાની કમાણી કરીને ઇતિહાસ રચ્યો. હિન્દી સિનેમામાં મિથુનની પહેલી ફિલ્મ હતી જે ૧૦૦ કરોડના ક્લબમાં સામેલ થઈ. આ ફિલ્મે મિથુનને સુપરસ્ટાર બનાવી દીધા.

એક સમયે ભૂખ્યા પેટ સૂતેલા મિથુન ચક્રવર્તી આજે ૪૦૦ કરોડની સંપત્તિના માલિક છે. મોનાર્ક ગ્રૂપ ઓફ હોટેલ્સના સીઈઓ છે. ફોર્ડ એન્ડેવર અને ટોયોટા ફોર્ચ્યુનર જેવી કારોનું કલેક્શન તેમની પાસે છે. ■

ડો. સુધીર શાહ

# ઇમરજન્સી ઍપૉઇન્ટમૅન્ટ



'શું વાત કરો છો? બી-૧/બી-૨ વિઝા મેળવવા માટે બાયોમેટ્રિક્સની તારીખ આવતા વર્ષના છેક નવમા મહિનામાં અને ઈન્ટરવ્યૂની તારીખ ૧૦મા મહિનામાં મળે છે. સર, એક કામ કરોને. પેલી ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટ લઈ લો.' મહેસાણાના મધુસૂદનભાઈએ આ કટારના લેખકને જણાવ્યું.

'તમને એવી કઈ ઈમરજન્સી આવી પડી છે કે તમે ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટ માગી શકો?' એડવોકેટ સુધીર શાહે એમના ક્લાયન્ટને પ્રશ્ન કર્યો.

'એવી કોઈ ઈમરજન્સી નથી, પણ વિઝા માટે બાર તેર મહિના વાટ જોવી એના કરતાં ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટ લઈને તુરંત જ વિઝા મેળવી લેવા સારા.'

'તમારે અમેરિકા શા માટે જવું છે? તુરંત જ અમેરિકા જવાની શું જરૂરિયાત છે?'

'સાહેબ, અમે તો ત્યાં રહેતા અમારા થોડાં સગાંવહાલાં અને મિત્રોને મળવાની ઈચ્છા ધરાવીએ છીએ. સાથે-સાથે સ્ટેચ્યુ ઑફ લિબર્ટી અને અમેરિકાના બીજા જોવા જેવા સ્થળો જોવા અમેરિકા જવા ઈચ્છીએ છીએ. ગમે ત્યારે જઈએ તો ચાલે. ઈન્ટરવ્યૂ માટે આટલો લાંબો સમય વાટ જોવી એના કરતાં ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટ માગી લઈને તુરંત જ દસ વર્ષના મલ્ટિએન્ટ્રી બી-૧/બી-૨ વિઝા મેળવી લીધા હોય એટલે નિરાંત.'

'જુઓ મધુસૂદનભાઈ, તમે આમ કોઈ પણ જાતની ઈમરજન્સી વગર ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટ માંગી ન શકો.'

'અરે સુધીરભાઈ, કોઈ મેડિકલ ઈમરજન્સી છે એવું દેખાડી દો ને. પુરાવાઓ જોઈતા હશે તો અમેરિકામાં પ્રૅક્ટિસ કરતાં અમારી પટેલ જ્ઞાતિમાંના એકાદ ડૉક્ટરનું સર્ટિફિકેટ મંગાવી લઈશ. કોઈનું મૃત્યુ થયું છે એવું આપણે દેખાડી દઈએ? થોડા પૈસા ખર્ચતા બોગસ ડેથ સર્ટિફિકેટ પણ મળી શકે છે. તમને જો યોગ્ય લાગે તો કોઈ ધંધાકીય કામ માટે તુરંત અમેરિકા જવું પડે છે, એવું દેખાડી દો. હું બિઝનેસમેન તો છું જ એટલે મારે કોઈ અમેરિકા બિઝનેસમેન જોડે કોન્ટ્રાક્ટ કરવો છે અથવા તો ત્યાં ભરાતા કોઈ પ્રદર્શન કે બિઝનેસના સેમિનારમાં ભાગ લેવા જવું છે, એવું દેખાડી દો. સાહેબ તમે તો ખૂબ જ હોશિયાર છો, તમારા ફળદ્રુપ મગજમાંથી આવું કોઈ કારણ શોધી કાઢોને.'

'જુઓ મધુસુદનભાઈ, હું અમેરિકાના ઈમિગ્રેશનના કાયદાઓ વિષે કાયદાકીય જાણકારી આપું છું. કયા પ્રકારના વિઝાની જરૂરિયાત છે? એ વિઝા મેળવવા માટે શું શું લાયકાતો હોવી જોઈએ? ઈન્ટરવ્યૂ મેળવવા માટે ફોર્મ ભરવામાં મદદ કરું છું. ઈન્ટરવ્યૂમાં શું શું સવાલો પૂછવામાં આવે અને એના કેવા જવાબોની અપેક્ષા કોન્સ્યુલર ઓફિસરો રાખે છે? ઈન્ટરવ્યૂમાં કેમ વર્તવું? આ સઘળી જાણકારી આપું છું. હું ખોટાં ખોટાં કારણો આપીને ઈન્ટરવ્યૂની તારીખો મેળવવામાં ક્લાયન્ટોને મદદ કરતો નથી.

તમને પણ હું જણાવી દઉં કે જો તમે આવાં કોઈ ખોટાં કારણો આપીને ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટ લેશો અને એની જાણ જો કોન્સ્યુલર ઓફિસરને થશે તો તેઓ તમને વિઝા તો નહીં આપે, પણ તમે જૂઠું બોલ્યા છો, કોન્સ્યુલર ઓફિસરને છેતરવાનો પ્રયાસ કર્યો છે. આ કારણોસર તમને કોઈ પણ પ્રકારના વિઝા ઉપર અમેરિકામાં પ્રવેશ ન આપવો એવી પાબંદી તમારા ઉપર લગાડશે. અમે પ્રયત્ન કરશું કે તમને જે તારીખો આપવામાં આવી છે એ જો વહેલી મળી શકે એમ હોય તો મેળવી આપીશું, પણ ખોટાં કારણો આપીને ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટ લેવાનું કામ અમે નહીં કરીએ.'

**જો એવું કારણ તમારા માટે ઉપસ્થિત થયું હોય જેના લીધે તમારું અમેરિકામાં જવું અને એ પણ તુરંત જ જવું ખૂબ ખૂબ જરૂરી હોય તો જ તમે ઇમરજન્સી ઍપૉઇન્ટમૅન્ટની માગણી કરજો. તમારું કારણ જો સાચું હશે તો તમને તુરંત જ ઇમરજન્સી ઍપૉઇન્ટમૅન્ટ મળશે**

કોવિડ-૧૯ પછી વિઝા મેળવવા માટેના ઈન્ટરવ્યૂના સમયમાં ખૂબ વધારો થયો છે. આવા સંજોગોમાં જો કોઈ વિઝાના અરજદારને અમેરિકા જવાની તાત્કાલિક જરૂરિયાત ઊભી થાય, એમનું કોઈ અંગત સગું મરણપથારીએ હોય, કોઈનો ઍક્સિડન્ટ થયો હોય, મૃત્યુ થયું હોય અથવા તો બિઝનેસના કામ માટે તાત્કાલિક અમેરિકા જવાની જરૂરિયાત ઊભી થઈ હોય. એ કામ એવું હોય જે પત્રવ્યવહાર દ્વારા ઈ-મેઈલ દ્વારા, વૉટ્સઍપ પર વાતચીત કરતા કરી શકાય એવું ન હોય. અમેરિકા જે જાતજાતનાં પ્રદર્શનો આયોજાય છે, બિઝનેસ સેમિનારો ગોઠવે છે, એક્સ્પો ભરે છે એમાં ભાગ લેવા જવું હોય, આવાં કોઈ કારણો હોય, જેના લીધે અમેરિકામાં તુરંત જ જવું અનિવાર્ય હોય તો એવી વ્યક્તિઓ સૌપ્રથમ ઈન્ટરવ્યૂનો ટાઈમ મેળવીને પછી ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટ માટે રીક્વેસ્ટ કરી શકે છે.

આ સગવડનો અનેકો ગેરલાભ ઉઠાવવા ચાહે છે. મધુસૂદનભાઈ જેવા ઘણા વિઝાઈચ્છુકો ખરાં ખોટાં બહાનાં કાઢીને જુઠ્ઠાં કારણો દેખાડીને ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટ મેળવવાની માગણી કરે છે.

જો એવું કારણ તમારા માટે ઉપસ્થિત થયું હોય જેના લીધે તમારું અમેરિકામાં જવું અને એ પણ તુરંત જ જવું ખૂબ ખૂબ જરૂરી હોય તો જ તમે ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટની માગણી કરજો. તમારું કારણ જો સાચું હશે તો તમને તુરંત જ ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટ મળશે.

અમેરિકાની કોન્સ્યુલેટ અનિવાર્ય સંજોગો માટે આ જે ખાસ સગવડ ધરાવે છે એનો ગેરઉપયોગ કરતા નહીં. એના કારણે તમારી ઈમરજન્સી ઍપૉઈન્ટમૅન્ટની માગણી તો નકારવામાં આવશે, પણ અન્ય વિઝા ઈચ્છુકો, જેમની માગણી સાચી હશે, જેમને ખરેખર તુરંત અમેરિકા જવાની જરૂરિયાત હશે, એમના માટે કોન્સ્યુલર ઓફિસરોના મનમાં શંકા ઉદ્ભવશે. ■



# વાત... એક રાતની

## કાજલ ઓઝા વૈદ્ય

પ્રકરણ - ૧૭

**માધવ** દેસાઈની ગાડી જ્યારે કબીર નરોલાના બંગલાના ગેટમાંથી અંદર દાખલ થઈ. નાનકડો ડ્રાઇવ-વે અને સાઇડમાં ઊભેલી અનેક દેશી-વિદેશી ગાડીઓને વટાવીને માધવની ગાડી છેક ઘરના દરવાજા પાસે આવીને ઊભી રહી. કબીરનું હૃદય ધક્ધક્ કરવા લાગ્યું. એના ઘરના મુખ્ય દરવાજાની સાઇડમાં લાગેલા મોનિટરમાં લગભગ ૩૨ જેટલા જુદા જુદા કૅમેરાની ગ્રીડ હતી. દરેક કૅમેરો કોઈક રૂમ, કોઈક પેસેજ, બહારનો કે અંદરનો ભાગ, રસોડું વગેરે સાથે જોડાયેલો હતો.

કબીરે દરવાજા પાસે ઊભેલી ગાડીમાંથી વૈશ્નવીને ઊતરતી જોઈ. એને હથેળીમાં પરસેવો થવા લાગ્યો, પગ પાણી-પાણી થઈ ગયા. આછા ભૂરા રંગની આસમાની જેવી સિલ્કની સાડીની સાથે મોરનું ભરતકામ કરેલા સફેદ બ્લાઉઝમાં વૈશ્નવી પવિત્રતાની સાક્ષાત્ મૂર્તિ દેખાતી હતી. એણે એના વાળને ગોળ લપેટીને ઢીલો અંબોડો લીધો હતો. કાનમાં નાની સફેદ મોતીની બુટ્ટીઓ અને ગળામાં મંગળસૂત્ર સાથે કપાળમાં લાલ રંગનો કોરા કંકુનો ચાંદલો કરીને જ્યારે એ દરવાજા પાસે આવીને ઊભી ત્યારે ગાડીમાંથી પરાણે ઊતરતો હોય એમ, માધવ પણ એની પાછળ આવીને ઊભો રહ્યો.

ઝીણી ઝીણી લાઇટો, ડ્રાઇવ-વેમાં કરેલી સજાવટ અને દરવાજા ઉપર લગાડેલી વૅલકમની સાઇન જોઈને વૈશ્નવીની આંખો ભરાઈ આવી. એણે નીચું જોઈને આંસુ લૂછી નાખ્યાં. માધવ બેલ વગાડે અને પોતે દરવાજો ખોલે ત્યાં સુધી ધીરજ રાખ્યા વગર કબીરનો છૂટકો નહોતો.

એ કૅમેરામાં જોઈ શકતો હતો. માધવે હળવેથી વૈશ્નવીનો હાથ પકડ્યો. બંને હાથ પોતાના હાથમાં લઈને એણે ધીમેથી કંઈક કહ્યું. વૈશ્નવી કશું બોલી નહીં, એણે હળવેથી માધવના હાથમાં પકડેલો પોતાનો હાથ સરકાવી લીધો. સાડીનો પાલવ સંભાળ્યો, હાથ લંબાવીને બેલ વગાડ્યો. ક્યારના પ્રતીક્ષા કરી રહેલા કબીરના તરફડાટે સહેજ શ્વાસ લીધો, એણે દરવાજો ખોલ્યો, 'વૅલકમ!' કબીરે કહ્યું.

વૈશ્નવી હળવેથી ઘરમાં દાખલ થઈ. એ જે રીતે ડગલાં ભરતી હતી એનાથી કબીરને એવો આભાસ થયો કે, જાણે હવા પર કોઈ પરી ચાલતી હોય! એ વૈશ્નવીને પોતાના ઘરમાં પ્રવેશતી જોઈ રહ્યો! કઈ રીતે લાવવા માગતો હતો પોતે એને આ ઘરમાં અને આજે કઈ સ્થિતિમાં વૈશ્નવી એના ઘરમાં દાખલ થઈ રહી હતી એ વિચારે કબીર ભીતરથી હચમચી ગયો. એકવાર તો એને થયું કે, એ વૈશ્નવીને અહીંથી જ પાછી વાળી લે. એના આત્મસન્માનને સહેજ પણ ઉઝરડો પાડ્યા વગર જેવી આવી હતી એવી જ અકબંધ અને સુરક્ષિત વૈશ્નવીનો હાથ માધવના હાથમાં આપીને એને પાછી લઈ જવાનું કહી દે... પણ, એ એવું કરી ન શક્યો. સામે લટકતો પિતાનો ચહેરો જોઈને કબીરની અંદર ફરી એકવાર એ પીડા અને અપમાનની યાદો તાજી થઈ ગઈ. એણે કહ્યું, 'ગુડ! તો તું તારી પત્નીને આખરે લઈ આવ્યો.' એને હતું કે, આ સાંભળીને વૈશ્નવી પાછળ જોશે, પરંતુ એ જે રીતે દાખલ થઈ હતી એવી જ, ઊંધી ફરીને ડ્રોઇંગ રૂમની વચ્ચોવચ કોઈ પૂતળાની જેમ ઊભી રહી, 'તેં આપણી ડીલ પૂરી કરી છે. હવે આ બેગ તું લઈ જઈ શકે છે.' લક્ઝુરિયસ ઇટાલિયન સોફાની સામે બેલ્જિયમ ગ્લાસના સેન્ટર ટેબલ પર પડેલી બેગ તરફ કબીરે ઇશારો કર્યો, 'ને સવારે તારી પત્નીને પણ લઈ જજે.' કબીર હસ્યો, 'જેવી મૂકી જાય છે, એવી જ ડેમેજ વગર વન પીસમાં પાછી આપીશ. ખાલી એમાંથી એક અદ્ભુત રાતની સ્મૃતિ રાખી લઈશ મારી પાસે.' કહેતાં કહેતાં એ

બાર પાસે ગયો, 'ડ્રિન્ક?' એણે માધવને પૂછ્યું. માધવે ડોકું ધૂણાવીને ના પાડી. એ કશું જ બોલી શકે એવી મનઃસ્થિતિમાં નહોતો. શરમ, અપમાન અને સ્વયં પ્રત્યેના અપરાધભાવથી એ ઊંચું પણ જોઈ શકતો નહોતો.

'યસ, આઈ વીલ.' વૈશ્નવીનો અવાજ સાંભળીને માધવે ઊંચું જોયું. એની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. માધવ સામે જોયા વગર વૈશ્નવીએ કહ્યું, 'સિંગલ મોલ્ટ વિથ લોટ્સ ઓફ આઈસ.' આશ્ચર્યચકિત થઈ ગયેલો કબીર થોડીક ક્ષણો માટે તો કોઈ પ્રતિભાવ જ ન આપી શક્યો. એણે તો માધવને સવાલ પૂછેલો. એનો જવાબ વૈશ્નવી પાસેથી મળશે અને એ પણ આવો એ એની કલ્પનામાં ક્યાંય નહોતું!

કબીરે બકાર્ટેના ક્રિસ્ટલ ગ્લાસમાં બ્લ્યૂ લેબલનો એક સ્મોલ પેગ બનાવ્યો, બરફના બે ટુકડા નાખ્યા. કાચના ગ્લાસ સાથે એ ટુકડા ટકરાયા, જેનો મીઠો રણકાર થયો. વૈશ્નવીએ માધવ તરફ જોયા વગર જ બાર પાસે જઈને ગ્લાસ ઉઠાવ્યો, કબીરના હાથમાં પકડેલા ગ્લાસ સાથે પોતાનો ગ્લાસ ટકરાવી એણે કહ્યું, 'ચિયર્સ!' કબીર કશું જ બોલ્યા વગર એની સામે જોતો રહ્યો. એની માછલી જેવી કથ્થઈ આંખો, લાંબી પાંપણ, નમણું નાક, એક પણ ડાઘ વગરની ત્વચા અને ચહેરા ઉપરની ગરિમા... આ જોઈને તો કબીર દિલ હારી બેઠો હતો!

કબીરે અચકાઈને કહ્યું, 'ચિયર્સ!'

માધવને પોતાના કાન પર, પોતાની આંખો પર ભરોસો ન બેઠો. એને લાગ્યું કે, આ વૈશ્નવીને તો એ ઓળખતો જ નથી. એણે કશું કહ્યા વગર જ મુખ્ય દરવાજા તરફ ચાલવા માંડ્યું. જતાં જતાં એક ક્ષણ માટે દરવાજાની વચ્ચે ઊભા રહીને એણે કહ્યું, 'વૈશ્નવી! આઈ એમ સૉરી!'

'રિયલી?' વૈશ્નવીએ શરાબનો પહેલો ઘૂંટ પીને જે સૂરમાં પૂછ્યું એ પછી માધવ ત્યાં ઊભો રહી શકે એમ નહોતો. એ સડસડાટ ઘરની બહાર નીકળી ગયો. વૈશ્નવીએ એક ઘૂંટડામાં ગ્લાસ પૂરો કર્યો, બારના કાઉન્ટર પર એણે ગ્લાસ મૂક્યો, 'રિફીલ પ્લીઝ!' કબીરે સહેજ અચકાઈને બીજો પેગ બનાવ્યો. એ ગ્લાસમાં શરાબ ભરતો હતો ત્યાં સુધી વૈશ્નવી અપલક નજરે એની સામે જોતી રહી. વૈશ્નવીની એ ખૂંપી જાય એવી, આરપાર વીંધી નાખે એવી નજરથી કબીર સહેજ અસહજ થઈ ગયો. એનો હાથ ધ્રૂજ્યો, શરાબ સહેજ ઢોળાઈ, વૈશ્નવી હસી... 'વેલડન, મિસ્ટર કબીર નરોલા. હું અત્યાર સુધી એમ માનતી હતી કે, દુનિયાની કેટલીક વસ્તુઓ પૈસાથી ન ખરીદી શકાય, પણ તમે આજે મને ખોટી પાડી. તમે વૈશ્નવીને ખરીદી લીધી અને એ પણ માત્ર પાંચ કરોડ રૂપિયામાં!' એણે શરાબનો ગ્લાસ ઉપાડીને ફરી એકવાર એક જ ઘૂંટડામાં પૂરો કર્યો. ફરી બારના કાઉન્ટર પર ગ્લાસ મૂકીને એણે કહ્યું, 'રિફીલ?'

'તું તો શરાબ નહોતી પીતી...' કબીરથી રહેવાયું નહીં.

'હંમમ્.' વૈશ્નવીએ ડોકું ધૂણાવ્યું, 'જ્યાં



**કબીર જોરજોરથી બૂમો પાડતો રહ્યો, 'સમજાય છે તને? મારો બાપ મરી ગયો, તારે કારણે!' એની આંખોમાંથી આંસુ વહેતાં રહ્યાં, 'મીડિયાએ ન્યૂઝ ચગાવ્યા, કંપનીના શેરના ભાવ પડી ગયા!'**

સુધી મયૂર પારેખની દીકરી અને માધવ દેસાઈની પત્ની હતી ત્યાં સુધી નહોતી પીતી. હવે તો બજારુ વસ્તુ થઈ ગઈ છું. એકે વેચી, એકે ખરીદી...' કહીને એણે ફરી ગ્લાસ ઉઠાવીને કાઉન્ટર પર જરા જોરથી મૂક્યો, 'રિફીલ... પ્લીઝ!'

'ગો સ્લો... આટલી બધી શરાબ એકસામટી... તું પાસઆઉટ થઈ જઈશ.' કબીરે સહેજ ચિંતા અને લાગણી સાથે કહ્યું.

'એ જ તો આઈડિયા છે. એકવાર બેહોશ થઈ જાઉં પછી તારે મારી સાથે જે કરવું હોય એ કરી લે, કારણ કે હોશમાં હોઈશ ત્યાં સુધી તો હું તને અડવા પણ નહીં દઉં... પાંચ કરોડ રૂપિયાની વસ્તુ પૂરેપૂરી વસૂલ તો કરવી પડશે ને? તારા જેવા વેપારીને ખોટનો સોદો તો પોસાશે નહીં...' કબીર સાંભળતો રહ્યો, 'કે પછી હું મારી મરજીથી, ઈચ્છાથી એક પછી એક વસ્ત્રો ઉતારું, તને રિઝાવું, તારી એક એક ફેન્ટસી પૂરી કરું એ માટે પૈસા ખર્ચ્યા છે... એમ હોય તો...' વૈશ્નવીએ સાડીનો પાલવ કાઢી નાખ્યો.

એના શરીરના કમનીય વળાંકો, પાતળી કમર અને બ્લાઉઝમાંથી દેખાતા હળવા ક્લિવેજથી કબીર એક ક્ષણ માટે મોહિત થઈ ગયો. પછી તરત એણે નજર ફેરવી લીધી, 'સ્ટોપ ધીસ નોનસેન્સ.' એનાથી ઊંચા અવાજે કહેવાઈ ગયું, 'તું એક સારા ઘરની, કલ્ચર્ડ છોકરી છે.'

'એમ?' ફટાફટ પીવાઈ ગયેલા બે પેગે અસર કરવા માંડી હતી. વૈશ્નવીનો અવાજ સહેજ લસર્યો, 'સારા ઘરની છોકરીઓ પાંચ કરોડમાં વેચાતી નથી ને સારા ઘરના છોકરાઓ છોકરીઓને ખરીદતા પણ નથી.' એ હસી, 'તો હું સારા ઘરની નથી ને તું પણ...' એણે કાઢી નાખેલો પાલવ જમીન પર જ રહેવા દીધો. સાડીની પાટલી ખોલવાની તૈયારી કરવા માંડી. કબીર બારની પાછળથી આગળ આવી ગયો. એણે વૈશ્નવીના હાથ ત્યાં જ રોકી દીધા, 'ઓહ! તારે ખોલવી છે?' વૈશ્નવીએ બંને હાથ ઊંચા કરી દીધા.

'શું કરે છે?' કબીરે ચહેરો ફેરવી લીધો. નીચે પડેલો પાલવ વૈશ્નવીના ખભે નાખ્યો, 'વ્હાય આર યુ મૅકિંગ ઈટ સો ડર્ટી?'

'બીકોઝ ઈટ ઈઝ ડર્ટી... આનાથી ગંદું કશું હોઈ શકે જ નહીં, કબીર નરોલા.' વૈશ્નવીની આંખો કબીરને આરપાર વીંધી રહી હતી, 'મેં શું બગાડ્યું હતું તારું કે માધવે પણ તને ક્યાં નુકસાન કર્યું? એ તો તારા વખાણ કરતાં થાકતો નહોતો. માધવ તો ભગવાન સમજતો હતો તને.' વૈશ્નવીને ડૂમો ભરાઈ ગયો હતો.

'નથી, હું ભગવાન...' કબીરનો અવાજ એટલો ઊંચો થઈ ગયો કે, વૈશ્નવી હબકી ગઈ, 'મારે ભગવાન બનવું પણ નથી. એક સીધો સાદો માણસ હતો હું. પ્રેમ કરતો હતો તને.' હવે કબીરના અવાજમાં પણ એના આંસુની ખારાશ ભળી ગઈ, 'લગ્ન કરવાં હતાં તારી સાથે. મારા ફાધર માગું લઈને આવ્યા હતા. તારા પપ્પાએ હા પાડી, એટલે અમે જાન લઈને આવ્યા હતા, પણ તું તો ભાગી ગઈ. આ માધવ સાથે, જે તને હમણાં થોડીવાર પહેલાં અહીંયા મૂકી ગયો.' કબીરને લાગ્યું કે

એ સંયમ ખોઈ બેસશે. એનો ગુસ્સો એટલો ઊભરાતો હતો કે, એ વૈશ્નવીને નુકસાન કરી બેસશે એવો એને પોતાને ભય લાગ્યો. એ વૈશ્નવીથી દૂર ખસી ગયો. એની આંખોમાં ઝળઝળિયાં હતાં. 'તેં ના પાડી હોત તો અમને કોઈ પ્રોબ્લેમ નહોતો. ઈગો પર આવીને કંઈ તને ઉપાડી ના જાત, પણ તેં તો હા પાડીને છેતર્યા. અમારા સન્માન, પ્રતિષ્ઠા અને મારા પપ્પા, બધું ગયું.' કબીરની આંખો ઊભરાઈ. ક્યારનો રોકી રાખેલો ડૂમો હવે વહી નીકળ્યો, 'મારા પપ્પાને ત્યાં જ હાર્ટ-ઍટેક આવ્યો. મરી ગયો એ માણસ. આઈ લોસ્ટ માય ફાધર, એ જ વખતે તું આની સાથે પરણી. આ? જેણે તને પાંચ કરોડ માટે વેચી નાખી? એક વાત સાંભળી લે, પાંચ કરોડ રૂપિયા ચૂકવ્યા પછી પણ મારે સ્પર્શ પણ નથી કરવો તને. ફિલ્મની એ ગ્રેડ હીરોઇન કે વિદેશી રૉકસ્ટાર, ટોપ મૉડેલથી શરૂ કરીને મિસ યુનિવર્સ સુધી હું જેને બોલાવવા માગું એને બોલાવી શકું એટલી તાકાત છે મારી! માત્ર પૈસાથી નહીં, મારા ચાર્મથી, પર્સનાલિટીથી અને મારા પૌરુષથી આકર્ષી શકું એમ છું, કોઈ પણ સ્ત્રીને! પૈસા વસૂલ કરવામાં રસ નથી મને... તને તો આજે એટલા માટે બોલાવી છે... સૉરી! ખરીદી છે, જેથી તને સમજાવી શકું કે જેને માટે તેં મારું, મારા પિતાનું, અમારા પરિવારનું અપમાન કર્યું એ માણસ તારું અપમાન કરીને તને મારી જ પાસે મૂકીને ચાલી ગયો...' કબીર એકસરખું બોલી રહ્યો હતો. વૈશ્નવી થોડી નશામાં હતી, એ કબીરની વાતોથી હતપ્રભ થઈ ગઈ હતી. ડઘાયેલી વૈશ્નવી પહોળી આંખે એને સાંભળી રહી હતી. અત્યારે કબીર જે કંઈ કહી રહ્યો હતો એ વિશે એણે કોઈ દિવસ વિચાર્યું જ નહોતું. જે કબીર એની નજરમાં એક વિલન, એક વુમનાઇઝર, સ્ત્રીને ખરીદી શકતો એક અહંકારી પુરુષ હતો, એ અત્યારે જે કંઈ કહી રહ્યો હતો એ સાંભળી રહેલી વૈશ્નવીને કબીર પ્રત્યે સહાનુભૂતિ અને પોતાના પ્રત્યે તિરસ્કાર થઈ આવ્યો. એના એક અવિચારી પગલાંએ કેટલા લોકોની જિંદગી બરબાદ કરી હતી, એ વિચાર વૈશ્નવીને છેક ઊંડે સુધી વીંધી રહ્યો હતો.

કબીરે આગળ કહ્યું, 'તને શું લાગે છે? મારે માટે છોકરીઓની કમી હતી? તને અમદાવાદમાં એક લગ્નમાં જોઈ હતી... 'ને હું મૂર્ખ હતો કે, તારી પાછળ પાગલ થઈ ગયો. અઠવાડિયામાં બે વાર, ત્રણ વાર મારું ચાર્ટર્ડ વિમાન લઈને અમદાવાદ આવતો, ફક્ત તને જોવા! તારા સુધી આવીને મારા દિલની વાત કહેવાની હિંમત નહોતી મારામાં... કદાચ, તું ના પાડી બેસે એ ડરથી કદી તારા સુધી આવી શક્યો જ નહીં.' એ વૈશ્નવીની નજીક ધસી આવ્યો. અજાણતાં જ ઉશ્કેરાટમાં એણે વૈશ્નવીનો હાથ પકડી લીધો, 'ટ્રસ્ટ મી, મને સહેજ પણ ખબર હોત કે તું માધવના લફરામાં છે તો કોઈ દિવસ તારી જિંદગીમાં વચ્ચે આવ્યો ન હોત! હું અમદાવાદ જતો હતો એ વાત મારા પપ્પાને ખબર પડી. એકનો એક દીકરો પ્રેમમાં પાગલ હતો એટલે એમણે માગું નાખ્યું મયૂરભાઈ પાસે... પપ્પાએ તો આગ્રહ રાખ્યો હતો કે, આપણે બંનેએ મળવું જોઈએ, પણ તારા પપ્પાએ ના પાડી. એમણે કહ્યું કે, તેં હા પાડી છે... તારા પપ્પાના વર્ડ પર આટલા બધા પ્રતિષ્ઠિત લોકોને લઈને બે ચાર્ટર્ડ વિમાન કરીને મારા પિતા પોતાનો એકનો એક દીકરો પરણાવવા જામનગર આવ્યા હતા.' કબીર વિક્ષિપ્તની જેમ હસવા લાગ્યો, 'મૂરખ! હું પણ ને એ પણ... અમને તો ત્યાં પહોંચીને ખબર પડી કે, થનારી નવવધૂ તો ભાગી ગઈ છે. આટલા બધા લોકોને શું કહેવું એ સમજાયું નહીં, એ પ્રેશરમાં એમને હાર્ટ-ઍટેક આવ્યો... હી ડાઇડ.' કબીર જોરજોરથી બૂમો પાડતો રહ્યો, 'સમજાય છે તને? મારો બાપ મરી ગયો, તારે કારણે!' એની આંખોમાંથી આંસુ વહેતાં રહ્યાં, 'મીડિયાએ ન્યૂઝ ચગાવ્યા, કંપનીના શેરના ભાવ પડી ગયા! પાર્ટીમાં, બિઝનેસમાં બધે મજાકનું સાધન બની ગયો, હું. લોકો મને જોઈને હસતા... જે છોકરીઓને મેં રિજેક્ટ કરી હતી એ બધી છોકરીઓએ એક યા બીજી રીતે મને અહેસાસ કરાવ્યો કે મારી સાથે જે થયું એ સારું થયું.' અત્યાર સુધી પકડી રાખેલો હાથ કબીરે ઝટકાથી છોડ્યો, 'હવે સમજાય છે અપમાન કોને કહેવાય? અહીં ચાર દીવાલોની વચ્ચે હું ખરીદીને તને બોલાવું ને સવારે પાછી મોકલી દઉં... એ વાતની જાણ આપણાં ત્રણ સિવાય કોઈને નહીં થાય, પણ મારી તો ફજેતી થઈ ગઈ. આખી દુનિયાને જાણ થઈ ગઈ કે, હું જાન લઈને પરણવા ગયો હતો અને મારી થનારી પત્ની ભાગી ગઈ...' એણે વૈશ્નવીને ખભેથી પકડીને હચમચાવી નાખી, 'અપમાન એને કહેવાય, મિસિસ વૈશ્નવી માધવ દેસાઈ! એને કહેવાય અપમાન...' કબીરે બાર પર પડેલી બ્લ્યૂ લેબલની બોટલ ઉઠાવીને મોઢે માંડી, ચાર-પાંચ મોટા ઘૂંટડા ગટગટ પી ગયા પછી એણે વૈશ્નવીના ગ્લાસમાં શરાબ ભરીને એના હાથમાં ગ્લાસ પકડાવ્યો, 'પી! તારે જેટલી શરાબ પીવી હોય એટલી પી. તું હોશમાં રહે કે બેહોશ થઈ જાય, હું તને હાથ પણ નહીં લગાડું. આઈ પ્રોમિસ.' કહીને એ જમીન પર બેસી ગયો, પગ લાંબા કરીને મોટા અવાજે રડવા લાગ્યો, 'તારે લીધે... બધું તારે લીધે થયું. મારે તને એટલું જ સમજાવવું હતું... જેને માટે તેં મને તરછોડ્યો, એ... તારો માધવ, તને પાંચ કરોડ રૂપિયા માટે કોઈ પારકા પુરુષને ત્યાં મૂકીને બેશરમ, નફ્ફટની જેમ ચાલી ગયો... હવે, બેસીને વિચારજે! તેં જેના માટે બધું છોડ્યું, એણે તને છોડી દીધી... આને કહેવાય કર્મનું ફળ!' હાથમાં પકડેલી બ્લ્યૂ લેબલની બોટલ કબીરે દીવાલમાં છૂટી ફેંકી. બોટલ દીવાલમાં અથડાઈ, તૂટી નહીં, પણ જમીન પર શરાબ ઢોળાયો. કબીર કોઈ વિક્ષિપ્ત માણસની જેમ જોરજોરથી હસતો રહ્યો, વચ્ચે વચ્ચે રડતો રહ્યો...

જામનગરથી ભાગી ગયા પછી શું બન્યું એ વિશે તદ્દન અજાણ વૈશ્નવી આ બધું સાંભળ્યા પછી પોતે કરેલા ઉતાવળિયા નિર્ણયનો અફસોસ કરતી, હાથમાં શરાબનો ગ્લાસ પકડીને ઊભી હતી. એની નજર સામે દરવાજાની બહાર જઈ રહેલા માધવની પીઠ કોઈ ફિલ્મના દૃશ્યની જેમ વારેવારે દેખાતી રહી ને બીજી તરફ, કબીરનું રુદન, એનું અટ્ટહાસ્ય વૈશ્નવીને ભીતરથી વલોવી રહ્યું હતું.

• • •

વૈશ્નવીને મૂકીને બહાર નીકળેલો માધવ પોતાની ગાડીમાં બેઠો. એનું મન વૈશ્નવીને પાછી લઈ આવવા તરફડતું હતું. કબીર હવે પોતાની પત્ની સાથે શું કરશે એ સવાલનો જવાબ માધવ પોતાની જાતને આપતા પણ ડરતો હતો...

એ ગાડી લઈને કબીરના બંગલાના ગેટની બહાર નીકળ્યો... પણ, ઘરે ન જઈ શક્યો. એણે ગેટની બાજુમાં જ ગાડી પાર્ક કરી દીધી અને સવાર સુધી અહીં જ પ્રતીક્ષા કરવાનું નક્કી કર્યું.

એ આખી રાત વૈશ્નવી, માધવ અને કબીરમાંથી કોઈ એક ક્ષણ માટે પણ ઊંઘી શક્યું નહીં. એક અપરાધભાવમાં ગ્રસ્ત, બીજો વેરના અગ્નિમાં સળગતો અને ત્રીજો સ્વયંને ધિક્કારતો, જાત માટે છલોછલ નફરતથી ભરેલો... ત્રણેય જણાં પોતપોતાનાં મનની પીડામાં તરફડતાં રહ્યાં.

(ક્રમશઃ)

## હેન્ડ વોશ વાપરવું જોઈએ કે હેન્ડ સેનિટાઇઝર?



કોવિડ મહામારી દરમિયાન લોકોને હેન્ડ સેનિટાઇઝર વિશે ખ્યાલ આવ્યો. ત્યાં સુધી મેડિકલ જગતમાં હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ થતો હતો, પરંતુ સામાન્ય લોકોને હેન્ડ સેનિટાઇઝર વિશે ખાસ કશો ખ્યાલ નહોતો. કોરોના મહામારીના કારણે હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ વધ્યો. સાથે જ હાથ સ્વચ્છ રાખવા માટે તેને વારંવાર પાણીથી ધોવાનું ચલણ પણ વધ્યું. સ્વાસ્થ્યની જાળવણી માટે હાથને સમયાંતરે પાણીથી સાફ કરતાં રહેવું જરૂરી છે. બાળકો નાનાં હોય ત્યારથી તેમને આ સમજ આપવામાં આવે છે. જોકે કેટલાક લોકો આળસના કારણે આ સારી આદતને અનુસરતા નહોતા. આખરે કોવિડ મહામારીએ ફરીથી આ સારી આદત પ્રચલિત કરી. જોકે હવે જે મુદ્દો છેડાયો છે તે એ છે કે હાથને સ્વચ્છ રાખવા માટે હેન્ડ વોશ સારા કે હેન્ડ સેનિટાઇઝર? દર વર્ષે ૧૫ ઓક્ટોબરના રોજ હેન્ડ હાઇજિન ડેની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૮થી ચાલી આવતી આ ઉજવણીનો આ વર્ષનો મુદ્દો એ હતો કે હેન્ડ વોશ કરવા જોઈએ કે હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરવો જોઈએ. ઘણા લોકોને વારંવાર સાબુ કે લિક્વિડથી હાથ ધોવાનું પસંદ નથી હોતું. તેમને ઘણીવાર હથેળીમાં ખંજવાળ આવવી, હથેળી બરછટ થઈ જવી જેવી સમસ્યાઓ સતાવતી હોય છે. તેમના માટે હેન્ડ સેનિટાઇઝર ઉપલબ્ધ છે. જોકે વારંવાર હેન્ડ સેનિટાઇઝ કરવા યોગ્ય છે કે નહીં, તે મુદ્દો છે. હેન્ડ સેનિટાઇઝરમાં આલ્કોહોલનો ઉપયોગ કરવામાં આવે છે. સિત્તેર ટકા આલ્કોહોલ હોય તેવા સેનિટાઇઝર જ હાથમાં રહેલા કીટાણુઓને મારે છે અને હાથ સ્વચ્છ કરે છે. તેથી નિષ્ણાતોનું માનવું છે કે હેન્ડ વોશ કરવા સૌથી શ્રેષ્ઠ આદત છે. જો વારંવાર સાબુ કે લિક્વિડનો ઉપયોગ ન કરવો હોય તો વાંધો નહીં, પરંતુ પાણીથી પણ સમયાંતરે હેન્ડ વોશ કરવા જોઈએ અને જ્યાં પાણી ઉપલબ્ધ નથી અથવા હેન્ડ વોશનો વારંવાર ઉપયોગ નુકસાન કરે છે એવા લોકોએ હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરવો જોઈએ. ટૂંકમાં, વાત એટલી છે કે મુદ્દો ભલે છેડાયો હોય હાથ સ્વચ્છ રાખવા જોઈએ, જેથી સ્વાસ્થ્ય સંપન્ન રહી શકાય. ■

## મોબાઇલ - ઇ-મેઇલ પછી હવે સપનામાં સફળ થઈ સંદેશા મોકલવાની શોધ

દુનિયાની જુદી-જુદી સભ્યતાઓમાં વ્યક્તિને આવતાં સપનાંને લઈને જુદાં-જુદાં અર્થઘટનો કરનારાં શાસ્ત્રો ઉપલબ્ધ છે. વ્યક્તિનાં સપનાંમાં જે ઘટના ઘટિત થઈ હોય તેનું કારણ શું છે અથવા શું હોઈ શકે તેને લગતી વિવિધ માહિતીઓ ઉપલબ્ધ છે. ઘણીવાર કોઈ ઘટના ઘટે તો વ્યક્તિને એવો ભાસ થતો હોય છે કે કદાચ આ ઘટના તો મેં સપનામાં જોઈ હતી. મારા સપનામાં આવું જ કાંઈક આવ્યું હતું. ટૂંકમાં, ભૂતકાળમાં બનેલી ઘટનાઓ તો સપનામાં આવે એ ઘણીવાર ઘણી વ્યક્તિઓ સાથે થતું હોય છે, પરંતુ અમુક લોકો અને સપનાંનું અર્થઘટન કરનારાં શાસ્ત્રો અનુસાર વ્યક્તિનાં સપનાંમાં ઘટતી ઘટનાઓ ભવિષ્યમાં બનેલી ઘટનાઓનો અણસાર પણ આપતી હોય છે. સપનાંના જ અનુસંધાનમાં કેલિફોર્નિયા સ્થિત રેમસ્પેસ નામના સ્ટાર્ટઅપના વિજ્ઞાનીઓએ એક નવી શોધ કરી છે. આ શોધ સપનાં સાથે જોડાયેલી છે. આ શોધ અનુસાર બે જુદાં-જુદાં સ્થળે રહેલી વ્યક્તિઓ પર



સપનાંના માધ્યમથી વાત કરવાનો પ્રયોગ કરવામાં આવ્યો અને વિજ્ઞાનીઓને આ પ્રયોગમાં સફળતા મળી છે. રેમસ્પેસના શોધકર્તાઓએ આ શોધ માટે ઉપકરણની મદદથી બે જુદી-જુદી વ્યક્તિના દિમાગના તરંગોનો ડેટા ટ્રેસ કર્યો. સપનાં દ્વારા થતી સંદેશાની આપ-લેનો ડેટા પણ ટ્રેસ કરવામાં આવ્યો. શોધકર્તાઓનું માનવું છે કે, ભવિષ્યમાં આ શોધ વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય માટે મદદરૂપ થશે.

સપનાં આવવા એ સાહજિક ઘટના છે. ગાઢ નિદ્રામાં આવેલાં સપનાં આપણને યાદ નથી રહેતાં અથવા ગાઢ નિદ્રા લેનારી વ્યક્તિઓને કેટલીક વાર સપનાં જ નથી આવતાં. ક્યારે રાત પડી અને ક્યારે સવાર થઈ એ ખ્યાલ નથી રહેતો. જોકે સપનાંના સંદર્ભમાં થયેલી આ શોધથી સંદેશાની આપ-લેને કારણે કેટલી મદદ મળશે તે તો સમય જ બતાવશે, પરંતુ સતત ઘોંઘાટ અને અવાજની વચ્ચે ઘેરાયેલી રહેતી આજની પેઢીને સપનાંમાં પણ વાતચીતના કારણે વ્યક્તિની અનિદ્રાને લગતી સમસ્યાઓ ઊભી ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું પડશે. ■

**-કાદમ્બરી**

**પેલાં એની દવા આવશે સ્ટોરમાં**
**આ નગરમાં પછી માંદગી આવશે.**

**–મુકેશ પરમાર 'મુકુંદ'**




કંપની રીટેલ આઉટલેટ ● અમદાવાદ સીટી :- ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
કંપની રીટેલ આઉટલેટ ● રાજકોટ સીટી :-'યુનિટી પ્લસ', સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000
ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ; જવાહર રોડ : 0281-2222700/800 ; રૈયા રોડ : 97125 72000, 97125 73000
● શાપર : 97273 83000/84000/85000

SMART BAZAAR | big basket
પર પણ ઉપલબ્ધ

R.NO. MNW/280/2024-26 Valid Up To 31-12-2026 RNI No. 43840/86 Licence To TECH/RO/AHD/LPWP/Misc./2024-26 Post At PSO. AHD-380 002
on Saturday 26-10-2024. Published Every Friday & Saturday From:- Sambhaav Media Ltd. Opp Chief Justice Bunglow Ahd-380015

